

જૈન દર્શનમાં

# કર્મવાદ

-ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન

# જૈનદર્શનમાં કર્મવાદ

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રકાશક :
કમલ પ્રકાશન
૫૦૮૨/૨ બીજે માળે
ગાંધી રોડ
અમદાવાદ–૧

લેખક પરિચય :
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ
આ. ભગવન્તશ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજા સાહેબશ્રીના વિનેય મુનિશ્રી
ચન્દ્રશેખરવિજયજી

મૂલ્ય
૧-૫૦

પ્રથમ સંસ્કરણ : નકલ ૫૦૦૦
વિ. સં. ૨૦૨૪ વસંત પંચમી

સર્વાધિકાર સુરક્ષિત

મુદ્રક :
જયંતિલાલ સી. શાહ
આચાર્ય પ્રિન્ટીંગ પ્રેસ
પાણી દરવાજા માર્ગ – વડોદરા

# પ્રકાશકીય

કમલ પ્રકાશન ( પબ્લિક ટ્રસ્ટ ) બે કાર્યો કરે છે.

(૧) પ્રાચીન જૈનશાસ્ત્ર ગ્રન્થોનો થતો વિનાશ અટકાવીને આ ગ્રન્થોનું પુનર્મુદ્રણ કાર્ય કરીને એમનું આયુષ્ય વધારી દેવાનું પહેલું મંગળમય કાર્ય.

પ. પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રશેખરવિજયજીની સંપૂર્ણ દેખરેખ નીચે આ કાર્યો અમે ઝડપી વેગથી કરી રહ્યા છીએ.

જેમ જેમ અમને જ્ઞાનખાતાની સંઘગત કે વ્યકિતગત રકમો મળે છે તેમ તેમ અમે શાસ્ત્રગ્રન્થોનું પુનર્મુદ્રણ કાર્ય કરતા રહીએ છીએ. આજ સુધીમાં અમે ઉપદેશ રહસ્ય (સંસ્કૃત) ગ્રન્થ ( મૂ. રૂ. ૧૦–૦૦ પો. ખર્ચ જુદો ) તથા ઉપમિતિ ભવપ્રપંચા કથા ( સંસ્કૃત ) નો પ્રથમ વિભાગ (મૂ. રૂ. ૧૫–૦૦) પ્રકાશિત કર્યા. હવે પછી તેના દ્વિતીય વિભાગનું પુનર્મુદ્રણ કાર્ય આરંભવાની અમારી મંગળ ભાવના છે.

આ આયોજનથી અમે બે વિશિષ્ટ લાભો જોઈ રહ્યા છીએ.

(૧) શાસ્ત્રગ્રન્થોને જીવનદાન

(૨) જ્ઞાનદ્રવ્યની અઢળક રકમના ભાવી શક્ય દુરુપયોગનું નિવારણ અને એનો સુંદરમાં સુંદર વિનિયોગ.

જ્ઞાનખાતાના વહીવટદારોને અમારી વિનંતિ છે કે તેઓ આ સંસ્થા માટે જ્ઞાનખાતાની વધુમાં વધુ રકમ ફાળવી આપે.

(૨) અદ્યતન શૈલિમાં જૈનધર્મના શાસ્ત્રીય ચિંતનને પુસ્તકો દ્વારા કમલ પ્રકાશન આપની સમક્ષ રજૂ કરે છે. આ સાહિત્ય :–

- આપણાં બાળકોમાં માનવતાની સુવાસ મહેકાવે છે
- યુવકોમાં સદાચારનો પ્રેમ પ્રગટાવે છે.
- પ્રૌઢોને આધ્યાત્મિક જીવનના પૂજારી બનાવે છે.
- આપણી પૂજ્ય સંસ્થાને અદબભરી વિનંતિ રજૂ કરે છે.

બીજાં ઘણાં ઘણાં પુસ્તકો લખાઈને તૈયાર પડ્યાં છે પરંતુ પુસ્તકોમાં રોકાણ પામતાં નાણાંભંડોળના અભાવે ઝડપી ગતિથી એનું પ્રકાશન થઈ શકતું નથી અમારી સંસ્થા આપની પાસે ભવ્ય ઉદારતાની અપેક્ષા રાખે છે. એ માટે એક યોજના અહીં રજૂ કરે છે એ યોજના દ્વારા આપ અમારી સંસ્થાના કુટુંબીજનો અવશ્ય બની શકો એ હેતુથી આ સંસ્થાનું પબ્લીક ટ્રસ્ટ (રજી. નં. ઈ ૧૫૪૧) પણ કરવામાં આવ્યું છે; આથી બંધારણની કલમ ૧૫ B મુજબ દાનવીરોને કરમુક્તિનો લાભ પ્રાપ્ત થઈ શકે છે.

### યોજના

| | |
|---|---|
| રૂ. ૧૧૦૦૧ શ્રુતસમુદ્ધારક | રૂ. ૨૫૦૧ શ્રુતભક્ત |
| રૂ. ૫૦૦૧ શ્રુતરક્ષક | રૂ. ૧૦૦૧ શ્રુતાનુરાગી |

સંસ્થા તરફથી પ્રકાશિત થનારાં તમામ અર્વાચીન પુસ્તકોમાં અમારી સંસ્થાના કુટુંબીજન તરીકે અમે આપનો ઉલ્લેખ કરીશું. આપને અમારી સંસ્થાનાં આજ સુધીમાં પ્રકાશિત થયેલાં તમામ અર્વાચીન પુસ્તકો ભેટ કરીશું. વિશેષ માહિતી માટે આવેદન પત્રો મંગાવી લો.

### પ્રકાશિત પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| સાધનાની પગદંડીએ | ૨=૦૦ | ગુરુમાતા | ૨=૦૦ |
| શરણાગતિ | ૨=૦૦ | વિરાટ જાગે છે ત્યારે | ૨=૦૦ |
| વિરાગની મસ્તી | ૧=૦૦ | વંદના | ૨=૦૦ |
| ઊંડા અંધારેથી... | ૧=૦૦ | મહાપંથનાં અજવાળાં | ૨=૦૦ |
| અધ્યાત્મસાર | ૫=૦૦ | જૈન દર્શનમાં કર્મવાદ | ૧=૫૦ |

–ટ્રસ્ટી મંડળ

અર્વાચીન પ્રકાશન વિભાગમાં

## અમારી સંસ્થાના કુટુંબીજનો

શેઠશ્રી શાન્તિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કમલ પ્રકાશનને ઝડપી પ્રકાશન બનાવવા માટે જે વિશિષ્ટ સહાય મળી છે તેને અત્રે અમે કૃતજ્ઞતાથી યાદ કરીએ છીએ.

**શ્રુતસમુદ્ધારક : રૂા. ૧૧૦૦૧**

- શેઠશ્રી શાન્તિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ

**શ્રુતાનુરાગી : રૂા. ૧૦૦૧**

- શ્રી માંડલિકભાઈ જે. ઝવેરી
- શ્રી સુબોધચન્દ્ર લાલભાઈ
- શ્રી કવરલાલ હીરાલાલ પારેખ

# વિકાસનું મહાભિયાન

પ્રકાશ અને અંધકાર.

આ બે સિવાય વનમાં કે ઉપવનમાં, જગતમાં કે જીવનમાં બીજું કયું તત્ત્વ અસ્તિત્વ ધરાવે છે? ના... કોઈ જ નહિ.

પ્રકૃતિની ગોદમાં પ્રકાશ અને અંધકાર જ સંતાકૂકડી રમે છે.

મર્ત્યલોકના માનવોના જગતમાં ય એ જ બે — વારાફરતી — આવ્યા કરે છે; સનાતન કાળથી.

અને...એ માનવના જીવનમાં ય પ્રકાશ અને અંધકારમાંથી જ કોઈને કોઈ જોવા મળ્યા કરે છે.

આપણે માનવ જીવનના પ્રકાશ અને અંધકારની અહીં વાત કરીશું.

કાળી માઝમ રાત. કજ્જલશ્યામ અંધકાર.[1]

થાકયો પાકયો જે કોઈ સ્પર્શ્યો છે આ અંધકારને...એ ઘસઘસાટ ઊંઘ્યો છે. આજે પણ ભીષણ અંધકાર યુગનો માનવગણ ઘરરરર...ઘરરરર નસકોરાં બોલાવતો ઊંઘી જ રહ્યો છે.

ગાઢ નિદ્રા! સ્વપ્નવિહોણી કુંભકર્ણ નિદ્રા!

અંધકાર યુગના એ કુંભકર્ણને જગાડવા ગમે તેટલો કોઈ ઢંઢોળે; કાને જઈને રાડ પાડે; પણ તે ન ઊઠે તે ન જ ઊઠે.

ન ઊઠતો આવો અઘોરી માનવ એ અંધકારયુગનો અવ્વલ કુંભકર્ણ છે.

પણ...

પણ સમય ચાલ્યો જ જાય છે. પળ પળનાં જળ કાળરાજની અંજલિમાંથી ટપકતાં જ રહે છે. ટપ...ટપ...ટપ. અને... પ્હો ફાટે છે.[2]

અંધકારયુગનો અઘોરી માનવ ઘોર નિદ્રાની ગોદમાં ઊંઘી લઈને પોતાનો થાક ઓછો કરે છે. હવે ગાઢ નિદ્રા સ્વપ્નવતી બને છે.

---

૧ ઘોર મિથ્યાત્વ – અનાદિ મિથ્યાત્વ

૨ મંદ મિથ્યાત્વ – માર્ગાનુસારીભાવની પ્રાપ્તિ

નિદ્રાધીન એ માનવ ખ્વાબની દુનિયામાં લટાર મારવા નીકળી પડે છે.

સુંદર મજાનાં છે સ્વપ્નો... એક એકથી ચઢિયાતાં... પણ સ્વપ્ન એ સ્વપ્ન જ છે. સત્ય એ સત્ય જ છે. સ્વપ્નના આગાખાન પેલેસ કરતાં સત્યની નાનકડી પર્ણકુટિર ઘણી જ આવકારદાયિની.

પ્હો ફાટયાના સમયનો આ સ્વપ્નદૃષ્ટા એની નજરે પસાર થતાં જતાં સ્વપ્નોને સ્વીકારી લે છે સત્ય, પોતાના દિમાગથી; એને આલિંગન દે છે ઊછળતા દિલથી. ખ્વાબની દુનિયાનો એ રાજા ઘડીભર તો મસ્તાન બની જાય છે.

પણ સ્વપ્ન એ સ્વપ્ન છે. સત્ય એ સત્ય છે. બેનો અભેદ કદી ન થઈ શકે.

નહિ તો પછી સ્વપ્નના લાડુથી જ પેટ ન ભરાઈ જાય ? સ્વપ્નની આગથી મકાન સળગી ન જાય ?

નિમિત્તજ્ઞો કહે છે કે સ્વપ્ન પણ અમુક કાળે સત્ય બની શકે છે... આ એક મોટો આશાવાદ તો ખરો જ.

કાળરાજની અંજલિમાંથી પળ પળનાં જળ ધરતી ઉપર ઢળતાં જ જાય છે. અને... પરોઢ થાય છે.[૩]

સ્વપ્નસ્થ માનવ જાગ્રત થાય છે. જાગૃતિ એ જ જીવન. નિદ્રા એ મરણ.

'કૂકડે...કૂક'ના મધુર સૂરોથી કૂકડો જાગૃતિનાં મંગળ વધામણાં દે છે.

માનવનો અઘોર અંધકાર યુગ પૂર્ણ થયો.

પ્રકાશ યુગનો આરંભ થયો.

સ્વપ્નોની દુનિયાની સરહદ વટાવી ગએલો માનવ આંખો ખોલે છે; ચોળે છે ; મટમટાવે છે. એ નવી જ દુનિયા જુએ છે. સ્વપ્નની મહેલાતો અલોપ થઈ જાય છે. સત્યની દુનિયાની ચાર દિવાલો, પરમાત્માનો ફોટો, બારી બારણું, વગેરે દેખાય છે.

તનમનને ગલગલિયાં બોલાવી દે તેવી ગાદી[૪] ઉપર હજી એ માનવ ઉઘાડી આંખે સૂતો છે.

---

૩ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ.

૪ સંસારમાં વસવાટ.

જાગેલો...છતાં સૂતો છે.

આંખે આંખ સત્યને નિહાળે છે. એને ના કબૂલવા મથતા મનને એક જોરદાર થપાટ લગાવે છે. બીજી જ પળે એ મન સત્યની વસમી કબુલાતને કબૂલી લે છે.

પણ...

પણ કોણ જાણે કેમ ? હજી તન તો એ ગાદીમાં જ પડ્યું છે.

કેવો વિસંવાદ !

માનવ જાગ્યો છતાં સૂતો રહ્યો છે !

પણ...થોડી જ પળો જાય છે. અને એકાએક પેલો માનવ બેઠો થઈ જાય છે.[૫] આંખો ચોળે છે, બગાસાં ખાય છે...આળસ મરડીને કાંઈક સ્વસ્થ થઈ જાય છે.

પણ...હજી સંતોષ થતો નથી. જાગતો માણસ ભલે હવે સૂતો નથી. પણ બેસી કેમ રહ્યો છે ! જાગતો અને છતાં બેસી રહેલો ? અડધો જ ઊઠ્યો !!!

પરોઢની જ પળોનાં જળ હજી ટપકયે જાય છે, કાળરાજની અંજલિમાંથી ટપ...ટપ...ટપ.

અને...બેસી રહેલો જાગ્રત માનવ સફાળો ઊભો થઈ જાય છે.[૬] તન મનને ગલગલિયાં કરાવી દેતી ગાદીનો એ પરિત્યાગ કરી દે છે.

પ્રભાતિયાં ગાતી ગાતી રૂમઝુમ કરતી ચાલી જાય છે, પનિહારીઓ ઘર મૂકીને પાદર ભણી

'હાલ્ય, હાલ્ય' કરતાં ચાલ્યા જાય છે, ધરતી પુત્રો ઘર છોડીને ખેતર ભણી; બળદોનાં પૂંછડાં મસળતાં...

બાળકો ચાલ્યાં જાય છે, ઘર ત્યાગીને શાળાભણી.

સહુ ઘરમાંથી નીકળે છે.

પેલો બેઠેલો માનવ ગાદીમાંથી નીકળે છે ત્યારે.

---

૫ દેશવિરતિભાવ.

૬ સર્વવિરતિધર્મ – સંસાર પરિત્યાગ.

કેમ જાણે માનવના જીવનની કૃતિના ગીતમાં પેચી પ્રકૃતિ તાલ દઈ રહી ન હોય !

કાળરાજની અંજલિમાંથી પળ પળનાં જળ હજી ટપકયાં જાય છે ટપ...ટપ...ટપ. અને...

હજાર હજાર કિરણે પ્રકાશતો સૂર્ય પ્રગટ થાય છે દૂરદૂરના અંતરિક્ષમાં.[૭]

અને...ઊભેલો માનવ એકદમ ખંખેરી નાખે છે આળસને. એ કદમ ઉઠાવે છે...ચાલવા માંડે છે...ચાલ્યો જાય છે ઊંચે ને ઊંચે સૂર્ય; ગગનમાં !

ચાલ્યો જાય છે આગળ ને આગળ માનવ ભુવનમાં !

પક્ષીઓ કિલ્લોલ કરતાં ઊડે છે ત્રિભુવનમાં.

તરુપર્ણો ખખડાટ મચાવે છે ઉપવનમાં !

કોયલો ટહૂકાર કરે છે વનનિકુંજોમાં. માનવની પ્રયાણયાત્રાને પ્રકૃતિએ સર્વમુખે બિરદાવી છે.

એક પ્રશ્ન થાય છે કે આ કુંભકર્ણો-આ સ્વપ્નોસ્થો-આ સૂતેલા-બેઠેલા અને છેવટે ઊઠેલા જાગ્રતો-અને છેવટે કૂચકદમ કરી જતા આ નરબંકાઓ બાજુમાં પડેલા બીજા અનંત કુંભકર્ણોને કેમ ઢંઢોળતા જ નથી !

એમની નિંદ કેમ ઉડાડતા નથી ? પેલા સ્વપ્નસ્થોને કેમ જગાડતા નથી ? પેલા સૂતેલા બેઠેલા જાગ્રતોને કેમ ચલાવતા નથી ?

પોતે ચાલવા લાગ્યા કે બસ. ઈતિશમ્ !! મહદાશ્ચર્ય !

પણ... આ આશ્ચર્ય લાંબું ટકતું નથી. બેશક, ઘણાએ[૮] તો આજુબાજુ જોયા વિના પોતાની કૂચકદમ આરંભી દીધી છે. પણ તેમાંના કેટલાકને જુઓ...

જુઓ; પેલા ખૂણે જુઓ... આસપાસના સહુને સાદ દઈ રહ્યા છે જાગૃતિનો ! કુંભકર્ણોને ઢંઢોળીને ઊઠાડવા મથી પણ રહ્યા છે.

ઊઠે કે ન ઊઠે એ બીજી વાત છે.

શાબાશ કેટલું સુંદર !

જાગેલો એક ઊંઘતા અનેકોને જગાડવા મથી રહ્યો છે.

ડૂબતા અનેકોનાં બાવડાં ઝાલી રહ્યો છે.

---

૭ પરમાત્મપદની પ્રાપ્તિ

૮ સામાન્ય કેવલી

પ્રગટી ચૂકેલો એક દીપ પોતાની શતશતજ્યોતથી જગવી રહ્યો છે બૂઝેલા સેંકડો દીપકોને !...

એ સાચું કે જાગેલા સહુ બીજાને જગાડી ન શકે.

પણ એ ય એટલું જ સાચું કે જાગેલો જ બીજાને જગાડી શકે.

ડૂબતાને તો અલમસ્ત તરવૈયો જ તારી શકે. બીજા બચેલા તો જાતને સંભાળીને પાર ઊતરી જાય ને તો ય ઘણું સમજો.

હા. જગાડવાની, તારવાની કે દીપ જલાવવાની ભાવના સહુને હોય; પણ સહુનાં એ કામ નહિ. એ તો શૂરા નરબંકાનાં જ કામ !

● ● ●

માનવ એટલે આત્મા.

અંધકારયુગનો એ માનવ એટલ તદ્દન બહિર્મુખ માનવ, સંસારના સુખોમાં જ રાચતો માચતો; અને વગર કારણે ય કોઈનાં ઘર લૂંટતો-ફાડતો.

સંસારનાં સુખોમાં ભાન ભૂલી ચૂકેલો, પોતાના આત્માને અને જગતના જીવોને જોવાની આંખો ખોઈ બેઠેલો કોઈ પણ માનવ અંધકાર યુગનો જ માનવ છે. પાકો કુંભકર્ણ છે.

પણ જૈન તત્ત્વજ્ઞાન જોરશોરથી પુકારીને કહે છે કે આત્મા જ પરમાત્મા બની શકે છે. અને એથી જ ભાવીમાં પરમાત્મા બનનારો આજનો કે ગઈ કાલનો એ કુંભકર્ણનો આત્મા એક વાર પેલી કજ્જલશ્યામ રાત્રિમાંથી નીકળી જાય છે. એના જીવનમાં પ્હો ફાટે છે. અંધકારની તીવ્રતા ઘટી જાય છે. મંદ મંદ પ્રકાશ હવે એ અંધકાર સાથે હાથ મિલાવે છે. આ ત્રિભેટે રહેલો માનવ ભાવીમાં જે સત્યોને સર્વાંગે આલિંગવાનો છે એ જ સત્યોનાં એ અહીં સ્વપ્નો જુએ છે. અને એના દર્શને ભારે ખુશી અનુભવે છે. કાળ વહ્યો જ જાય છે. આત્માનો સંસાર ચાલ્યો જાય છે. પરોઢિયું થાય છે.

પેલા માનવના જીવનમાંથી અજ્ઞાનનો અઘોર અંધકાર નેસ્તનાબૂદ થાય છે સત્યની દુનિયાનું એને સાચું દર્શન થાય છે. પણ કોણ જાણે કેમ એ હજી ઊભો થઈ જતો નથી; રે! બેઠો પણ થતો નથી. શી ખબર ? શું પેલી ગાઢ નિદ્રાની અને પેલી સ્વપ્નોની દુનિયાની પ્રીતની સુરાના પ્યાલા ખૂબ ઢીંચ્યા છે;

એની કોઈ ઘેરી અસરમાં ઘેરાઈ રહેલો હશે ? સત્યને જોવા-જાણવા છતાં એને આંબવાની કાયરતા ! ! !

પણ થોડો કાળ પસાર થાય છે અને પેલી કાયરતામાં જબ્બર કાપ પડે છે. એક આંચકો મારીને આત્મા બેઠો થઈ જાય છે.

વળી થોડો કાળ પસાર થાય છે અને આત્મા પોતાના ગાઢ સંસ્કારોની ધરતીમાં કડાકો બોલાવી દે છે. ધરતી કંપે છે. માનવાત્મા ઊભો થઈ જાય છે.

હવે આને માનવ ન કહેવાય. મહામાનવ જ કહેવો જોઈએ. હતો એ પ્રારંભમાં અધમાત્મા; પણ જયારે પ્હો ફાટયો ત્યારે બન્યો સુજનાત્મા; પરોઢ થયું ત્યારે બન્યો અન્તરાત્મા; બેઠો થઈ ગયો ત્યારે થયો પરાક્રમાત્મા; અને હવે બન્યો. સર્વ સંગપરિત્યાગાત્મા ! પૂર્ણ પરાક્રમ-મૂર્તિ !

કેવી લાંબી વણઝાર ચાલી જાય છે એવી અગણિત પરાક્રમ-મૂર્ત્તિઓની ! આમાં જે કેટલાક મહાપરાક્રમી હોવા સાથે અત્યન્ત પરાર્થરસિક હોય છે તેઓ અનેક બીજાઓને જગાડતા જાય છે; અનેકોને જીવન બક્ષે છે; અનેકોનાં આંસુ લછીને સાન્ત્વન આપે છે; અનેકોના દિલના દુઝતા ઘાવ રૂઝવીને એને મલમપટ્ટા પણ કરે છે.

જે ચાલવા લાગ્યા તે બધા ય આત્મા નહિ, અન્તરાત્મા જ નહિ, પરાક્રમાત્મા જ નહિ, પણ પરમાત્મા કહેવાય છે.

પણ તેમાં જે બીજાઓને પણ જગાડતા ગયા, બેસાડતા, ઊઠાડતા, ચલાવતા ગયા તે તો એવા પરમાત્મા કહેવાય છે જેમને જૈન પરિભાષામાં “ તીર્થંકર ” કહેવામાં આવે છે.

આ પુસ્તકમાં કર્મવાદનું જે નિરુપણ કરવામાં આવ્યું છે તે કર્મવાદ ભૂતકાળમાં અગણિત તીર્થંકર–માતાઓએ કહ્યો હતો. છેલ્લામાં છેલ્લો લગભગ પચીસસો વર્ષ પૂર્વે તીર્થંકર ભગવાન મહાવીરે કહ્યો હતો.

જૈન દર્શનમાં “ ઈશ્વર ” જેવું કોઈ અનાદિકાલીન શાશ્વત-સ્વતન્ત્ર તત્વ નથી. જૈન દર્શન તો દરેક આત્મામાં ઈશ્વરીય તત્ત્વનો સ્વીકાર કરે છે. જે આત્માઓ પૂર્વોકત કુંભકર્ણી નિદ્રા, સ્વપ્નસ્થ અવસ્થા વગેરેને ત્યાગતાં ત્યાગતાં આ વિનાશી સંસારની મહોબ્બત સર્વથા ત્યાગી દે અને એ સંસારનો

પરિત્યાગ કરે છે તે બધા આત્માઓ ઈશ્વર સ્વરૂપ પરમાત્મા બની શકે છે. ફરક એટલો જ કે કેટલાક મુખ્યત્વે પોતાની જાતના વિશુદ્ધીકરણમાં ઓતપ્રોત થઈને ઈશ્વરપદ પ્રાપ્ત કરે છે જ્યારે કેટલાક-બહુ થોડા-રોમરોમથી જગતનું પણ કલ્યાણ ઝંખે છે અને તે માટે ભગીરથ પુરુષાર્થનો જંગ ખેલી નાખે છે.

પરમાત્મા ભગવાન મહાવીરનો આત્મા પણ એક વાર કુંભકર્ણી અઘોર નિદ્રામાં જરૂર હતો. પણ 'નયસાર-તલાટી'ના એમના જીવનમાં પ્હો ફાટયો; પછી તે જ જીવનમાં સદ્ગુરુનો યોગ થતાં એ આત્માના જીવનમાં પરોઢ થયું. આત્મા અન્તરાત્મા બન્યો.

પરોઢ એટલે જાગૃતિ.

પણ આ જાગૃતિ પરોઢની છે એટલે એમાં ફરી ઝોકાં પણ આવી જાય એ ખૂબ જ સંભવિત છે

ભગવાન મહાવીરના અન્તરાત્માના જીવનના એ પરોઢમાં પણ ઘણી વાર એવાં ઝોકાં આવ્યાં અને ગયાં. જાગીને, બેસીને, ઊભો થઈ ગએલો એ આત્મા ફરી પાછો નિદ્રાધીન જીવનમાં ફેંકાઈ ગયો ![૯]

સહુના જીવનના આધ્યાત્મિક વિકાસમાં આવી ઉથલપાથલો તો થતી જ રહે.

એવા આંચકાઓ તો આવતા જ રહે.

તેજીમંદીના વાયરા તો સતત વીંઝાતા જ રહે.

પણ એટલા માત્રથી અકળાઈ જવાની કે હતાશ થઈ જવાની કશી જરૂર નથી કેમકે જાગૃતિ[૧૦] જ મહાન છે.

એક વાર પણ જાગૃતિને પામો. પછી કદાચ ગમે તે થાઓ. તોય તમારી પરમાત્મા દશા અફર બની રહી છે.

ભગવાન વીરનો આત્મા પણ એવી અનેક પછડાટો ખાઈ ચૂકયો.

એણે સર્વોત્કૃષ્ટ રાજવૈભવના જીવન[૧૧] પણ આલિંગ્યાં અને ઘોરાતિઘોર દુ:ખો[૧૨] પણ અનુભવી લીધાં.

---

૯ પુનઃ પુનઃ મિથ્યાત્વ પ્રાપ્તિ. ૧૦ સમ્યકત્વ ૧૧ ચક્રવર્તીપદ
૧૨ સાતમા નારકનાં દુ:ખો

ઉત્કૃષ્ટ સદાચારના સ્વામી સંત પણ બન્યા અને નીચલી કક્ષાના શિથિલાચારી વેષધારી બાવા પણ બન્યા.

પણ અંતે પરમાત્મપદની વરમાળા એમના કંઠે આરોપાઈ ગઈ.

નયસારનું જીવન એ પરોઢનું જીવન હતું.

યુગને કોઈ ગણતું નથી. ગણતરી તો પ્રકાશયુગની જ હોય ને! નયસારનું જીવન એટલે પ્રકાશ સંવત્સર! ત્યાર બાદ અગણિત જીવનો પામીને વિશિષ્ટ કોટિના પચ્ચીસમાં જીવનને એ આત્મા પામે છે. દુઃખમય અને પાપમય જગતનું દર્શન કરતાં એની આંખો રડી ઊઠે છે. અંધકારમય જગતને પ્રકાશ દેવા અંધકારને ચીરી નાખવો જ રહ્યો, પહેલો પોતાનો અને પછી જગતનો. ઘોર ત્યાગ-તપના તાતા પુરુષાર્થના એ વાઘનખ પહેરે છે. અને સત્તાવીસમા જીવનમાં બેતાલીસ વર્ષની ઉંમરે સંપૂર્ણ અંધકારને ભેદી નાખીને એ આત્મા પૂર્ણ પ્રકાશ પ્રાપ્ત કરે છે. તે વખતે જગતના જીવો ઉપર ચોંટી ગએલાં કાળાં ડીબાંગ કાર્મિક અણુઓના જથ્થાને નિહાળે છે. એ અણુના સર્જન અને વિસર્જનની પ્રક્રિયાને પણ જાણે છે, અને એની પ્રચણ્ડ તાકાત નીચે ચગદાએલા જીવોની કારમી કરુણતા પણ જુવે છે.

જગતના ખૂણે ખૂણે કરુણામયી માતા ભગવાન મહાવીર ફરે છે. સહુને સમજાવે છે. કાર્મિક અણુઓના સ્ફોટ વિસ્ફોટનું વિજ્ઞાન; સર્જન-વિસર્જનનું તત્ત્વજ્ઞાન!

પરમાત્મા ભગવાન મહાવીરે કર્મનું જે વિજ્ઞાન કહ્યું તેમાંનું જ કાંઈક માત્ર -બિંદુ જેટલું-આ પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યું છે.

આપણે સહુ કર્મના તત્ત્વને સારી રીતે જાણીએ, એના વિસર્જનની પ્રક્રિયા સમજીએ અને એ પ્રક્રિયાને વેગીલી બનાવીને આત્મા મટી, અન્તરાત્મા બનીએ; અન્તરાત્મા મટીને પરમાત્મા બનીએ એ જ અભિલાષા.

૨૦૨૪ પોષ પૂર્ણિમા
કોઠીપોળ જૈન ઉપાશ્રય
વડોદરા

લિ.
ચન્દ્રશેખરવિજય

## ક્રમદર્શન :


| | | |
|---|---|---|
| ૧ | કર્મવૈચિત્ર્યનું દર્શન | ૧–૧૦ |
| ૨ | અણુ–જગત | ૧૧–૨૦ |
| ૩ | જીવ, જગત અને કર્મ | ૨૧–૨૫ |
| ૪ | કર્મબંધના ચાર હેતુ | ૨૬–૩૭ |
| ૫ | કર્મબંધ | ૩૮–૭૫ |
| | (૧) સ્વભાવનિર્ણય –૩૯ | |
| | (૨) સ્થિતિનિર્ણય –૪૩ | |
| | (૩) બળનિર્ણય –૫૭ | |
| | (૪) સંખ્યાનિર્ણપ –૭૪ | |
| ૬ | જડશકિત | ૭૬–૮૩ |
| ૭ | આધુનિક વિજ્ઞાન અને કર્મવાદ | ૮૪–૯૧ |
| ૮ | જીવાત્માનાં બે સ્વરૂપ : અસલી અને નકલી | ૯૨–૯૩ |
| ૯ | કર્મમુકિતનો ઉપાય | ૯૪–૯૯ |

## પ્રાપ્તિસ્થાન :

**સોમચંદ ડી. શાહ**
'સુઘોષા' કાર્યાલય
જીવનનિવાસ સામે
**પાલીતાણા**

**જશવંતલાલ ગિરધરલાલ**
દોશીવાડાની પોળ
**અમદાવાદ**

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજનગલી, પહેલે માળે
ઝવેરી બજાર
**મુંબઈ–૨**

**હસમુખ પી. પટેલ**
રા–૩૩૦૦, લેવાશેરી,
અમદાવાદી પોળ,
**વડોદરા**

**ભુરાલાલ પંડિત**
સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ
**અમદાવાદ**

નવી : કાયમી ઓફિસ
To
**કમલ પ્રકાશન**
C/o
એટલાસ એજન્સીઝ
૫૦૮૨/૨ બીજે માળે
રતનપોળના નાકે
ગાંધીરોડ
અમદાવાદ–૧

# જૈનદર્શનમાં કર્મવાદ

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

## [૧]
# કર્મવૈચિત્ર્યનું દર્શન

મિત્રો, તમારી સામે હું કેટલાક પ્રસંગો રજૂ કરું છું. તમે તેની ઉપર વિચાર કરો. "આમ શાથી બન્યું?" "કોણે કર્યું?"

એક મોટું શહેર છે. તેના એક શાન્ત વિભાગમાં અત્યન્ત ધનાઢ્ય લોકોની એક સોસાયટી છે. આ સોસાયટીમાં વસતો દરેક માણસ વૈભવ-વિલાસમાં મસ્ત છે. રે! સાહેબનો ટોમી કૂતરો પણ ખૂબ મોજથી રહે છે.

અહીં એક વાર એ જ શહેરનો ભારે ગરીબ માણસ કંઈક મળવાની આશાએ આવી ચડે છે. બિચારો કેટલાય દિવસનો એ ભૂખ્યો હશે એમ ઊંડું ઊતરી ગએલું એનું પેટ કહી રહ્યું છે. લોહી અને માંસ તો જાણે ક્યાંય જોવા જ મળતું નથી. માણસ જેવો માણસ છતાં સાવ જ દીન હીન બની ગએલો છે. એના પગ ધ્રૂજે છે, માથું ગળા ઉપર ધ્રૂજે છે.

ધીમે પગલે એક કમ્પાઉન્ડના દરવાજે એ પહોંચ્યો. કોઈ હરામખોર અંદર પેસી ન જાય તે માટે સાહેબે એક આરબ રાખ્યો હતો.

હરામખોરની વ્યાખ્યા આટલી જ હતી. જે શ્રીમંત-સ્વજન નહિ તે હરામખોર.

આરબ તાડૂકયો ! "ચલે જાઓ યહાં સે ! યહાં કુછ નહિ મીલેગા."

'કયાં જાઉં ? ધીરજને ય કોઈ હદ હોય છે. મારી ધીરજ ખૂટી ગઈ છે !' ભિખારી મનોમન બોલ્યો.

લમણે હાથ દઈને બેસી ગયો. આંખે અંધારા આવતા હતા. આંખ સામે એને મોત નાચતું દેખાતું હતું. એ હસ્યો. 'જીવન કરતાં આ મૃત્યુમાં અવશ્ય ઓછી કડવાશ હશે. કદાચ કાંઈક મીઠું પણ હોય તો ના નહિ.'

મોતનો પડછાયો જોતાં જ એને જન્મની યાદ આવી. કરોડપતિ પિતાને ત્યાં જન્મ ! બાલ્યવય ! એકલા લાડકોડમાં પસાર થયું ! યૌવન ! અહા ! કેવો વિલાસ ! કેવો વૈભવ ! અને મારું ય કેવું બેહદ સ્છચ્છંદ વર્તન ! કોઈ વાતે અધૂરો નહિ. રોજ નવા પર્યટનો, રોજ પિકચર, રોજ મધુરજની !

પછી એની નજરે આવ્યો પિસ્તાલીશ વર્ષની વયનો કાળ ! એણે નીસાસો નાંખી દીધો ! વૈભવનો સૂર્ય અસ્તાચલ તરફ ઢળવાની તૈયારીમાં જોયો !

સુરા–સુન્દરી અને સંપત્તિની રસલોલુપતાએ એના જીવનને રફેદફે કરવા માંડયું. એનું કૌટુમ્બિક સુખ વેરણછેરણ થઈ ગયું ! એનું શારીરિક સુખ લથડિયા ખાવા લાગ્યું.

વૈભવનો સૂર્ય અસ્તાચલને અડી ગયો !

એક કોટિપતિ શ્રીમંત ભિખારી બન્યો !

સહુથી તરછોડાયો !

બધી રીતે નિચોવાઈ ગએલો એક માનવ પાઉંના કટકા માટે કરુણ સ્વરે યાચનાઓ કરતો નજરે પડવા લાગ્યો.

કોઈનો લડકવાયો, કેટલાયનો જીગરજાન મિત્ર, ચાર દીકરાનો બાપ, સહુવાળો–સહુવિહોણો બન્યો !

આંખ સામેથી જીવનના સિનેમાની સીરીઅલ પસાર થઈ ગઈ !

ત્યાં એક જોરદાર ફટકો બરડે ઝીંકાયો ! "હરામખોર કહીંકા, સાહેબકા આનેકા સમય હો ચૂકા હય ! કમબખ્ત ! તેરે પાપસે હમારા સત્યાનાશ નીકલ જાયગા ! ઊઠતા હય યા નહિ ?" ક્રોધથી લાલપીળો થઈ ગએલો આરબ સત્તાવહી સૂરે બોલ્યો.

પણ હવે ઊઠે એ બીજા. ઊઠીને જવું ય ક્યાં ?

મોત નાચતું નાચતું નજદીક આવતું હતું.

"બેવકૂફ, તું નહિ ઊઠેગા ક્યોં ! તો લે," કહીને ચાર ઇંચિના પરિઘવાળો જાડો ડંડો માથે ઝીંકી દીધો. ચીસ પાડતો ભિખારી ત્યાં જ ઢળી પડયો !

ખોપરી ફાટી ગઇ. લોહીનું ખાબોચિયું થઈ ગયું.

સમડી અને ગીધનાં ટોળાં આકાશમાં ચક્કર દેતાં નીચે ઊતરી પડયાં.

આરબ ગાળો દેતો ચાલ્યો ગયો.

પક્ષીઓએ મિજબાની ઉડાવી.

કૂતરાઓને મોજ મળી.

ત્રીજો દિવસ થયો. ત્યાં પડયું હતું માત્ર હાડપિંજર !

## બીજો પ્રસંગ

બાર વર્ષની એક છોકરી. અત્યન્ત રૂપવતી; અત્યન્ત બુદ્ધિમતી; ખૂબ જ વિનીતા; સર્વને પ્રિય.

એક દિવસ મોં ઉપર ચાઠું દેખાયું. એ વધતું ચાલ્યું. હાથ–પગ વગેરે ઉપર પણ એવા ચાઠાં પડી ગયાં. નદીના પૂરના પાણીની જેમ એકદમ ફેલાઈ ગયા !

સર્વાંગે કોઢ વ્યાપી ગયો !

કોઈ સામે જોતું નથી; બધા ય વાતવાતમાં તિરસ્કારે છે. કાળની ખીંટીએ ટાંગેલાં સોણુલાંઓ ધરતી ઉપર તૂટી પડે છે, ભૂમંડળ ઉપર વૈદ્યો છે, ડૉકટરો છે, હોમીઓપથી, નેચરોપથી ઘણી 'પથી'ઓ છે, છોકરીના પિતા પાસે ઘણો પૈસો છે. પણ કશું ય કામ આવતું નથી.

સહુથી ફિટકાર પામતી, સહુને અળખામણી બનતી છોકરી ઘરના એક ખૂણામાં બેસી રહે છે. મરવાનાં વાંકે જ પોતાનું જીવન પસાર કરી રહી છે.

## ત્રીજો પ્રસંગ

પેટે પાટા બાંધીને મજૂરી કરતો પિતા પોતાના પુત્ર માટે કાંઇકને કાંઇક બચાવે છે. એમાંથી એકના એક એ પુત્રને ભણાવે છે. વૃદ્ધત્વ પિતાને ભારે ત્રાસ આપે છે, કોઈ રીતે તૈયાર નથી એનું શરીરઃ કામ કરવા માટે. પરન્તુ એમ ઘરમાં બેસી જાય તો ભૂખમરો આખા કુટુંબને ભરખી જાય તેનું શું ! મન મારીને ય તન તોડે છે. જીવને સમજાવીને ય જાતને ઘસડીને રોજ લઈ જાય છે મજૂરોની દુનિયામાં !

આશાના એક પાતળા તંતુએ જ એનું જીવન ટિંગાયું છે. ' કાલે દીકરો કમાતો થઈ જશે. બસ પછી શાન્તિ, શાન્તિ, શાન્તિ. હું અને એની મા....બે ય નિરાંતનો દમ ખેંચીશું.'

પણ ભણવા જતો દીકરો ખોવાય છે. કોઈ શ્રીમંતની છોકરી એના રૂપમાં મુગ્ધ થાય છે. મા–બાપ ઘેરે પૂરું ખાવાનું ય પામતાં નથી અને દીકરો હોટલોમાં પાર્ટીઓ ઉડાવે છે.

સહશિક્ષણ, સિનેમા અને નવલકથાઓનું વાંચન એના જીવનને; તનને અને મનને બિચકાવે છે. માતાપિતા ગામડિયા લાગે છે. ઉપકારી પેલી છોકરી જ દેખાય છે. સુખ એના સંગ સિવાય ક્યાં ય જોવા મળતું નથી.

એક દિવસ આવ્યો. વૃદ્ધ માબાપને એણે ત્યાગ્યા. ચિઠ્ઠી મૂકીને ચાલ્યો ગયો !' આજ પછી હવે મારું મોં તમને જોવા

નહિ મળે. હું ખૂબ સુખી જિંદગી જીવવા જઈ રહ્યો છું. તમે મને પાળ્યો–પોષ્યો તે બદલ ઉપકાર.' ચિઠ્ઠી વાંચતાં જ માતા-પિતા બેભાન થઈ જાય છે. ભાનમાં લાવનાર પૈસો તો અહીં છે જ નહિ. ભાનમાં લાવે ય કોણ ? ગરીબની વહારે દોડે ય કોણ ? ઠંડો પવન દોડતો આવે છે. એમને જગાડે છે. જાગીને ય શું કરવાનું ? છાતીફાટ રૂદન કરે છે. હવે જીવવાનું કોની આશાએ ? કોના આધારે ? જીવીને કામ પણ શું છે ? દીકરો તો સુખી થયો ! છેલ્લી અંતરની આશિષ આપતાં માતાપિતા એસીડની બાટલી પી જાય છે.

## ચોથો પ્રસંગ

એક કોલેજ છે. સ્ત્રીમિત્રોને પોતાના પુરુષમિત્રો છે, પુરુષમિત્રોને પોતાના સ્ત્રીમિત્રો છે. એક સ્ત્રી અને એક પુરુષ સૌન્દર્ય અને સંપત્તિના આકર્ષણે પરસ્પર મોહાય છે. બેય પોતાના વડિલોને તિરસ્કારીને લગ્નગ્રંથીથી બંધાય છે. બેયનો સંસાર ચાલ્યો જાય છે; જેમ તેમ કરીનેસ્તો.

વર્ષ ઉપર વર્ષ પસાર થાય છે. દશકા ઉપર બીજો દશકો ગયો.

સંપત્તિથી બેય સુખી છે. પણ એક વાતનું ભારે દુઃખ છે. બધાય સુખને ચિનગારી ચાંપે એવું.

હજી સુધી એક પણ સંતાન થયું નથી.

મોટમોટા નિષ્ણાત ડૉકટરોની સલાહ લીધી. જેણે જે

કહ્યું તે કર્યું. પ્રિયતમાને બધું જ કરવાની પ્રિયતમે રજા આપી દીધી. 'હાય વાસના !'

પ્રચંડ પુરુષાર્થ ખેલાઈ ગયો.

પણ છતાં ય ધાર્યું ન થયું. કાળા માથાનો માનવી હતાશ થાય છે.

કલ્પેલા સુખના અત્તરની બાટલીમાં વિષ્ટાનો લોચો પડે છે.

લીલા–સૂકા સંસારમાં સળગતી દિવાસળી પડે છે !

## હજી એક નાનકડો પ્રસંગ

બે લાખ રૂપિયાનું ભવ્ય મકાન છે. વેચવાનું છે. ઘરાક આવે છે. સોદો થઈ જાય છે. મકાન માલિક બે લાખ રૂ. નો ચેક લઈને તિજોરીમાં મૂકે છે.

રાત પડે છે. આગ લાગે છે. આઠ જ કલાકમાં આખું ય મકાન બળીને ભડથું થઈ જાય છે.

એક હસે છે. બીજો બાપોકાર રડે છે; ચીસો પાડે છે. જીવનની બધી જ કમાણી–બે લાખ રૂપિયા–આંખ સામે સળગી જતાં જોઈને.

મિત્રો, આ પાંચે ય પ્રસંગો તમારી નજર સામે રાખો અને કહો કે આ બધું કોણે કર્યું ? આની પાછળ કોનું ચાલક–બળ કામ કરે છે ?"

અવળી મતિનું ? અવળા પુરુષાર્થનું ? ભલે. પણ અવળી મતિ થઈ કેમ ? અવળો પુરુષાર્થ કર્યો કેમ ? એની પણ પાછળ કયું અદૃશ્ય તત્વ કામ કરે છે ? લાકડાં ફાડતો એક છોકરો જર્મનીનો હેરહિટલર શી રીતે થઈ ગયો ? એક વાર બ્રિટન

અને અમેરિકા જેવી મહાસત્તાઓને પણ ધ્રુજાવી મૂકવાની આગભરી તાકાત એનામાં કયાંથી આવી ગઈ?

મહાન ચિત્રકાર બનવાની તાલાવેલીવાળો છોકરો સમ્રાટ નેપોલિયન શી રીતે બની ગયો ?

અને આ બેય વિશ્વના માંધાતાઓની બધી જ બાજી કોણે ધૂળમાં મેળવી નાંખી ! એમના પ્રચંડ સામર્થ્યનો ભુક્કો કોણે કરી નાખ્યો !

સંગીત સમ્રાટ ઓંકારનાથને પૈસાનાં ફાફાં કેમ?

અલમસ્ત કુસ્તીબાજ ગામો કેમ સાવ સુકાઈ ગયો ?

ભારતના યશસ્વી વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી વૈજ્ઞાનિકોની દુનિયા–રશિયામાં 'હાર્ટફેઇલ્યોર' કેમ થઈ ગયા ? કોઈ પણ ઉપચાર કેમ કારગત ન નીવડયો ?

જેના રક્ષણ માટે સંપૂર્ણ તકેદારી રાખવામાં આવતી તે વિશ્વના લાડીલા–અમેરિકાના પ્રેસિડેન્ટ કેનેડીનું ભરબજારે ખૂન કેમ થયું ? પોતાની જ સર્જેલી ગોળીએ પોતાનું જ ખૂન ! એ વખતે ગફલત કયાં થઈ ગઈ ?

ગાંધીજીનું ખૂન ગોડસેએ કેમ કર્યું ? શા માટે એને ખૂન કરવાની અવળી મતિ સૂઝી ? કોણે એ અવળી મતિ સુઝાડી ?

લાખો નિર્દોષ માનવોને ઉભાને ઉભા સળગાવી મૂકતી એટમ–બોમ્બની આગ અમેરિકાએ શા માટે હિરોશીમા–નાગાસાકી ઉપર ઝીંકી ?

મારીને જીવવાનું, જીવીને મૂડીવાદ ફેલાવવાનું જંગલી વિજ્ઞાન કોણે શીખવ્યું ?

મિત્રો, આ બધાય પ્રશ્નોના ઉત્તર આપો. જે ઉત્તર આપશો તેની પાછળ પણ એ પ્રશ્ન છે કે "એ કેમ થયું ? એ કોણે કર્યું ? એનો પણ ઉત્તર આપો. શું ઈશ્વરે કર્યું ? ના. ના. ઈશ્વર તો પરમકૃપાળુ પરમાત્મા છે. તે આવું ન જ કરે.

તો શું એમને એમ કારણ વિના જ આ બધું બને છે ? ના. ના. કારણ વિના કોઈ જ કાર્ય થતું નથી. સર્વ ક્ષેત્રમાં અને સર્વ કાળમાં માન્ય આ સિદ્ધાંત છે. આજ સુધી એમાં કોઈ અપવાદ જોવા મળ્યો નથી.

જે કાર્ય હોય તેનું કોઈ ને કોઈ કારણ તો હોવું જ જોઈએ.

ચાલો ત્યારે, હું જ તમને આ વાતોનું સમાધાન કરી આપીશ.

મિત્રો, આટલી વાતો તો તમારે સ્વીકારી જ લેવાની રહેશે કે (૧) પરમકૃપાળુ પરમાત્મા આ જગતનો સ્રષ્ટા નથી. (૨) આત્મા જેવું એક સ્વતન્ત્ર, સદાનું–કદી ઉત્પન્ન નહિ થયેલું, કદી નાશ ન પામનારું ચેતન તત્ત્વ છે. આ દેખાતું શરીર એ આત્મા નથી. એની અંદર આત્મા છે. મૃત્યુ શરીરનું થાય છે, આત્મા કદી મરતો નથી. શરીરનું મૃત્યુ થતાં જ આત્મા અન્યત્ર ચાલ્યો જાય છે. નવું શરીર બનાવે છે. એમ કરતાં કરતાં કેટલાક આત્મા પરમકૃપાળુ પરમાત્મા બને છે. ટૂંકમાં આ જગત નિત્ય છે. આત્મા નિત્ય છે.

આ બેય વાતોને તમારે સારી રીતે સમજવી હોય તો 'આત્મવાદ' અને 'ઈશ્વરકર્તૃત્વવાદ' ને લગતાં પુસ્તકો જોઈ લેવા.

અહીં તેની ચર્ચા કરવા બેસીએ તો આખો વિષય બદલાઇ જાય એટલે આ બે વાતોને સ્વીકારીને જ આપણે આગળ વધવાનું રહેશે.

મિત્રો, જગતમાં જે કોઈ ઘટના બને છે; તે બધાયના મૂળ કારણ તરીકે કોઈ હોય તો તે કર્મ છે.

આ કર્મ એ શું વસ્તુ છે ? એ જાણવા માટે આપણે એની ભૂમિકારૂપે કેટલીક વાતો સમજવી પડશે.

પાયા વિનાની ઈમારત કેવી ?

[ ૨ ]

## અણુ-જગત

વિશ્વમાં મૂળ તો બે જ વસ્તુ વિદ્યમાન છે. ભૂતકાળમાં સદા આ બે જ તત્વો હતા અને ભાવીમાં પણ આ જ બે તત્વો હશે.

એમનાં નામ છે. જીવ અને જડ.

જીવ એટલે આત્મા, ચેતન, પુરુષ.

શરીરમાં જીવનું અસ્તિત્વ હોય તો જ આપણે હાલી-ચાલી શકીએ. ખાઈ-પી શકીએ, હરી-ફરી શકીએ, વિચારી શકીએ, લખી શકીએ, ભાષણ કરી શકીએ.

શરીરમાં જીવ ન હોય તો આમાનું કશું જ ન થાય.

જીવ જ્યારે શરીરમાંથી જતો રહે છે ત્યારે તે વ્યક્તિનું મૃત્યુ થયું કહેવાય છે. તેના તે શરીરમાં કોઈ પણ ક્રિયા દેખાય છે ખરી ? નહિ જ. સમર્થ વકતાનું એ મુખ તે વખતે કશું જ બોલી શકતું નથી. સમર્થ લેખકનો એ હાથ લખી

શકતો નથી, મહાજ્ઞાનીનું એ ભેજું જરાય કામ કરતું નથી; કેમકે એ બધી ક્રિયાની પાછળનું ચાલક બળ ત્યાં નથી.

ત્યારે જડ એટલે ?

જે જીવ નહિ તે બધું ય જડ. શરીર પોતે જડ., મકાન જડ, કપડાં જડ, પેન જડ, પુસ્તક જડ, કરન્સીનોટ જડ.

જગતમાં જીવોની સંખ્યા અનંત છે. જડની સૃષ્ટિમાં જડની સંખ્યા પણ અનંત છે. જડ બે જાતના છે. એક વિનાશી અને બીજું અવિનાશી. આપણે જે જડનો ઉપભોગ કરીએ છીએ, જે જડ આપણી નજરમાં આવે છે તે બધું ય જડ વિનાશી જ છે. એ શિવાયનું પણ ઘણું જડ દ્રવ્ય વિનાશી છે.

હવે અવિનાશી જડનો વિચાર કરીએ. ધારો કે તમારી પાસે અમેરિકાના વેસ્ટમિનીસ્ટર એબી જેવડો એક મહાકાય પથ્થર છે. તેના તમે બે ટુકડા કર્યા. પછી તે બે ટુકડાના ચાર કર્યા. પછી તે ચાર ટુકડાના આઠ ટુકડા કર્યા. એમ તમે દરેક ટુકડાના બે બે ટુકડા કરતાં જાઓ છો. એમ કરતાં કરતાં નાનકડી કીડી જેવડા અગણિત ટુકડાઓ થઈ ગયા. હવે એ નાના ટુકડામાંથી એક નાનો ટુકડો લો. તેના ય તમે બે ટુકડા કર્યા. ફરી એ બે ટુકડાના ચાર ટુકડા કર્યા. એમ કરતાં આગળ વધતા જ રહો. છેલ્લામાં છેલ્લું–ટુકડા કરવા માટે શોધાયેલું–વૈજ્ઞાનિક શસ્ત્ર લો. પછી એનાથી ટુકડા કરતા જાઓ. અંતે એક એવી સ્થિતિએ તમે આવી જશો કે પછી તમે કોઈ પણ રીતે છેલ્લા

નાનામાં નાના ટુકડાના બે ટુકડા કરી શકો જ નહિ. વૈજ્ઞાનિકો કહે છે કે જેના બે ટુકડા થઈ શકે નહિ તે છેલ્લામાં છેલ્લા નાનામાં નાના ટુકડાને પરમાણુ કહેવાય. જૈન તત્વજ્ઞાનમાં પણ આ જ વ્યાખ્યા કરવામાં આવી છે.

પરન્તુ વૈજ્ઞાનિકોએ તો તેમના શસ્ત્રથી જેના બે ટુકડા ન થાય તેવા છેલ્લા નાનામાં નાના ટુકડાને પરમાણુ કહ્યો. જ્યારે જૈન દાર્શનિકો કહે છે કે જેની ઉપર શસ્ત્ર પ્રયોગ થાય, જે સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈ શકાય તે વસ્તુના તો અનેક વાર અનેક ટુકડાઓ થતા જ રહે.

આથી જ વૈજ્ઞાનિકોએ જેને એક વાર પરમાણુ ( એટમ ) કહ્યો હતો તે હવે તૂટયો છે અને તેમાં ઇલેકટ્રોન, પ્રોટોન, અને હવે તો પ્રોજીટોન પણ શોધાયો છે. જૈન દાર્શનિકોના મતે તો આ પ્રોજીટોન પણ છેલ્લો અણુ નથી. હજી એના ય અનંત ટુકડા થઈ શકે છે. એટલે એના પણ અગણિત વાર વિભાજન થતાં જ જાય અને સર્વજ્ઞ દૃષ્ટિથી જ્યારે વિભાજન અશકય બની જાય ત્યારે છેલ્લી વાર વિભાજિત થયેલા ટુકડાને પરમાણુ કહેવાય છે. આ પરમાણુ અવિનાશી છે કેમકે વિભાજન થવા દ્વારા એનો વિનાશ થતો નથી, એને આગ કાંઈ કરી શકતી નથી. સમુદ્રની ભરતીનાં પાણીની થપાટો પણ ત્યાં બિચારી છે; એ અવિભાજ્ય પરમાણુ ઉપર બસો મેગાટનનો એટમ બોમ્બ પડે તોય એને કંઈ જ ન થાય. અવિનાશીનો વિનાશ અશકય છે.

આવા અનંત અવિનાશી પરમાણુઓમાંથી આ જગત બન્યું છે. જે કર્મની આપણે વાત કરવી છે તે પણ અમુક પ્રકારના પરમાણુના જથ્થારૂપ છે માટે જ આપણે અહિ પરમાણુનો વિચાર કરીએ છીએ.

તમારી આંખ સામે જે વિરાટ મકાન છે તે કેટલા માળનું બનેલું છે ? ચૌદ માળનું ? ભલે.

એ ચૌદ માળનો દરેક માળ કેટલા ઓરડાનો છે ? વીસ વીસ ઓરડાનો ? સારુ.

દરેક ઓરડો કેટકેટલી દિવાલનો બન્યો છે ?

ચાર ચાર દિવાલનો ? ઠીક.

દરેક દિવાલ કેટલી ઇંટની બનેલી છે ?

હજારો ? ભલે.

દરેક ઇંટમાં કેટલી કાંકરી છે ? અગણિત જ ને ?

એ દરેક કાંકરીમાં અગણિત ઝીણી ઝીણી કાંકરીઓ છે. એ દરેક ઝીણામાં ઝીણી કાંકરીમાં અનંત પરમાણુ છે.

તમારા બુશશર્ટના દરેક તન્તુમાં અનન્ત પરમાણુ છે; તમારા ખીસામાં પડેલી એક રૂપિયાની નોટના દરેક ભાગમાં અનંત પરમાણુ છે.

ટૂંકમાં, જગતનો કોઇ પણ દેખાતો પદાર્થ અનન્ત પરમાણુના જથ્થાઓનો જ બનેલો છે.

મકાન એટલે ? અનંતપરમાણુના અગણિત જથ્થાઓનો ઢગલો ! નવયૌવના એટલે અનંત પરમાણુના અગણિત જથ્થાનો ઢગલો !

પૈસો પણ એ જ, પુસ્તક પણ એ જ, બધું ય એ જ.

અહીં એક વાત સમજી રાખવી કે જેમ કાંકરીનો ઢગલો એ વેસ્ટમીનીસ્ટર એબીનું મકાન નથી પરન્તુ કાંકરીના ઢગલાની ઈંટોના સમૂહની દિવાલો-દિવાલોના ઓરડા-ઓરડાના સમૂહનો માળ અને એકસો વીસ માળનું એ મકાન બન્યું છે, તેમ માત્ર પરમાણુનો જથ્થો એ કાંકરી, ઈંટ કે મકાન નથી પરન્તુ છૂટા છૂટા પરમાણુના જોડાણો થવાથી જે સ્કંધો બને છે તે સ્કન્ધોનાં કાંકરી, ઈંટ કે મકાન વગેરે બને છે.

હવે શી રીતે એક પરમાણુનું બીજા પરમાણુ સાથે જોડાણ થતું હશે? શી રીતે એક જથ્થામાં અગણિત પરમાણુઓનાં સંયોજન થતાં હશે? કોઈ પણ એક પરમાણુ બીજા કોઈ પણ એક પરમાણુ સાથે જોડાઈ શકે કે તે માટે કોઈ ચોક્કસ શરતો હોવી જરૂરી છે? આ બધા પ્રશ્નોને આપણે હવે વિચારીએ.

જૈન દાર્શનિકો કહે છે કે કોઈ પણ જડ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. કાળો, લીલો, લાલ, પીળો કે શ્વેત એ પાંચ વર્ણ છે. સુગંધ, દુર્ગંધ એ ગંધ છે. કડવો, તીખો વગેરે પાંચ રસો છે, અને સ્નિગ્ધ-રુક્ષ; શીત-ઉષ્ણ; ગુરુ-લઘુ; મૃદુ-કર્કશ એ આઠ સ્પર્શ છે.

પરમાણુમાં પાંચ વર્ણમાંથી કોઈ પણ એક વર્ણ, ઉપરોક્ત બે ગંધમાંથી એક ગંધ, પાંચ રસમાંથા એક રસ અને આઠ

સ્પર્શમાંથી સ્નિગ્ધ–રુક્ષમાંનો કોઈ એક તથા શીત–ઉષ્ણમાંનો કોઈ એક એમ બે સ્પર્શ હોય છે.

પરમાણુને લંબાઈ–પહોળાઈ, ઊંડાઈ કે ઊંચાઈ હોતી નથી, એક પરમાણુ બીજા પરમાણુ સાથે જોડાય છે તેમાં પરમાણુના વર્ણ, ગંધ અને રસ કારણ નથી બનતા. પરન્તુ માત્ર સ્પર્શ કારણ બને છે.

જેમ એક મોટા ટબમાં ગળીના રંગનો એક કણ નાંખતા, બે કણ નાંખતા, ત્રણ કણ નાંખતા એમ કણ કણ વધુ નાંખતા જતાં દરેક વખતે જુદો જુદો ભૂરો રંગ બનતો જાય છે. પહેલો કણ નાંખ્યો ત્યારે ખૂબ આછો ભૂરો રંગ હતો, લાખમો કણ નાંખ્યાં ત્યારે ખૂબ ઘેરો ભૂરો રંગ હતો, કરોડમો કણ નાંખ્યો ત્યારે વધુ ઘેરો ભૂરો રંગ હતો. આમ પ્રત્યેક કણ નાંખતા દરેક વખતનો ભૂરો રંગ પૂર્વના કે પછીના ભૂરા રંગ કરતાં કાંઈક પણ જુદો દેખાય છે. એ ઉપરથી સાબિત થાય છે કે ભૂરા રંગના કરોડો, અબજો અરે, અનંત પ્રકારો છે.

આ જ રીતે બીજા બધા લાલ વગેરે રંગના, બે ય પ્રકારની ગંધના, પાંચે ય પ્રકારના રસના અને આઠે ય પ્રકારના સ્પર્શના દરેકના અનંત ભેદ પડે છે.

એટલે એક સ્નિગ્ધતા પણ અનંત જાતની !

એક રુક્ષતા ય અનંત પ્રકારની !

એમ આઠે ય સ્પર્શ અનંત પ્રકારના. આપણે જોયું કે એક પરમાણુ સાથે બીજા પરમાણુનું સંયોજન થવામાં વર્ણ

ગંધ અને રસ તો કારણ બનતા જ નથી. માત્ર પરમાણુનો સ્પર્શ જ કારણ બને છે. પણ પરમાણુમાં તો સ્નિગ્ધ રુક્ષમાંનો એક, તથા શીત-ઉષ્ણમાંનો એક-એમ બે યુગલનો એકેક સ્પર્શ હોય છે. તેમાનું સ્નિગ્ધ-રુક્ષ સ્પર્શનું યુગલ જ બે પરમાણુના સંયોજનમાં ઉપયોગી બને છે.

સ્નિગ્ધતાની અનંત જાતોને આપણે એક ગુણ સ્નિગ્ધતા, બે ગુણ સ્નિગ્ધતા, ત્રણ ગુણ સ્નિગ્ધતા એમ અનંત ગુણ સ્નિગ્ધતામાં વહેંચી નાંખીએ. એ જ રીતે રુક્ષતામાં ય એક ગુણ, બે ગુણ, ઠેઠ અનંત ગુણ રુક્ષતા મળે. કોઈ પરમાણુમાં એક ગુણ સ્નિગ્ધતા હોય, કોઈ પરમાણુમાં બે ગુણ સ્નિગ્ધતા હોય, કોઈમાં એક ગુણ રુક્ષતા હોય તો કોઈમાં અનંત ગુણ રુક્ષતા હોય. આમ પરમાણુની બે જાત થઈ: સ્નિગ્ધતાવાળા પરમાણુ અને રુક્ષતાવાળા પરમાણુ.

(૧) હવે સજાતીય પરમાણુનો જો બંધ થવાનો હોય તો તેમાં એક શરત છે કે તે બે પરમાણુમાં જે સજાતીય (સરખો) સ્પર્શ હોય તેના ગુણ વચ્ચે ઓછામાં ઓછું બે ગુણનું અંતર હોવું જોઈએ. દા. ત. એક ગુણ સ્નિગ્ધ પરમાણુનો ત્રણ, ચાર વગેરે ગુણ સ્નિગ્ધ પરમાણુ સાથે બંધ થાય. એ રીતે એક ગુણ રુક્ષ પરમાણુનો ત્રણ ચાર વગેરે રુક્ષ ગુણ પરમાણુ સાથે સંબંધ થાય.

(૨) હવે જો વિજાતીયગુણવાળા પરમાણુનો બંધ થવાનો હોય તો ત્યાં બેયના ગુણ સમાન સંખ્યાના હોય કે વિષમ

સંખ્યાના હોય તો ય બંધ થાય. છ ગુણ સ્નિગ્ધ પરમાણુ સાથે છ ગુણ કે આઠ ગુણ રુક્ષ પરમાણુનો પણ બંધ થઇ શકે.

અહીં અપવાદ એટલો જ સમજવાનો છે કે એક ગુણ સ્નિગ્ધ પરમાણુ સાથે એક ગુણ રુક્ષપરમાણુનો બંધ ન થાય. આ ઉપરથી સમજી શકાશે કે દરેક પરમાણુ દરેક પરમાણુ સાથે જોડાઇ શકવાની યોગ્યતા ધરાવતો નથી.

જગતમાં એવા એકેક પરમાણુ પણ અનંત છે કે જેઓ કોઈ બીજા પરમાણુ સાથે જોડાયા નથી. આ એક એક પરમાણુનું એક વિરાટ જૂથ[1] બને છે.

ઉપરની શરત મુજબ બે બે પરમાણુની જોડાએલી ટુકડી[2] પણ અનંત છે. જેમનું બીજું વિરાટ જૂથ છે.

આમ ૩·૩ પરમાણુનાં જોડલાં[3] હોય છે. એવા ય અનંત જોડલાંનું એક વિરાટ જૂથ છે. આમ ૪·૪, ૫·૫, ૬·૬ યાવત્ અસંખ્ય અને અનંત પરમાણુનાં પણ ગૂંચળાં છે. જે દરેકનું વિરાટ જૂથ છે.

એક એક વધતાં આપણે, અનંતની સંખ્યા દરેકમાં હોય એવા અનંત જોડલાનું જૂથ[4] જોયું. અહીં સુધીના તમામ જૂથો,

---

૧. આ જૂથને જૈન પરિભાષામાં વર્ગણા કહેવામાં આવે છે.

૨. આવી દરેક ટુકડીને દ્વયણુક કહેવામાં આવે છે.

૩. આને ત્ર્યણુક કહેવાય છે.

૪. આને મહાવર્ગણા કહે છે.

તમામ ગૂંચળા કે જોડલાં અને તેમાંના તમામ પરમાણુઓ એમાંનાં કોઇ પણ, જગતના કોઈ પણ જીવને ઉપયોગમાં આવતાં નથી. એમાંથી જગતની કોઇ પણ ચીજ બનાવી શકાતી નથી. કેમકે જગતની કોઈ પણ ચીજ બનાવવા માટે અનંત પરમાણુના જેટલા સ્થૂલ જૂથની જરૂર પડે છે તેના કરતાં આ બધા જૂથ વધુ સ્થૂલતા ધરાવે છે. અહીં સુધીના સઘળાં ય જૂથોને આપણે ૧ નંબરનું ગ્રુપ કહીશું.

આ રીતે આપણે ૧૬ નંબરના ગ્રુપ[૫] સુધી જવાનું છે કેમકે ૧૬માં નંબરનું જે ગ્રુપ છે તેમાંથી જ 'કર્મ' બને છે.

હવે જ્યારે એ પહેલા નંબરના ગ્રુપના છેલ્લા જથ્થામાં જેટલાં પરમાણુ છે તેમાં એક વધુ એટલી સંખ્યાવાળા જગતમાં જેટલા જથ્થા છે તે બધા બીજા ગ્રુપની પહેલી હરોળમાં ગણાય. એમ એકેકી સંખ્યા વધુવાળા જગતના જથ્થાઓની બીજી-ત્રીજી ઠેઠ અનંતમી હરોળ થાય. આ અનંતી હરોળનું બીજું ગ્રુપ[૬] થયું.

ત્યાર બાદ અનન્ત-સંખ્યા વધુવાળા જથ્થાઓની એક હરોળ થાય, જે ત્રીજા ગ્રુપની પહેલી હરોળ કહેવાય. પછી એકકી સંખ્યા વધે તેમ બીજી ત્રીજી વગેરે હરોળ તૈયાર થાય. એમ અનન્ત હરોળનું ત્રીજુંગ્રુપ થાય. આમ ૧૬ ગ્રુપ બને છે.

---

૫. સોળ મહાવર્ગણાઓ.

૬. બીજી મહાવર્ગણા

પહેલા ગ્રુપના પરમાણુની સંખ્યા કરતાં ૧૬મા ગ્રુપના પરમાણુની સંખ્યા ઘણી વધુ હોય અને તેઓના જથ્થા વધુને વધુ સૂક્ષ્મ થતા જાય એટલે જગા ઓછી રોકે.

આ સોળ ગ્રુપમાં પહેલું, ત્રીજું, પાંચમું, સાતમું વગેરે એકી સંખ્યાના ગ્રુપોના જથ્થાઓ કશાય ઉપયોગમાં આવતા નથી. જ્યારે બીજું, ચોથું, છઠ્ઠું વગેરે બેકી સંખ્યાના ગ્રુપોના જથ્થા ભિન્ન ભિન્ન ઉપયોગમાં આવે છે.

આમાં સોળમાં નંબરનું જે ગ્રુપ છે તે ગ્રુપના જે અનંત પરમાણુના બનેલા એકેક એવા અનંત જથ્થાઓ છે તેને કાર્મણ જથ્થો કહેવાય છે.

હવે આપણે મૂળ વાત ઉપર આવ્યા. આ ગ્રુપના જથ્થા પોતે જીવ નથી, જથ્થામાં પણ જીવ નથી. 'જે જીવ નથી તે જડ છે' એમ પૂર્વે જ કહ્યું છે એ મુજબ આ કાર્મણ જથ્થો જડ છે એ વાત સિદ્ધ થઈ.

[3]

## જીવ, જગત અને કર્મ

જેનામાં ચૈતન્ય છે તે જીવ છે. આ જીવનું પોતાનું સ્વરૂપ તો એકદમ શુદ્ધ છે. એની ઉપર કોઈ પણ ડાઘ નથી. પરંતુ જે આત્મા સાધના કરીને રાગ અને દ્વેષના સઘળાય વિચારો વગેરેથી મુક્ત થઈ જાય છે તે આત્માને સોળમા ગ્રુપનો કોઈ પણ જથ્થો ચોંટી શકતો નથી.

જે જીવમાં રાગ દ્વેષના આંદોલનો ઉત્પન્ન થયા કરતાં હોય તે જીવને સોળમા ગ્રુપનો જથ્થો ચોંટયા જ કરે. રાગ–દ્વેષના ભાવોને આપણે ચુંબકની ઉપમા આપીએ તો સોળમા ગ્રુપની રજકણોને લોહ–રજકણ કહી શકાય. જયાં ચુંબક હોય ત્યાં જ એ રજકણો ખેંચાય, ત્યાં જ એ ચોંટી જાય ને ?

જે જીવાત્માઓ રાગ–દ્વેષને દૂર કરે છે તેમનામાં ચુંબકીય શક્તિ વિનાશ પામે છે એટલે તેમને સોળમા ગ્રુપની રજકણો કદી ચોંટતી નથી. આ જીવાત્માને જ પરમાત્મા કહેવાય છે.[૭]

---

૭ આના અંગેનું વિશેષ વર્ણન ઈશ્વરકર્તૃત્વવાદમાં જોઈ લેવું.

આપણે તો અહીં જીવાત્માઓનો વિચાર કરવો છે. એમનામાં તો રાગ–દ્વેષની આકર્ષક શક્તિ પડેલી જ છે. એટલે પેલી સોળમા ગ્રુપની લોહ રજકણો એની ઉપર સતત ચોંટતી જ રહે છે. એક સમય એવો ખાલી જતો નથી જેમાં એક પણ લોહ રજકણ જીવાત્માને ન ચોંટતી હોય.

કોઈ પણ જીવાત્મા મનથી કાંઈકને કાંઈક વિચારવાનું કર્મ તો કરતો જ હોય, કયારેક કોઈક વળી મોંએથી બોલતો પણ હોય, અને શરીરથી સ્થૂલ કે સૂક્ષ્મ–શ્વાસોચ્છવાસાદિનું કર્મ તો ચાલતું જ હોય. અરે! કશું ય સારું ન કરવાનું કર્મ પણ છેવટે ચાલતું જ હોય, એટલે આમ મનથી, વાણીથી કે કાયાથી કાંઈકને કાંઇ ક્રિયા (કર્મ) ચાલુ જ રહે છે.

એક બાજુ રાગ-દ્વેષની ભાવનાઓ, બીજી બાજુ મન, વાણી અને કાયાની પ્રવૃત્તિઓ. (સારાં-નરસાં કર્મો) આ બે ય ચુંબકો ગ્રુપના જથ્થાને આકર્ષતાં જ રહે છે.

આથી જીવાત્મામાં જે અનંત જ્ઞાનનો પ્રકાશ છે, જે દર્શન શક્તિ છે, જે અપૂર્વ સુખાનુભૂતિ છે, જે અતુલ પરાક્રમ છે તે બધું દબાય છે; આ સોળમા ગ્રુપના જથ્થાથી ઢંકાય છે. સૂર્ય જેમ વાદળથી ઢંકાય તેમ.

મન, વચન કાયાનાં કર્મો (સારી કે નરસી વૃત્તિ-પ્રવૃત્તિ) ને લીધે સોળમા ગ્રુપની રજકણો ખેંચાય છે અને

જીવાત્મા ઉપર ચોંટે છે માટે જ વિવિધ કર્મોથી ખેંચાતી એ રજકણોને પણ કર્મ કહેવાય છે.

જીવાત્મા કદી ઉત્પન્ન થયો નથી. એ સદા પૂર્વે હતો જ. (૧) જો જીવાત્માને ઉત્પન્ન થતું એક કાર્ય માનીએ તો તેનો કર્તા—ઉત્પાદક પણ માનવો જ જોઈએ. તે ઉત્પાદક જો ઈશ્વરનો આત્મા કહીએ તો તે ઈશ્વરના આત્માનો ય કોઈ ઉત્પાદક કહેવો પડે. જો કોઈ બીજા ઈશ્વરના આત્માને પ્રથમ ઈશ્વરાત્માનો ઉત્પાદક કહીએ તો કોઈ ત્રીજો ઈશ્વરાત્મા પણ માનવો પડે જે બીજા ઈશ્વરાત્માનો ઉત્પાદક હોય. આમ થતાં તો કોઈ અંત જ ન આવે. એટલે પછી કદાચ આ સમાધાન પડતું મૂકીને એમ કહેવાય કે જીવાત્માનો ઉત્પાદક જે પહેલો ઈશ્વરનો આત્મા છે તે નિત્ય છે; તે સદા હોય છે; તેને કોઈ ઉત્પન્ન કરતું નથી.

અહીં પ્રશ્ન થાય કે આમ આત્માને નિત્ય માનવો તો પડયો જ ને ? ઉપરથી એક ઉત્પાદક તરીકે ઈશ્વરાત્માને માનવો પડયો તે વધારામાં.

એના કરતાં જીવાત્માને જ નિત્ય માની લેવાનું ઉચિત છે જેથી ઉત્પાદક નિત્ય ઈશ્વરાત્મા વધારામાં માનવો ન પડે.

(૨) વળી બીજી પણ એક દલીલ છે કે જીવાત્મા જો ઉત્પન્ન થયો હોય તો જ્યારે ઉત્પન્ન થયો ત્યારે તો તે શુદ્ધ-નિષ્પાપ જ હતો ને? તો પછી તેને ટાઢ તડકાનાં, જન્મ મરણનાં, રોગ શોકનાં દુઃખો કેમ વેઠવા પડે ? શુદ્ધાત્માને દુઃખ શેનું ? અને જો શુદ્ધાત્મા પણ કારણ વિના દુઃખી થતો હોય

તો તો દરેક ધાર્મિક જીવાત્માની, શુદ્ધાત્મા બનવા માટેની જે સાધના છે તેનો કોઈ અર્થ જ રહેતો નથી. કેમકે જન્મ મરણાદિના દુઃખોથી મુક્તિ મેળવવા માટે જ તપ–ત્યાગની સાધના છે. એ સાધનાથી શુદ્ધાત્મપદ પ્રાપ્ત થયા પછી પણ જો સંસારમાં જન્મ લેવો પડે અને દુઃખો ભોગવવા પડે તો શુદ્ધાત્મપદ મેળવવા માટે, પ્રત્યક્ષ મળતાં સુખો છોડીને ત્યાગ–તપનાં દુઃખ શા માટે વેઠવા જોઈએ ?

એટલે આ શુદ્ધાત્મા જો ઉત્પન્ન થતો હોય તો તે સંસારનાં દુઃખોમાં ઝીંકાય જ નહિ એ વાત નિશ્ચિત થઈ જાય છે.

એટલે હવે જન્માદિના દુઃખોમાં ઝીંકાતો જીવાત્મા શુદ્ધ ન જ હોય એ ઉપરથી એ વાત ફલિત થાય છે કે જીવાત્મા કદી ઉત્પન્ન થયો નથી.

(૩) વળી જયાં કયાંય પણ એનો જન્મ થયો ત્યારે એ અશુદ્ધ જ હતો, રાગ—દ્વેષના ભાવોથી યુક્ત જ હતો. વળી એના જે જન્મ વગેરે થયા તે પણ પેલા સોળમા ગ્રુપની રજકણોના કારણે જ થયા, ( જે વાત આગળ જણાવવામાં આવશે ) તો તે રાગ–દ્વેષના ભાવો અને તે રજકણોનો સંગ્રહ તેણે કયાં કર્યો હતો ? આનો જવાબ એક જ હોઈ શકે કે એ જન્મ પહેલાં જીવાત્માએ કયાંક જન્મ લીધો જ હતો; જ્યાંના જીવનમાં તેણે કર્મોનો સંચય કર્યો. વળી ત્યાં પણ એ જ પ્રશ્ન થાય કે તે પૂર્વનો જન્મ તેણે જે કર્મથી મેળવ્યો તે કર્મનો તેણે કયાં સંચય કર્યો હતો ? આનો પણ એ જ ઉત્તર આપી

શકાય કે એ પૂર્વના પણ પૂર્વ જન્મમાં એ કર્મસંચય એણે કર્યો હતો. આમ દરેક જન્મની પૂર્વે એ જન્મદાયક કર્મ માનવું જ પડે, અને એ કર્મનો ઉત્પાદક પૂર્વ પૂર્વ ભવ પણ માનવો જ રહ્યો.

આમ યુકિલડના કયુ. ઈ. ડી. ની જેમ અહીં એ વાત સિદ્ધ થઈ જાય છે કે જીવની ઉત્પત્તિ કદાપિ કોઈએ કરી નથી. જીવ તો અનાદિ-નિત્ય છે. આની સાથે સાથે બીજી એ વાત પણ સિદ્ધ થઈ જાય છે કે જન્મ, જીવન અને મરણની પરંપરા જીવાત્માઓ જ્યાં પામ્યા કરે છે તે જગત પણ કદી ઉત્પન્ન થયું નથી પરન્તુ એ પણ અનાદિ–નિત્ય છે. (જો જગત ઉત્પન્ન થયું હોય તો તેની ઉત્પત્તિ પૂર્વે જીવાત્માઓ જન્મ-જીવન-મરણ કયાં પામતા હતા એ પ્રશ્ન થાય.) અને એ સાથે ત્રીજી પણ વાત સિદ્ધ થઈ જાય છે કે જીવાત્મા અને તેના જગતનું ઉત્પાદક જે તત્ત્વ છે તે કર્મનો સંયોગ પણ અનાદિ-નિત્ય છે.

ટૂંકમાં જીવ, જગત અને કર્મ ત્રણે ય અનાદિ-નિત્ય સાબિત થાય છે. બેશક, કર્મ અને જગત સતત પરિવર્તન પામે છે પરંતુ એક જાય તો બીજું અવશ્ય ત્યાં આવે જ. આમ પ્રવાહની ધારા તો સતત ચાલુ રહે જ છે.

હવે આપણે એ વાત વિચારશું કે આ કર્મની રજકણો આત્મા ઉપર ચોંટે છે શાથી ? ટૂંકમાં તો એટલું કહી શકાય કે રાગ-દ્વેષાદિ ભાવો અને મન-વચન-કાયાની પ્રવૃત્તિઓથી કર્મનો બંધ થાય છે. પરંતુ એ જ વાતને હવે થોડી સૂક્ષ્મતાથી વિચારીએ.

[૪]

## કર્મબંધના ચાર હેતુ

સોળમા ગ્રુપની કાર્મિક રજકણો જીવાત્માને કયા કારણે ચોંટતી જ રહે છે એ વાત આપણે આ પ્રકરણમાં વિચારશું.

ભગવાન જિન ત્યાગ-તપની અસાધારણ સાધના કરીને પોતાના આત્મા ઉપરની ઘાતક કર્મ-રજકણોને દૂર કરી શકયા હતા. એ કચરો દૂર થતાંની સાથે જ એમના આત્મામાં રહેલો જ્ઞાનનો પ્રકાશ એકદમ પ્રગટી ગયો. એ પ્રકાશમાં પોતે સમગ્ર વિશ્વને અને ભૂત-ભાવી વગેરે સર્વ કાળની સર્વ ઘટનાઓને જોવા લાગ્યા હતા.

આપણને આરીસામાં એક સાથે અનેક વસ્તુઓ દેખાવા લાગે છે તેમ.

આ વિશ્વદર્શનમાં તેમણે સર્વ જીવાત્માઓનું દર્શન કર્યું. પોતે જે ઉચ્ચતમ આત્મ-સ્થિતિને પ્રગટ કરી. એ જ સ્થિતિ દરેક જીવાત્મામાં અપ્રગટરૂપે પડેલી છે તે ય જોયું. દરેક જીવાત્મા શુદ્ધસ્વરૂપ પરમાત્મા જ છે પરંતુ સોળમા ગ્રુપની

કાર્મિક-રજકણોથી એનું પરમાત્મ સ્વરૂપ ઢંકાઈ ગયું છે. એના જ પરિણામે જીવાત્માઓ જન્મ-મરણ વગેરે દુઃખોમાં અને કંચન-કામિની વગેરેના ભાડુતી-આભાસિક સુખોમાં પલોટાયા કરે છે એ સત્ય પણ તેમને આત્મસાત્ થયું.

જીવાત્માના પરમાત્મસ્વરૂપને ઢાંકી દેનાર કાર્મિક અણુઓ કયા હેતુથી જીવાત્મા ઉપર ચોંટયા કરે છે તે પણ તેમણે સાથે સાથે જોયું અને પરમ કૃપાળુ પરમાત્માએ આપણને જણાવ્યું કે અસુંદર કાર્મિક અણુઓને ચોંટતા રહેવામાં ચાર કારણો છે.

(૧) હૃદયમાં સત્ય પ્રત્યેના કટ્ટર પક્ષપાતનો અભાવ.[૮]

(૨) જીવનમાં સત્યના જીવંત આચરણનો અભાવ.[૯]

(૩) જીવાત્મામાં ઉત્પન્ન થતાં રહેતાં અતંદુરસ્ત ખળભળાટ.[૧૦]

(૪) મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ.[૧૧]

મિત્રો, આ ચારે ય વાતોને વધારે સારી રીતે સમજવી હોય તો તમારે તેના અંગેના બીજાં પુસ્તકો જોવા રહ્યાં કેમકે અહીં તો આપણે બહુ જ સંક્ષેપમાં આ વાતોની સ્પષ્ટતા કરી લેવી છે.

તમે એ વાત તો જાણતા જ હશો કે આ જગતમાં સત્ય અને અસત્ય બે જ તત્ત્વો છે. એ બે ય અનાદિકાળથી છે. જેમ અસત્યનું તોફાન અનાદિકાળથી છે તેમ તેની સામે સત્યનું

૮. મિથ્યાત્વ ૯. અવિરતિ ૧૦. કષાય ૧૧. યોગ

અહિંસક યુદ્ધ પણ અનાદિકાળથી ચાલ્યાં જ કરે છે. જગતમાં ક્યારેક સત્યનું બળ વધે છે તો ક્યારેક અસત્યનું બળ વધી જાય છે. દરેક જીવાત્મામાં પણ આ જ રીતે એકબીજાનું બળ વધતું-ઘટતું જોવા મળે છે.

જ્યાં જન્મ-જરા-મરણ વગેરે દુઃખો નથી, જ્યાં રોગોની ભયંકર વેદનાઓ નથી; જ્યાં કૌટુમ્બિક કલેશ નથી; જ્યાં સ્ત્રી, પૈસો વગેરેના કારણે જન્મતાં સ્વાર્થની મારામારીઓ નથી; તેમ જ તેમના સુખોની ભ્રાન્ત કલ્પનાઓ નથી એવું એક સ્થાન છે જેને આત્માની મુક્તિનું પદ કહેવાય છે. જન્મ-મરણ વગેરે બધાં ય જીવાત્માનાં બંધનો છે. એ એની ગુલામીની દશા છે. એને સુખ મળે તો ય તે નજરકેદના સુખ છે. પરંતુ અફસોસની વાત એ છે કે અનાદિકાળથી આ બંધનોમાં જ રહીને ટેવાઈ ગએલા જીવાત્માને બંધન-મુક્તિના સુખના ભેદની કલ્પના કરવાનું પણ અશક્ય બની ચૂક્યું છે.

કરોળિયો પોતાની જ આસપાસ પોતાનું બંધન પોતાની જ જાતે ઊભું કરે છે એવી જ રીતે જીવાત્મા પોતે જ રાગ-દ્વેષ અને અજ્ઞાનના કારણે જન્મ-મરણાદિનાં બંધનોની જાળ ગૂંથે છે.

અસત્યનો આ કેવો કારમો પક્ષપાત! મુક્તિના સત્યની આ કેવી ક્રૂર મશ્કરી!

અસત્યના કટ્ટર પક્ષપાતની-એટલે કે સત્યના કટ્ટર પક્ષપાતના અભાવની-જીવલેણ દશામાં જીવાત્મા અનંતકાળથી

ફસાએલો રહ્યો. એના અંતરમાં ક્યારે પણ સત્ય પ્રત્યેનો સભાન પક્ષપાત ન જાગ્યો તે ન જ જાગ્યો.[૧૨]

અને આ આજ કારણે સોળમાં ગ્રુપના કાર્મિક અણુઓ ધસારાબંધ આવતાં જ રહ્યા અને જીવાત્મા ઉપર ચોંટતાં જ રહ્યાં.

મિત્રો, આ વાત ઉપરથી તમે સમજી શકયા હશો કે સાત્વિક સુખના ઝરણાનું ઉગમસ્થાન તો સત્યનો કટ્ટર પક્ષપાત જ છે.

પક્ષપાત એટલે પક્ષપાત. સત્યનું આચરણ કદાચ ત્યાં ન પણ હોય. આચરણ ભલેને કદાચ અસત્યનું હોય પરન્તુ પક્ષપાત તો સત્યનો હોય. સત્યનું આચરણ એ જીવનની વસ્તુ છે જ્યારે સત્યનો પક્ષપાત એ હૃદયની વસ્તુ છે.

પણ જીવાત્માએ તો આવું પણ ન કર્યું. એણે તો અસત્યના આચરણના દારુ ઢીંચે જ રાખ્યા અને હૃદયમાં પણ એ અસત્યને જ સુંદરમાં સુંદર માની રાખ્યું.[૧૩]

પણ એક સમય આવી લાગે છે જ્યાં જીવાત્માની હૃદયની સ્થિતિ પલટાય છે. સદ્ગુરુનો એને સંગ થાય છે. એ યોગને હવે સફળ બનવાનો કાળ પણ પાકી ચૂકયો છે. એ ખૂબ જ શાન્તિથી સદ્ગુરુને સાંભળે છે. સત્ય અને અસત્ય એ ય તત્વના ભેદને સારી રીતે સમજે છે. એનું અંતર હલબલી ઊઠે છે. એના આંતર ચક્ષુ ઊઘડી જાય છે. હવે અસત્ય પ્રત્યેના કટ્ટર પક્ષ-

૧૨ મિથ્યાત્વભાવ ૧૩ મિથ્યાત્વયુક્ત અવિરતિભાવ

પોતનું જોર એના હૃદયમાંથી તૂટી પડે છે; એ સત્યનો કટ્ટર પક્ષપાતી બને છે. હવે એનું હૃદય શુદ્ધ થાય છે.

હૃદય-પરિવર્તન જન્મ પામે છે.[૧૪]

જેનાં હૃદયનું પરિવર્તન થાય એના જ જીવનનું સાચું પરિવર્તન થાય. હૃદયના પરિવર્તન વિનાનું જીવન–પરિવર્તન અશક્ય છે. સાચું જીવન પરિવર્તન કરવું હોય તો પ્રથમ હૃદયનું પરિવર્તન અનિવાર્ય છે. એટલે જે જીવાત્મા સત્યનો કટ્ટર પક્ષપાતી બને છે, તેનું હૃદય પરિવર્તન તો થયું એટલે વહેલામાં વહેલી તકે એની અસર એના જીવન ઉપર પડે છે અને એનું જીવન પણ ધીમે ધીમે અસત્યના આચરણથી મુક્ત થતું જાય છે; વધુને વધુ પ્રમાણમાં સત્યના આચરણને પચાવતું જાય છે. છેવટે જીવન પણ પૂર્ણ સત્યમય બની રહે છે.

હૃદયપરિવર્તન પછી જીવન–પરિવર્તન તો ઝપાટાબંધ થવા લાગે જ.

પરન્તુ મિત્રો ! ક્યારેક એવું પણ બને છે કે હૃદયપરિવર્તન થઈ જાય અને જીવન–પરિવર્તન થએલું જોવા ન મળે. કેટલાક સંયોગો, કેટલાક સંસ્કારો જીવાત્માનું જીવનપરિવર્તન શક્ય બનવા દેતાં નથી. સત્યનો કટ્ટર પક્ષપાત હૃદયમાં જીવંત બની જવા છતાં આચરણમાં સત્ય ઉતારી શકાતું નથી.

---

૧૪ મિથ્યાત્વમુક્ત–અવિરતિભાવ.

આ એક ખૂબ જ અસહ્ય સ્થિતિ છે. જે જીવાત્માઓ હૃદય અને જીવનની આવી વિસંવાદિતામાં ફસડાય છે તેઓ જીવલેણ મનોવ્યથાનો ભોગ બને છે. સત્યનો પ્રેમ જાગે અને સત્યનું જીવન ન જામે એ ખૂબ જ દુઃખદ સ્થિતિ બની રહે છે.

પાણી વિના માછલી તરફડે તેમ એ જીવાત્માઓ સત્યના આચરણના અભાવે તરફડતા હોય છે.

તમને એક વાત કહું. એક માણસ છે. ત્રીસ વર્ષની ઉંમરથી રોજ પચાસ સિગારેટ ફૂંકે છે. એંસી વર્ષની બુઝર્ગ વયે એને કોઈ ડૉક્ટર મળે છે. સિગારેટની ભયાનકતા એના હ્રયયમાં ઠસાવી દે છે. ભાવીમાં કેન્સરનો ભયંકર રોગ થવાની આગાહી કરે છે. પેલા માણસને આ વાત હૃદયમાં બરોબર જચી જાય છે. પણ અફસોસ કે એ સિગારેટ છોડી શકતો નથી. કેમકે વર્ષોની કુટેવના સંસ્કારના મૂળિયાં ખૂબ જ ઊંડાં ઊતરી ગયાં છે. શારીરિક સંયોગો પણ એવા બની ગયા છે કે જો સિગારેટ ન પીએ તો તેનું માથું જ ઘૂમવા લાગે અથવા તો મળશુદ્ધિ થાય જ નહિ.

હવે શું થાય? આવો માણસ સિગારેટ પીધા વિના રહી શકતો નથી. આંખ સામે કેન્સરનો જીવલેણ વ્યાધિ રમી રહ્યો છે. શારીરિક અસ્વસ્થતાની કલ્પનાઓ તેને બેચેન બનાવે છે. એટલે તે પનામાનું બોકસ ઘરમાં તો લાવે છે, પણ ધ્રૂજતા હાથે; બોકસમાંથી સિગારેટ કાઢે પણ છે, પણ ધ્રૂજતા હાથે; સળગાવીને મોંમા મૂકે છે, પણ ધ્રૂજતા હાથે; એનું અંતર

ફફડે છે કેન્સરના રોગની આગાહીથી; એની સાંયોગિક લાચારી એને હતાશ બનાવે છે.

મિત્રો, તમે જોયું ને કે હૃદયનું પરિવર્તન થયા પછી પણ આ માણસનું જીવનપરિવર્તન થઈ જતું નથી. તેથી જ આવી પરિસ્થિતિમાં ફસાએલા માણસની મનોદશા કેટલી બધી દુ:ખદ બને છે તે જુઓ.

સિગારેટ નહિ પીવાના સત્યનો તે કટ્ટર પક્ષપાતી બન્યો; છતાં એ સત્યને આચરણમાં ઉતારી ન શક્યો !

આ રીતે જે જીવાત્માઓ હૃદયથી સત્યના કટ્ટર પક્ષપાતી બને છે તેમને અસુંદર કાર્મિક અણુઓના મેલા પાણીને ધસ્યા આવવા માટેનું પહેલા નંબરનું મોટું બાકોરું તો બંધ થઈ જ જાય છે અને તેથી તે જીવાત્માના તળાવમાં તેટલા ગંદાં પાણી આવતાં ઓછા તો થઈ જ ગયાં; પછી જો સત્ય આચરણમાં ય ઊતર્યું અને એ રીતે જીવન પરિવર્તન પણ થવા લાગ્યું તો તો ખૂબ મજાની વાત.

પછી તો બીજા નંબરનું જે મોટું બાકોરું છે–કે જેમાંથી સત્યના આચરણના અભાવને કારણે કાર્મિક અણુનાં ગંદાં જળ જીવાત્મા ઉપર ધસ્યાં જ આવે છે–તે ય બંધ થવા લાગ્યું. જેટલા અંશમાં સત્યનું આચરણ તેટલા અંશમાં એ બાકોરું બંધ. જો પૂર્ણ સત્યાચરણ તો પૂર્ણ બંધ.

પણ જે જીવાત્માઓ હૃદયથી સત્યના કટ્ટર પક્ષપાતી બન્યા છતાં જીવનમાં સત્યને ઉતારી શક્યા નહિ એમને માટે તો

માત્ર પહેલું જ મોટું બાકોરું બંધ થયું. પરન્તુ બીજું તો ઉઘાડું જ રહ્યું.

છતાં હૃદય અને જીવન વચ્ચેની આવી વિસંવાદિતા લાંબો સમય ટકતી નથી. જેમ બને તેમ જલદીથી એવો સમય આવી જ લાગે છે કે જ્યારે હૃદયમાં ઊતરેલું સત્ય જીવનમાં પણ ઊતરી જાય છે.

સોળમા ગ્રુપના કાર્મિક અણુઓને જીવાત્મા ઉપર ચોંટવાનાં બે કારણો આપણે વિચાર્યાં.

હવે ત્રીજું કારણ જોઈએ. એ છે જીવાત્મામાં જાગતા કેટલાક અતંદુરસ્ત ખળભળાટો. [૧૫]

તપ-ત્યાગની ભવ્યતમ સાધનાથી જે જીવાત્માઓ સજ્જ બન્યા નથી તે તમામ જીવાત્માઓમાં કેટલાક અતંદુરસ્ત ખળભળાટો સતત ઉત્પન્ન થતા જ રહે છે. કેટલીકવાર આ સંઘર્ષો ઉગ્ર સ્વરૂપમાં દેખાઈ જાય છે, બાકી સામાન્ય રીતે મંદ સ્વરૂપે તો હંમેશ હોય જ છે.

જેણે સંસારનો ત્યાગ કર્યો છે તેવા સંતો કે જેઓ હજી તપ-ત્યાગની પ્રાથમિક કે માધ્યમિક કક્ષામાંથી પસાર થઈ રહ્યા છે તેમને પણ આવા સંઘર્ષો સતત ચાલતા હોય છે.

ભગવાન જિને આ સંઘર્ષના ચાર પ્રકાર બતાવ્યા છે. (૧) ક્રોધના ધમધમાટ, (૨) અહંકારના ફૂંફાડા, (૩) દંભના

૧૫. ક્રોધ, માન, માયા, લોભ.

પ્રપંચો અને (૪) સત્તા, સંપત્તિ, સુન્દરી, શરીર વગેરે ઉપરની આસક્તિ.[૧૬]

આ ચારે ય ખળભળાટો ભયંકરમાં ભયંકર ડાકુમાં હોય છે, બહુ સુખી શ્રીમંતમાં હોય છે, અત્યન્ત બુદ્ધિમાન ગણાતા માનવોમાં હોય છે, સત્તાના સ્વામીઓમાં હોય છે, એક નાનકડી કીડીમાં ય હોય છે અને સંતોની દુનિયામાં પણ અમુક કક્ષા સુધી હોય છે !

સંતોમાં ય અણગમતું થતાં ક્રોધની પાતળી લાગણી, વિદ્વત્તાનું કે તપ-ત્યાગનું સાધારણ અભિમાન, અત્યન્ત ઉન્નત આધ્યાત્મિક અવસ્થા ન પામ્યા છતાં તેવું બતાડવાની લાગણી કે શરીર, ભક્તો વગેરેના મમત્વનો ભાવ હોય છે.

હા. જે સંતો બહુ ઊંચી કહી શકાય એવી આધ્યાત્મિક સ્થિતિને પામ્યા હોય તેમનામાં જ આ ખળભળાટોનો અંશ પણ જોવા ન મળે. આ મંદ સંઘર્ષ પણ કયારેક બહુ જ ખતરનાક નીવડતો હોય છે. એમાં જ્યારે ઉગ્રતા આવી જાય છે ત્યારે ઘણી ઉન્નત સ્થિતિ પામેલા સંતને પણ તે એક ક્ષણમાં નીચે પટકી દે છે.

આ છે કાર્મિક અણુના ગંદા જળને જીવાત્મા ઉપર ફરી વળવા માટેના ત્રીજા બાકોરાની કથા !

અહીં કયારેક એવું પણ બને છે કે આ બાકોરામાંથી કેટલીક વાર નિર્મળ જળ પણ પેસી જાય છે ખરું.

---

૧૬ લોભ.

કેમકે કેટલીકવાર ક્રોધ વગેરેના ખળભળાટો સુંદર પરિણામ લાવવા માટે જાણીબુઝીને દેખાડવા પડતા હોય છે. જેમકે વિદ્યાર્થીની આળસ ઉડાડવા માત્ર દેખાડવામાં આવતો સદ્ગુરુનો ક્રોધભાવ.

પરન્તુ આવા સારા કહી શકાય તેવા ખળભળાટો પ્રમાણમાં અત્યલ્પ હોય છે.[૧૭]

હવે આપણી ચોથું કારણ જોઈએ. આપણે મન, વાણી અને કાયાની તમામ પ્રવૃત્તિઓથી[૧૮] પણ કાર્મિક અણુઓ આત્મા ઉપર ચોંટયા કરે છે. જેમ ખળભળાટોમાં સારા નરસા બે પ્રકાર હોય છે તેવું અહીં પણ છે. મનથી કોઈનું શુભ પણ વિચારી શકાય છે, વાણીથી પ્રિય અને સત્ય પણ બોલી શકાય છે અને કાયાથી સારો વર્તાવ પણ દાખવી શકાય છે. જ્યારે આવું બને છે ત્યારે જે કાર્મિક અણુઓ જીવાત્મા ઉપર ચોંટે છે તે કર્મજનિત સુખનો અનુભવ કરાવે છે.

મિત્રો, સોળમા ગ્રુપના કાર્મિક રજકણોને આવવાનાં ચાર કારણો આપણે તપાસ્યાં.

જીવાત્મા એ કોરું તળાવ છે, અને ઉપરનાં ચાર કારણો એ તળાવમાં પાણી આવવા માટેની નળીઓ છે.

કાર્મિક અણુઓ એ પાણી છે. એ ચારેય નળીઓમાંથી ઘસ્યું જ આવે છે જેમ જેમ જીવાત્મા બંધન-મુક્તિની વિકાસ

૧૭ પ્રશસ્ત કષાયો. ૧૮ યોગ.

યાત્રામાં આગેકૂચ કરતો જાય છે તેમ તેમ નળીઓનાં મોં બંધ થતાં જાય છે. સૌ પ્રથમ પહેલી નળીની લાઈન બંધ થાય છે. પછી ક્રમશ: બીજી, ત્રીજી વગેરે નળીની લાઈન પણ બંધ થતી જાય છે.

જેમ જેમ નળીઓ બંધ થતી જાય છે તેમ તેમ નવું કાર્મિક અણુજલ જીવાત્માના તળાવમાં આવી શકતું નથી. જૂનું જલ તપ-ત્યાગના સૂર્યથી શોષાતું જાય છે. અંતે એ તળાવ સાવ ચોખ્ખું થાય છે.

જીવાત્માની આ વિશુદ્ધ સ્થિતિ એ જ એના પરમાત્મ-સ્વરૂપનો આવિર્ભાવ છે.

કાર્મિક અણુનાં તમામ આવરણો દૂર થતાં જ વિશ્વજ્ઞાનનો પ્રકાશ પ્રગટી જાય છે.

એટલે મિત્રો, આત્મા ઉપરથી કર્માણુની આખી ફોજ દૂર કરવી હોય, એનો જરા પણ જથ્થો રહેવા દેવો ન હોય તો આપણે બે કામ કરવાં જોઈએ. (૧) જે નવો ધસારો ચાલુ છે[૧૯] તેને અટકાવી દેવો જોઈએ.[૨૦] (૨) જે કર્માણુનો જથ્થો આત્મા ઉપર આવી ચૂક્યો છે તેનો ખાત્મો બોલાવી દેવો જોઈએ.[૨૧] જીવાત્માને તળાવની ઉપમા આપીને આપણે આ જ બે વાત વિચારી ને? જે નળીઓ છે તે કર્માણુના ગંદા જળના ધસારાનું સાધન છે. પણ તે નળીઓનાં મોંને ડટ્ટો મારી દઈએ તો? નવો ધસારો બંધ જ થઈ જાય. અને ત્યાર પછી

---

૧૯ આશ્રવ ૨૦ સંવર ૨૧ નિર્જરા.

તપ-ત્યાગનો સૂર્ય તપવા લાગે એટલે ધીરે ધીરે તળાવમાં આવી ચૂકેલું ગંદું પાણી પણ સુકાઈ જાય.

એક નગર ઉપર શત્રુસૈન્ય ચડી આવ્યું હોય અને શરૂઆતમાં જ જો નાગરિકો ગફલતમાં રહી જાય તો અવશ્ય કેટલુંક સૈન્ય અંદર પેસી જાય. પછી ધીંગાણું મચે ત્યારે પ્રથમ જો બહારથી આવતો ધસારો અટકાવવામાં આવે અને પછી અંદર પેસી ગએલાને ખતમ કરવામાં આવે તો જ વિજય મળે.

આમ બે કામ થાય ત્યારે તમામ કર્માણુનો નાશ થાય.

મિત્રો, ક્યારે આપણે સત્યના પક્ષપાતનું હૃદય પરિવર્તન કરશુ? પછી ક્યારે એ સત્યને આચરણમાં ઉતારીને જીવન-પરિવર્તન કરશું? પછી ક્યારે પેલા ચારે ય ખળભળાટોને શાન્ત કરી દઈશું?

અને પછી મન-વાણી અને કાયાની સર્વહિતકર પ્રવૃત્તિ કરતાં કરતાં એનાથી પણ નિવૃત્ત થઈને શુદ્ધાત્મસ્વરૂપ પ્રગટ કરશું? ક્યારે આવશે માંગલ્યોથી ખીચોખીચ ભરેલી પરમ પવિત્ર પળો?

[૫]

## કર્મબંધ

હવે આપણે થોડા આગળ વધીએ.

સોળમા ગ્રુપની કાર્મિક રજકણો જીવાત્મા ઉપર કયા કારણોથી ધસી આવે છે તે આપણે હમણાં જ જોયું.

એક વાત તો પૂર્વે જ કહેવાઈ ગઈ છે કે જીવાત્માને સુખ દુઃખ વગેરે આપનાર તરીકે ઈશ્વર જેવું કોઈ સ્વતંત્ર તત્વ છે જ નહિ. ઈશ્વર ઉપાસ્ય તત્ત્વ તરીકે જરૂર છે પરન્તુ એનામાં જગત્કર્તૃત્વ તો નથી જ.

હવે પ્રશ્ન થાય કે તો પછી જીવાત્માને સુખ દુઃખ, જન્મ-મરણ, રોગ-શોક વગેરે કોણ આપે છે? સર્વજ્ઞ ભગવાન જિન કહે છે કે એ બધાં ય કાર્યો કાર્મિક રજકણો જ કરે છે. આપણી આજની વૈજ્ઞાનિક પરિભાષામાં એમ કહી શકાય કે કાર્મિક રજકણો એ આજના સ્વયંસંચાલિત યન્ત્રો જ છે. બધું ય પહેલાંથી જ નક્કી થઈને ગોઠવાઈ જાય છે. પછી તો એ યન્ત્રો આપમેળે જ પોતાનાં કાર્યો તે તે સમયે કરતાં રહે છે.

જ્યારે સોળમા ગ્રુપની રજકણો જીવાત્મા ઉપર આવીને ચોંટે છે; એટલે કે જીવાત્મા સાથે બંધાઈને દૂધ-પાણીની જેમ એકરસ થઈ જાય છે ત્યારે જ-તે જ સમયે એ કાર્મિક રજ-કણોમાં ચાર વસ્તુઓ નક્કી થઈ જાય છે.

જીવાત્માને કાર્મિક રજકણો બંધાઈ એનો અર્થ જ એ છે કે જીવાત્માને કાર્મિક રજકણોની ચાર પરિસ્થિતિઓ બંધાઈ ગઇ. અહીં બંધાવવું એટલે નક્કી થવું એવો સ્થૂલ અર્થ લઈને આપણે આગળ વધીશું.

કોઈ એક જીવાત્માને રજકણો ચોંટી કે તરત જ તે રજકણોનો સ્વભાવ ( Nature ) નક્કી થઈ જાય છે. તે રજકણોને જીવાત્મા ઉપર રહેવાનો કાળ ( Period ) નક્કી થઇ જાય છે. તે રજકણોનું બળ ( Power ) નક્કી થાય છે અને તે રજકણોની સંખ્યા ( Quantity ) નક્કી થઇ જાય છે.

## (૧) સ્વભાવ નિર્ણય[૨૨]

જે કોઈ રજકણોનો જથ્થો[૨૩] જીવાત્માને ચોંટયો તેનો સ્વભાવ નક્કી થવામાં તે રજકણો ચોંટવામાં કારણ શું હતું તે મુખ્ય હેતુ છે. ધારો કે એક માણસ ખૂબ શ્રીમંત છે. કંજૂસ પણ એટલો જ છે. આ માણસના બંગલે કોઈ ગરીબ માણસ મદદ માટે આવે છે. એની વાત પણ પેલો સાંભળતો નથી અને એને ધક્કો મારીને કાઢી મૂકે છે.

૨૨ પ્રકૃતિબંધ ૨૩ સ્કન્ધ

હવે આવી દ્વેષની વૃત્તિ સાથે તેણે મનથી દુષ્ટ વિચારો કર્યા, વાણીથી ગાળ બોલ્યો, કાયાથી ધક્કો માર્યો તે વખતે જે કાર્મિક રજકણોનો જથ્થો એના આત્મા ઉપર ચોંટી ગયો તેનો સ્વભાવ શું નક્કી થાય ? મિત્રો, તદ્દન સીધી વાત છે કે આવી રીતે બીજાને દુઃખ દેનાર માણસ પોતે અવશ્ય દુઃખી થાય. આજે નહિ તો કદાચ કાલે, આ જીવનમાં નહિ તો કદાચ ભાવીના કોક જીવનમાં ! આમ એ સમયે ચોંટતા કાર્મિક જથ્થાનો દુઃખ દેવાનો સ્વભાવ નક્કી થઈ જાય છે. આ જ રીતે કોઈને સુખી કરનાર આત્માને એ વખતે ચોંટતા કાર્મિક જથ્થાનો સુખ આપવાનો સ્વભાવ નક્કી થાય છે.

મુખ્યત્વે આઠ જાતના સ્વભાવો છે. તેમાંથી ગમે તે એક સ્વભાવ તે તે ચોંટતા કાર્મિક જથ્થાનો નક્કી થાય છે.

આપણે તે આઠે ય સ્વભાવ અને તેનાં આઠ કારણો ક્રમશઃ જોઈ લઈએ.

(૧) સાચા જ્ઞાની આત્માઓની નિંદા વગેરે કરવાં, એમની સેવા, સ્તુતિ વગેરે ન કરવાં, સત્યનો પ્રકાશ આપતાં પુસ્તકો વગેરેનું અપમાન કરવું, બહુમાન ન સાચવવું; મળેલી બુદ્ધિનો દુરુપયોગ કરવો....આવું કરતાં જે કાર્મિક જથ્થો જીવાત્માને ચોંટતો હોય તેનો સ્વભાવ તે જીવાત્માને જ્ઞાન નહિ થવા દેવાનો નક્કી થાય છે. એટલે કે મહેનત કરીને મરી જાય તો ય એને યાદ ન રહે, યાદ હોય તો ય ભૂલી જાય વગેરે.[૨૪]

---

૨૪ જ્ઞાનાવરણીય કર્મ

(૨) બહેરા, બોબડા, અંધ વગેરેને તિરસ્કારવા, તેમને મદદ ન કરવી, તેમની પ્રત્યે દયાનો ભાવ ન રાખવો, મળેલી આંખો, કાન વગેરે ઇન્દ્રિયોનો સદુપયોગ ન કરવો–દુરુપયોગ કરવો....આવું કરતાં જે કાર્મિક જથ્થો જીવાત્માને ચોંટતો હોય તેનો સ્વભાવ તે જીવને બહેરો, અંધ, બોબડો વગેરે બનાવવાનો, ઘોર નિદ્રા વગેરે આપવાનો હોય છે.[૨૫]

(૩) જીવાત્મા જે ભૌતિક સુખો મેળવે છે તેના પ્રત્યેનો ગાઢ પ્રેમ, તે સુખ ન મળે તો સળગી ઊઠતો ભયાનક દ્વેષ, અત્યન્ત વધુ સ્વાર્થાન્ધવૃત્તિ, સાચા સંતો પ્રત્યેનો અરુચિભાવ, સજાતીય વિજાતીય વગેરે તત્વો પ્રત્યેનાં આકર્ષણો....આવા ભાવો વખતે જે કર્માણુ ચોંટે તેનો સ્વભાવ જીવાત્માને મૂંઝવવાનો છે. સત્યનો પક્ષપાત, સત્યનું આચરણ વગેરેને અટકાવવાનું કામ તથા વૈષયિક સુખોનું આકર્ષણ આ કર્માણુઓ કરે છે.[૨૬]

(૪) છતે પૈસે કોઇને ધન વગેરે દેવું નહિ, કોઇના લાભમાં વિઘ્ન કરવું, કોઇનું અહિત કરવું, ધાર્મિક આત્માઓને જાતે પજવવા, સારા દાનાદિ કરનારાની પ્રશંસા ન કરવી, દાન કરીને પછી સંતાપ કરવો વગેરે.

આ વખતે જે કર્માણુ ચોંટે તેનો સ્વભાવ તે જીવાત્માને ભિખારી બનાવવાનો, શ્રીમંત છતાં અતિકૃપણ બનાવવાનો, ભોગસામગ્રી હોવા છતાં તેનો ઉપયોગ જ ન થઈ શકે તેવા રોગોવાળો બનાવવાનો હોય છે.[૨૭]

---

૨૫ દર્શનાવરણીય કર્મ ૨૬ મોહનીય કર્મ ૨૭ અન્તરાય કર્મ

(૫) બીજાને સુખ–શાન્તિ આપવી કે અસુખ અથવા અશાન્તિ આપવાં વગેરે.... આ વખતે બંધાતો કર્મ–જથ્થો એ જીવાત્માને સુખ–શાન્તિ કે અસુખ-અશાન્તિ આપે છે. જે આપે તે પામે.[૨૮]

(૬) જીવનનો $\frac{૨}{૩}$ ભાગ કે તેથી વધુ ભાગ પસાર થઈ જાય તે વખતે જેવી સારી કે નરસી વૃત્તિ-પ્રવૃત્તિ હોય તે મુજબ તે વખતે ચોંટતા કેટલાક કર્માણુનો એવો સ્વભાવ નક્કી થાય છે કે તેની રૂએ મૃત્યુ પામીને જીવાત્માને વિવિધ ગતિઓમાં જન્મ લેવો પડે છે અને ત્યાં તેને જીવન પસાર કરવું પડે છે.[૨૯]

(૭) દરેક સમયે જીવાત્માને જે કર્માણુ ચોંટે છે તેમાંના કેટલાક કર્માણુનો સ્વભાવ જીવાત્માને ભાવીમાં અમુક જાતનું શરીર, તેના હાડકાંનું અમુક જાતનું બંધારણ, તેની અમુક પ્રકારની આકૃતિ, તેની સારી કે નરસી ચાલ, આંખ વગેરે ઈન્દ્રિયોની પ્રાપ્તિ અને તેની ઉચિત કે અનુચિત સ્થાને ગોઠવણ, સૌભાગ્ય કે દૌર્ભાગ્ય, સુંદર સ્વર કે અપ્રિય સ્વર, આદેયતા કે અનાદેયતા વગેરે આપવાના અનેક નિર્ણય થતાં જ રહે છે.[૩૦]

(૮) કેટલાક ચોંટતા કર્માણુઓ જીવાત્માના રૂપ, વિદ્વત્તા, કુળ, બળ વગેરેના અહંકારને લીધે તેને ભાવીમાં હલકી જાતિમાં જન્મ આપવાનો સ્વભાવ પ્રાપ્ત કરે છે. જ્યારે તે રૂપ વગેરેના નિરહંકારને લીધે, કે તેના સદુપયોગને લીધે ચોંટતા કર્માણુ તે

૨૮ વેદનીય કર્મ ૨૯ આયુષ્ય કર્મ ૩૦ નામ કર્મ

જીવાત્માને ગૌરવભર્યાં કુળ વગેરે સ્થાનો આપવાનો સ્વભાવ પ્રાપ્ત કરે છે.[૩૧]

આમ જીવાત્મા ઉપર ધસ્યા જતા કર્માણુના આઠ સ્વભાવોમાંથી ગમે તે એક સ્વભાવનો નિર્ણય તે તે જથ્થો ચોંટતાની સાથે જ થઈ જાય છે.

મિત્રો, સ્વભાવનો અર્થ તો તમે સમજી ગયા ને! સ્વભાવ એટલે પ્રકૃતિ. આપણે નથી બોલતા કે આ માણસનો સ્વભાવ તો જરા જરામાં ક્રોધ કરવાનો છે! અમુક માણસનો સ્વભાવ ખૂબ જ ઉદાર છે. અમુક સ્ત્રીનો સ્વભાવ બહુ જ બોલકણો છે! બસ. એ જ રીતે જીવાત્માને ચોંટતા કર્માણુના ઉપર કહ્યા મુજબ તે તે કારણે તે તે સ્વભાવો નક્કી થાય છે. એટલે જ્યારે પણ તે કર્માણુ જોર કરશે ત્યારે પોતાના સ્વભાવને તે અનુસરશે અને જીવાત્માને એ સ્થિતિમાં મૂકશે.

આપણે કર્માણુનો સ્વભાવ-નિર્ણય વિચાર્યો. હવે કર્માણુનો સ્થિતિ-નિર્ણય જોઈએ.

## (૨) સ્થિતિ નિર્ણય[૩૨]

જે જે સમયે જીવાત્માને કર્માણુના જે જે જથ્થા ચોંટે છે તેમનો જેમ સ્વભાવ–નિર્ણય તે જ સમયે થઈ જાય છે તેમ તેમનો સ્થિતિ–નિર્ણય પણ ત્યારે જ થઈ જાય છે.

---

૩૧ ગોત્ર કર્મ ૩૨ સ્થિતિબંધ

સ્થિતિનો નિર્ણય એટલે તે કર્માણુનો જથ્થો કેટલા કાળ સુધી જીવાત્માને ચોંટી રહેવાની શક્તિ ધરાવે છે તેનો નિર્ણય.

કોઈ કર્માણુનો જથ્થો આંખના પલકારાથી ય ઓછા કાળ સુધી રહે, કોઇ વળી બે-પાંચ દિવસ રહે, કોઇ પાંચ-પચાસ કે પાંચસો વર્ષ સુધી રહે, તો કોઇ લાખો કરોડો વર્ષ સુધી રહે. અને કોઈ જથ્થો તો વળી અગણિત વર્ષોના કાળ સુધી રહેવાની શક્તિ પણ ધરાવતો હોય.

તમે કદાચ મને એક પ્રશ્ન કરશો કે અમુક એક કર્માણુનો જથ્થો ચોંટયો. તેનો સ્વભાવ કેન્સરનું જીવલેણ દુઃખ આપવાનો નક્કી થયો, અને તેનો સ્થિતિ–નિર્ણય એક હજાર વર્ષ છે. તો શું જેવો તે કર્માણુનો જથ્થો ચોંટયો કે તરત જ–ત્યારથી માંડીને-એક હજાર વર્ષ સુધી તે જીવાત્માના શરીરમાં કેન્સરનું દર્દ લાગુ થઇ જાય ! એની જિંદગી પાંચ જ વર્ષની બાકી હોય તો તે જીવન પૂર્ણ કર્યા બાદ એ જ્યાં જ્યાં જન્મ લે ત્યાં ત્યાંના બધા ખોળિયામાં બાકીના ૯૯૫ વર્ષ સુધી કેન્સરનું દર્દ ચાલુને ચાલુ જ રહે ?

આ પ્રશ્નનું સમાધાન ખૂબ ધ્યાન દઈને સાંભળજો. અહીં મારે તમને બે વાત કરવાની છે. પહેલી વાત તો એ છે કે સામાન્યતઃ તો કર્માણુનો જથ્થો ચોંટતાની સાથે જ પોતાનો નિશ્ચિત થએલો સ્વભાવ બતાવવા લાગતો નથી. કેટલાક કાળ સુધી તો એ જથ્થો એમને એમ તદ્દન શાન્ત પડી રહે છે.

ધારો કે તમે કહ્યું તેમ એક કર્માણુના જથ્થાનો રહેવાનો કાળ એક હજાર વર્ષનો નક્કી થયો છે તો તેમાંના ધારો કે દસ વર્ષ તો તે કર્માણુ શાન્ત જ પડી રહે. ત્યાર પછીના બાકી રહેતા કાળમાં પોતાનો જે સ્વભાવ નિશ્ચિત થએલો હોય તેને પ્રગટ કરે.

તમને આ વાત દાખલો આપીને સમજાવું. માણસ કેરીનો રસ ખાય છે. હવે તે રસ પેટ ભરીને-ખૂબ-ખાધો. આ અતિરેકના કારણે તેને અવશ્ય વાયુ થવાનો છે. પરન્તુ કેરીનો રસ પેટમાં જતાંની સાથે વાયુ થતો નથી. બે અઢી કલાક તો રસ એમને એમ પેટમાં પડી જ રહે છે. ત્યાર પછી જ વાયુનું અજીર્ણ થાય છે.

મિત્રો, કર્માણુને તમે એક પ્રકારનો ટાઇમ બોમ્બ જ કલ્પી લો. બોમ્બ ફોડવાના સ્થાને ટાઈમ બોમ્બ ગોઠવી દીધા પછી એ તરતને તરત ફૂટતો નથી પરંતુ જે સમય નક્કી કરી રાખેલો હોય તે જ સમયે–કલાકે, બે કલાકે, કે પાંચ કલાકે–તે ફૂટે છે.

હવે તમે એ વાત સમજી ગયા હશો કે કર્માણુનો જીવાત્મા ઉપર રહેવા માટે જેટલો કાળ–નિર્ણય થાય છે તેના બે વિભાગ પડે છે. તેમાંનો કેટલોક કાળ શાન્તિનો કાળ રહે છે[૩૩] અને બાકીનો કાળ સ્વભાવનો પરચો બતાડવાનો કાળ હોય છે.

કર્માણુ એટલે ટાઈમબોમ્બ. કેટલોક સમય શાન્ત પડી રહેતો, અને પછી ધડાકા સાથે ફાટી નીકળતો.

---

૩૩ અબાધાકાળ

હવે અહીં બીજી વાત એ સમજવાની છે કે કર્માણુનો જે શાન્તિકાળ છે તેમાં તે કર્માણુના સ્વભાવ વગેરેમાં ઘણાં બધા ફેરફાર થવાની ભારે મોટી શકયતાઓ ઊભી થાય છે. જે કર્માણુનો સ્વભાવ દુઃખ આપવાનો નિશ્ચિત થયો હતો તે જ કર્માણુનો સ્વભાવ સુખ આપવાનો પણ બની જાય. સુખ દેવાના સ્વભાવવાળા કર્માણુનો દુઃખ દેવાના સ્વભાવમાં પલટો થઇ જાય; વગેરે વગેરે જાતના આખા ને આખા સ્વભાવના ફેરફારો એના શાન્તિ–કાળમાં થઇ શકે છે. એ જ રીતે એનો એક હજાર વર્ષનો સ્થિતિ કાળ હોય તેમાં ય મોટી વધઘટ થઈ જાય તેવું પણ તે શાન્તિ–કાળમાં બને. એ સિવાય એના બળમાં પણ મોટી તેજી મંદી બોલાઇ જાય.

એટલે એવો કોઇ નિયમ રહેતો નથી કે જે સ્વભાવ, જે સ્થિતિ, જે બળ વગેરેના નિર્ણયો કર્માણુ ચોંટતી વખતે થયા તે કાયમ જ રહે. ના નહિ જ. એમાં તો ધરખમ ફેરફારો શાન્તિ કાળમાં થઇ શકે છે. માટે કેન્સરના રોગનું દુઃખ આપવાનો સ્વભાવ તથા તેનો એક હજાર વર્ષનો કાળ–નિર્ણય–બે ય માં-ઘણી બધી તેજી મંદી આવી શકે છે. મિત્રો ! તમે અમેરિકાના સૌથી વધુ શ્રીમંત ગણાતા રોકફેલરની આત્મકથા વાંચી છે ? તેમાં તેમણે પોતાને પુખ્ત વયમાં આવેલી માંદગીની વાત લખી છે. એ માંદગી એમને ખૂબ જ અસહ્ય નીવડી હતી. કેટલીય રાત તો તેમણે જરાય આંખ મીંચ્યા વિના પસાર કરી હતી. એક વાર એ ખૂબ ત્રાસી ગયા. એમણે ડૉકટરોનો ઊધડો લઇ

નાખ્યો. જે અડફેટમાં આવ્યા તે બધા ય ને ધમકાવી નાખ્યા. 'પ્રેમ' 'પ્રેમ' ની વાતો કરનારનો 'પ્રેમ' ક્યાં ગયો ? કેમ કોઇ મારા દુઃખનો ભાગીદાર થતો નથી ?

એક રાતની વાત છે. સહુ સૂઇ ગયા છે. માત્ર રોકફેલર જાગે છે. પથારીમાં પડ્યા પડ્યા એ વિચારે ચડે છે. 'આટ-આટલી સંપત્તિ મારી પાસે છતાં, સારામાં સારા ડૉકટરો મારી સેવામાં રોકાયા હોવા છતાં, કોઇ પણ વાતની કમી ન હોવા છતાં, મારું દુઃખ ન જાય ? આ તે કેવી વાત ? આજ સુધી હું એમ જ સમજ્યો છું કે જગતમાં પૈસો જ અંતિમ વસ્તુ છે. જેની પાસે પૈસો હોય એને દુઃખનું સ્વપ્ન પણ ન આવે; પૈસાથી એ ધારે તે ખરીદી શકે ! હું એક જ નહિ, આખી દુનિયાના લોકો આ માન્યતાને કારણે પૈસો મેળવવાનો ભીષણ પુરુષાર્થ કરી રહ્યા છે.

પણ......

પણ આજે હું આ શું અનુભવું છું ? પૈસો હોવા છતાં મારા એકલાનું દુઃખ પણ ન જાય ! ઓહ ! તો પૈસાનું આ પાગલ-પન શા કામનું ! એને મેળવવા ખાતર તો મેં રાત ને દિવસ જોયા નથી, મારા જીવનમાં પણ હું ખાસ કશો ભોગ-વિલાસ અનુભવી શક્યો નથી. કૃપણ માણસ તરીકે હું ખૂબ જ વિખ્યાત બન્યો છું. અનેકોના પસીના ઉતારીને, લોહી નીચોવીને જે પૈસો મેં ભેગો કર્યો તે બધો ય-ભેગો મળીને પણ મારું આજનું

દુઃખ દૂર ન કરી શકે તો પછી સંપત્તિ પાછળ મારી દોટ એ મારા જીવનની ગંભીરમાં ગંભીર ગણી શકાય એવી ભૂલ છે.

ખેર...જે બન્યું તે બની ગયું. પરંતુ આ રાત્રિએ હમણાં જ હું પરમેશ્વરની સાક્ષીએ-એનું સ્મરણ કરીને સંકલ્પ કરું છું કે જો હું આ દુઃખમાંથી મુક્ત થાઉં તો મારી સંપત્તિનું છૂટે હાથે દાન કરું.

મારા જેવો સંપત્તિમાન માણુસ પણ છતે ડૉકટરોએ જો આટલી યાતના વેઠે તો બિચારા ગરીબ માણસોની તો શી દશા થતી હશે ! ન મળે ડૉકટર, ન મળે ઔષધ !'

મિત્રો, જોરદાર સંકલ્પના બળે કમાલ કરી નાખી. આગામી ક્ષણોમાં દુઃખ આપવાના સ્વભાવ–નિર્ણયવાળા ચોંટેલા જે કર્માણુઓ ભયંકર ત્રાસ આપવાના હતા તે આ શુભ સંકલ્પના બળે સુખ આપવાના સ્વભાવવાળા થઈ ગયા !

પળો આવતી ગઈ, જેનો જેનો સમય પાકતો ગયો તે તે કર્માણુનો ટાઇમ-બોમ્બ ફૂટતો ગયો ! પણ હવે એના ધડાકે રોકફેલર રાડો નથી પાડતા....ઘસઘસાટ ઊંઘે છે ! સવારના સાત વાગ્યા સુધી ઊંઘ્યા જ કર્યું. સહુ ચકિત થઈ ગયા.

રોકફેલરનું જીવન પલટાઈ ગયું.

અતિ કૃપણ તરીકે નામાંકિત બનેલા રોકફેલર મહાદાનવીર તરીકે પંકાયા.

આમ જ્યાં સુધી કર્માણુના ટાઈમબોમ્બ ફૂટતા નથી ત્યાં સુધીમાં તો એમનો આખોને આખો સ્વભાવ, એમનો સ્થિતિ-નિર્ણય, એમનું બળ-બધાયમાં-મોટા ફેરફારો થઈ શકે છે.

ધારો કે એક માણુસ દયાળુ હતો અને પરમાત્માની ખૂબ પ્રાર્થના કરતો હતો. તે વખતે તો તેણે બહુ જ સુખ આપે તેવા સ્વભાવના કર્માણુનો જથ્થો મેળવ્યો. પણ હજી એ જથ્થાનો ટાઇમબોમ્બ ફૂટયો નથી, હજી તેનો શાન્તિકાળ ચાલે છે એ સમયમાં આ માણુસ કોઈ ખરાબ સોબતે ચડી ગયો. અને દારુ વગેરે ઢીંચવા લાગ્યો, દુરાચારી બન્યો. એની આ પ્રવૃત્તિ પેલા સારા સ્વભાવવાળા કર્માણુના જથ્થાને મોટો ફટકો મારી દે. એ જ કર્માણુ હવે દુષ્ટ સ્વભાવવાળા એટલે કે ભારે ત્રાસ આપનારા બની જવાના. વળી જો એ કર્માણુનો સ્થિતિનિર્ણય દસ વર્ષ સુધીનો હશે તો હવે કદાચ પચાસ વર્ષનો થઈ જાય. એટલે દસ વર્ષ સુધી સુખ આપવાના સ્વભાવવાળા કર્માણુ હવે એને પચાસ વર્ષ સુધી ભારે દુઃખ આપવાના સ્વભાવવાળા બની જશે. એ ટાઈમબોમ્બ ફૂટે તેટલી જ વાર.

આ જ રીતે એક દુષ્ટ માણુસ અનીતિ, કપટ, કરે છે. પોતાના સ્વાર્થ ખાતર બીજાઓનું જરાય શુભ ઇચ્છતો નથી. બેશક, આ વખતે કર્માણુનો જે જથ્થો ચોંટે તે વિવિધ દુઃખ આપવાના સ્વભાવનો જ હોય. પરન્તુ એના શાન્તિકાળ દરમિયાન એ માણુસ ધર્મગુરુના સંગે રંગાય છે. પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરે છે. આખું જીવન સદાચારમય બનાવે છે.

હવે પેલા દુઃખ દેવાના સ્વભાવના કર્માણુ સુખ દેવાના સ્વભાવ-વાળા બની જાય. એટલે જ્યારે એ કર્માણુનો સ્ફોટ થશે ત્યારે હવે તે દુઃખ નહિ દેતાં સુખ જ દેવાનાં.

આમ સ્વભાવ, સ્થિતિ, બળ વગેરે ઘણા ઘણા ફેરફારો શાન્તિકાળમાં થઈ શકે છે. અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે એવા પણ કેટલાક કર્માણુ હોય છે જે બહુ જ સખત રીતે જીવાત્માને ચોંટી ગયા હોય છે. જીવાત્મા ઉપર ચોંટતા બધા જ કર્માણુના જથ્થા એક સરખી રીતે ચોંટતા નથી.

કેટલાક તો જાણે જીવાત્માને સ્પર્શીને જ રહ્યા હોય એવી રીતે ચોંટયા હોય છે; જાણે કે લોખંડના કટકાને અડેલી સોય.[૩૪]

કેટલાક વળી જીવાત્માની સાથે વધુ સખત રીતે ચોંટે છે. જાણે કે લોખંડના કટકાને અને સોયને ભેગા કરીને દોરડાથી કચકચાવીને બાંધી દીધા.[૩૫]

કેટલાક વળી જીવાત્મા સાથે ખૂબ જ ગાઢ રીતે ચોંટે છે.[૩૬] લોખંડમાં સોયને ટીપી ટીપીને જડી દેવામાં આવે તેમ.

કેટલાક કર્માણુ તો જીવાત્મા સાથે સાવ એકમેક થઈ ગયા હોય છે.[૩૭] લોખંડને અને સોયને સાથે ગાળી નાખતાં બે ય એક રસ બની જાય તેમ.

---

૩૪ સ્પૃષ્ટ ૩૫ બદ્ધ ૩૬ નિધત્ત ૩૭ નિકાચિત

આમાં જે કર્માણુઓ પહેલાં ત્રણ પ્રકારની રીતે ચોંટતા હોય છે તેમનામાં તો તેમના શાન્તિકાળ દરમિયાન ફેરફારો થઈ શકે છે. પણ ચોથા પ્રકારની રીતે જે કર્માણુના જથ્થા જીવાત્મા સાથે એકરસ થઈ ગયા છે તે જથ્થાના સ્વભાવ, સ્થિતિ, બળ વગેરે નિર્ણયમાં કશો જ ફેરફાર થઈ શકતો નથી. જો સારો સ્વભાવ હોય તો સારો જ રહે; સો વર્ષનો સ્થિતિનિર્ણય હોય તો સો વર્ષનો જ સ્થિતિનિર્ણય રહે; કર્માણુનું જે બળ હોય-તેટલું ને તેટલું જ તેમાં રહે.

મિત્રો! તમે પૂછશો કે આમ બનવાનું કારણ શું? એનો જવાબ એ છે કે જીવાત્મા જ્યારે કર્માણુને લે છે ત્યારે-તે કર્માણુ લેતી વખતે તેના મનના સારા કે નરસા ભાવો કેટલા જોરમાં ઉછાળા મારે છે તે ઉપર આ વાતનો નિર્ણય થાય છે. ધારો કે દસ માણસો એક દિવસમાં દસ વ્યક્તિનું ખૂન કરે છે. હવે પ્રત્યેક માણસે એકેક વ્યક્તિનું ખૂન કર્યું એટલે આમ તો બધા સરખી હરોળમાં મુકાય. પરન્તુ ખૂનના ય પ્રકારો હોય છે. કોઈએ ગળું દાબીને ખૂન કર્યું, કોઈએ ખંજર મારીને કર્યું, કોઈએ વળી એ વ્યક્તિના અંગઅંગના કટકા કરી નાખ્યા! કોઈએ માથું છુંદી નાખ્યું! ખૂનની વિવિધ રીતો ઉપરથી આપણે ખૂની માણસના મનના ભાવોનો આવેશ કલ્પી શકીએ છીએ. અંગઅંગના કટકા કરી નાખનારનો મનોભાવ અત્યન્ત વધુ હિંસક હોય એ કલ્પના જરા ય અસ્થાને નથી.

બીજી વાત. દસ માણસો જુદી જુદી સખાવત કરે છે.

એક માણુસ પરાણે બસો રૂપિયા આપે છે, બીજો હોંશથી આપે છે. ત્રીજો બસો આપવાના સ્થાને બારસો આપી દે છે, ચોથો ખૂબ જ ઉલ્લાસમાં આવી જઈને પોતાની સો રૂપિયાની જીવનની આખી બચત આપી દે છે. અહીં પણ જુદા જુદા મનોભાવ વ્યકત થાય છે. ભલે ચોથા માણસે સો રૂપિયા જ આપ્યા પરન્તુ તેનો માનસિક ભાવ સૌથી વધુ શ્રેષ્ઠ ગણાય.

આમ સારાં કે માઠાં કાર્યો કરતાં જે ભાવાવેશ હોય છે તેને કારણે તે વખતે ચોંટતા કર્માણુનો પ્રકાર નક્કી થાય છે. સામાન્ય ભાવાવેશ, કર્માણુને માત્ર ચોંટાડે; જ્યારે સારા કામનો અતિ ભવ્ય ભાવોલ્લાસ અને ખરાબ કામનો અતિ ભયંકર મનોભાવ કર્માણુને આત્મા સાથે એકરસ કરી નાખે.

આ રીતે સારા કે દુષ્ટ સ્વભાવનિર્ણયવાળા જે કર્માણુ એકરસ થાય છે તેમના શાન્તિકાળમાં આપણે કશું જ કરી શકતા નથી. એ ટાઈમબોમ્બ તો એમનો શાન્તિકાળ પૂરો થતાં ફૂટીને જ જંપવાના.

કેટલાક માણસોને માનમરતબા ન જોઈતા હોય, તેનાથી નાસતા ભાગતા હોય તો ય તેમને તેવાં માન–સન્માન લેવાની ફરજ પડે તેવા સંયોગોમાં અવશ્ય મુકાઈ જવું પડે છે; કેટલાકને બધું સુખ હોવા છતાં સંત બનીને દુઃખ વેઠવાની તીવ્ર તમન્ના હોય છે; તે જીવન પામવા માટે તલપાપડ થઈ ગયા હોય છતાં તે જીવનને તેઓ પામી જ ન શકે અને ઘરમાં રહીને વૈભવ

માણવાની ફરજ જ પડી જાય તેવું બને છે. આવા બધા પ્રસંગો માટે આપણે એવું અનુમાન કરીએ તો તે કદાચ ખોટું નહિ ગણાય કે આ માણસે સુખ આપવાના સ્વભાવવાળા કર્માણુનો જથ્થો જ્યારે મેળવ્યો હશે ત્યારે અતિ ભવ્ય ભાવોલ્લાસપૂર્વક મેળવ્યો હશે માટે જ તેનું તે કર્મ જીવાત્મા સાથે એકરસ થઈ ગયું છે. અને તે હવે તે ને તે જ સ્વરૂપમાં તેની સામે આવી ઊભું છે.

ભગવાન મહાવીરના જીવે પોતાના પૂર્વનાં જીવનોમાં ભયંકર મનોભાવ સાથે એવી ગંભીર ભૂલો કરેલી કે તે વખતે જે કર્માણુનો જથ્થો ચોંટી ગયો તે તેમના આત્મા સાથે એકરસ થઈ ગયો. પછી તો એ કર્માણુના શાન્તિકાળમાં એમણે અતિ ભવ્ય સાધનાઓ કરી, અતિ ઉગ્ર તપ તપ્યા...બધું જ કર્યું; પણ છતાં પેલા દુઃખ દેવાના સ્વભાવવાળા કર્માણુનો સ્વભાવ વગેરેમાં કશો જ ફેરફાર ન થયો તે ન જ થયો. કેમકે તે કર્માણુનો ચોંટવાનો પ્રકાર છેલ્લા–ચોથા નંબરનો હતો.

એટલે આ બધી વાતનો નિર્ણય એ આવ્યો કે જીવાત્મા સાથે એકરસ થઈ ગએલા કાર્મિક અણુના જથ્થાના સ્વભાવ વગેરેમાં તેના શાન્તિકાળમાં પણ આપણે કશો ફેરફાર કરી શકતા નથી. જ્યારે તે સિવાયના–જીવાત્માને માત્ર અડીને ચોંટેલા, બંધાએલા કે વધુ જામ થઈ ગયેલા–કર્માણુમાં તો તેમના શાન્તિકાળ દરમિયાન આપણે ઘણા ફેરફારો કરી શકવા સંપૂર્ણ રીતે સમર્થ છીએ. હા, એ કર્માણુના જથ્થાનો પણ

શાન્તિકાળ પૂર્ણ થઈ જાય પછી તો તેમાં ય આપણે કશો ફેરફાર કરી શકીએ નહિ.

આ ઉપરથી આપણે એક વાત ખૂબ જ સારી રીતે સમજી લેવી જોઈએ કે જૈન દાર્શનિકોનો કર્મવાદ એ ગામડાની ડોશીઓનો વાદ નથી કે વાતવાતમાં કરમમાં હશે તે થશે. એવી નિષ્ક્રિયતાની વાતો કરે. કર્મવાદ તો ભવ્ય પુરુષાર્થવાદ છે. એ તો આપણને શીખવે છે કે કર્માણુના શાન્તિકાળમાં બધી જ વાત તમારા હાથમાં છે. તમે ધારો તેવા ફેરફાર કરી શકવા સમર્થ છો. જીવનના પૂર્વકાળમાં અણસમજથી કોઈ દુષ્ટ માણસોની સોબતે ચડી જવાથી જે અશુભ વૃત્તિ–પ્રવૃત્તિઓ કરી નાખી, તે વખતે કર્માણુના જે જથ્થા ચોંટી ગયા એમના ભલે દુઃખ દેવાના સ્વભાવ–નિર્ણય થયા; પરન્તુ હવે તે કર્માણુના શાન્તિકાળમાં જો તમે ભવ્ય સદાચારનું પાલન કરવા લાગી જાઓ, તમને સુંદર મતિ પ્રાપ્ત થઇ જાય, તો તે બધાય કર્માણુના આખા ને આખા જથ્થા સુખ દેવાના સ્વભાવવાળા થઈ જાય. દુઃખ દેવાના સ્વભાવવાળા કેટલાક જથ્થા, જો તમારી ભવ્ય સદાચારિતાના ઝપાટામાં પૂરેપૂરા ન આવી જાય તો તેમનો દુઃખ દેવાનો સ્વભાવ કાયમ રહે પણ તેનો સ્થિતિ નિર્ણય તો તૂટી જ પડે, દસ વર્ષ દુઃખ દેવાને બદલે હવે બે જ વર્ષ દુઃખ દે; એમાં ય વળી જોરદાર ચીસો પડાવવાનું તેનું બળ તૂટી જાય તો એ દુઃખ ખૂબ જ હળવું બનીને આવે. એ જ રીતે સુખ દેવાના સ્વભાવવાળા કર્મો વધુ બળવાન પણ બની જાય. લક્ષાધિપતિના

જીવનનું સુખ આપવાનો તેનો સ્વભાવ, હવે સંભવ છે કે કરોડપતિના જીવનનું સાત્ત્વિકતાપૂર્ણ સુખ આપે.

આમ ખરાબ કામો કરનારની ઘણી બધી ભૂલો ધોવાઈ જાય, અને ઘણાં બધાં સુંદર ફળો જોવાનું ઉત્તમ સદ્ભાગ્ય તેને પ્રાપ્ત થાય.

આ જ રીતે ઊલટું પણ સમજવું. જીવનના પૂર્વકાળમાં એક માણસ ખૂબ જ સદાચારી હોય પણ પાછળથી તે દુષ્ટ કામો કરવા લાગી જાય તો તેની પૂર્વ જીવનની ધરખમ કમાણી ધૂળમાં મળી જાય. સુખ દેવાના સ્વભાવવાળા કર્માણુના જે જથ્થા તેણે મેળવ્યા હતા તે હવે તેમના શાન્તિકાળમાં થઈ ગએલી દુષ્ટ પ્રવૃત્તિઓને કારણે દુઃખ દેવાના સ્વભાવવાળા થઈ જાય, અને સુખ દેવાના સ્વભાવવાળા એને એ જ સ્વભાવમાં રહ્યા હોય તો પણ બહુ સામાન્ય પ્રકારનું, ઓછા કાળનું સુખ આપનારા બની જાય.

મિત્રો ! સારા કર્માણુના શાન્તિકાળની એક જ ભૂલ ધરખમ કમાણીને ધૂળમાં મેળવે, દુઃખદ કર્માણુના શાન્તિકાળમાં થનારું એક પણ સુંદર કામ કદાચ ભાવીમાં જાગનારી ભયાનક આપત્તિઓને ચીનગારી ચાંપીને ખતમ કરી નાખે.

આ હકીકતને લીધે જ સર્વજ્ઞ ભગવાન જિનના અનુયાયીઓ સદાચારના ઉચ્ચ પંથે પ્રયાણ આદરે છે, ઘોર તપ-જપની સાધના કરે છે, અત્યન્ત શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે, સદ્ગુરુની

સેવામાં પરાયણ રહે છે, “ જગતના સર્વ જીવો સુખી થાઓ. સુખી થાઓ. ” એવી મંગળ ભાવનાથી ઓજસ્વી રહે છે.

ભૂતકાળના અગણિત જીવનોમાં જે અસંખ્ય ભૂલો થઈ ગઈ છે અને તેને કારણે કર્માણુના જે જથ્થા ચોંટયા છે તેમનો આ શાન્તિકાળ ચાલે છે. હજી તે ટાઈમ બોમ્બ ફુટયા નથી; તો એ ભયાનક હોનારતને દૂર કરવા અથવા તો એ હોનારતને જેમ બને તેમ વધુ હળવી કરી દેવા માટે શકય તેટલી વધુ ઉત્તમ વૃત્તિ–પ્રવૃત્તિથી ખીચોખીચ ભરપૂર આ માનવજીવન બનાવી દેવું જોઇએ.

મિત્રો ! હું તમને કહી ચૂકયો છું કે કેટલાક કર્માણુના જથ્થા ભવ્ય કે ભીષણ ભાવાવેગથી જીવાત્મા સાથે એક રસ થઈ ગયા છે તેમના શાન્તિકાળમાં પણ કશો જ ફેરફાર થઈ શકતો નથી. પણ આવું તો બહુ જ થોડા કર્માણુના જથ્થામાં બને છે. કેમકે ભવ્ય શુભ ભાવો કે ભીષણ અશુભ આવેગો કયારેક જ આવે છે એટલે સામાન્યતઃ તો એવા જ ઘણા કર્માણુઓ છે જેમના શાન્તિકાળમાં ધરખમ ફેરફારો શકય બનાવી શકાય.

આટલી વાત પછી હવે તમને સમજાયું હશે કે જૈન દર્શનનો કર્મવાદ એ ગામડાની ડોશીઓનો ભાગ્યવાદ નથી, એ નિષ્ક્રિયવાદ પણ નથી. એ તો છે અતિ ઉન્નત પુરુષાર્થવાદ !

જૈનદર્શનના કર્મવાદને જે બુદ્ધિસાત્ કરે છે તેને પુરુષાર્થવાદ આત્મસાત્ થાય છે. દરેક સાચો જૈન ભવ્ય પુરુષાર્થની ગીતાનો રચયિતા વ્યાસ મુનિ છે.

## (૩) બળનિર્ણય[૩૮]

દરેક સમયે જીવાત્માને ચોંટતા કર્માણુના સ્વભાવનિર્ણય અને કાળનિર્ણયની આપણે વિચારણા કરી. હવે એ કર્માણુના બળનો વિચાર કરીએ.

જેણે પોતાનું વિશુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કર્યું નથી, જે હજી અશુદ્ધ છે, જેની ઉપર કર્માણુઓના જથ્થા પડયા છે, તે જીવાત્માને દરેક સમયે નવા નવા કર્માણુના જથ્થા ચોંટતા જ રહે છે. જૂના કર્માણુના જથ્થાઓના ટાઇમબોમ્બ પોતપોતાનો સમય પૂરો થતાં ફુટતાં રહે છે; જીવાત્માને તેની વ્યાપક અસરો દેખાડે છે અને પછી જીવાત્મા ઉપરથી ખરી પડે છે; આકાશમાં વેરાઈ જાય છે. હવે દરેક સમયે નવા કર્માણુના જે જથ્થા વળગતા રહે છે તેના બળનો પણ તે જ સમયે નિર્ણય થઈ જાય છે. જીવાત્માના મનોભાવ ઉપર જ બળનો નિર્ણય થાય છે.

જગતમાં જેમ કીડીનું બળ, મંકોડીનું બળ, બકરીનું બળ, ગાયનું બળ, સાંઢનું બળ, શિયાળનું, સિંહનું, બાળકનું, યુવાનનું, સિપાઈનું, વડાપ્રધાનનું, પ્રમુખનું, યુનોના મહામંત્રીનું

૩૮ રસબંધ ( અનુભાગબંધ )

બળ; એમ અગણિત જાતનાં બળો હોય છે તેમ દરેક કર્માણુના જથ્થામાં પણ વિધવિધ બળો હોય છે. જેવો મનનો ભાવ હોય તેવું કર્માણુમાં બળ પડે.

આવા અગણિત બળોને ચાર વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યાં છે. ખૂબ જ મંદ કહી શકાય તેવાં બધાં બળોનો પહેલો વિભાગ; મંદ કહી શકાય તેવાં બધાં પ્રકારનાં બળોનો બીજો વિભાગ; ઉગ્ર કહી શકાય તેવાં બધાં બળોનો ત્રીજો વિભાગ; અને ખૂબ જ ઉગ્ર કહી શકાય તેવાં બધાં બળોનો ચોથો વિભાગ.

આપણે આ વિભાગના નંબરોથી જ બળની વાત કરીશું. એક નંબરનું બળ, બે નંબરનું બળ, ત્રણ નંબરનું બળ અને ચાર નંબરનું બળ.[૩૯]

ધારો કે એક માણસ એકદમ ઉજળાં કપડાં પહેરીને લોકોને ઠગવાનો ધંધો કરે છે; બહુ જ સીફતથી એનો ધંધો ચાલે છે, ધૂમ પૈસા કમાય છે, અને આ કમાણીનું એ ખૂબ ગૌરવ લે છે. આવી અન્યાયી કમાણીથી પ્રાપ્ત થએલા ભોગ વિલાસના જીવનમાં એ ખૂબ જ આનંદ માણે છે. એને એમાં કશું જ ખોટું લાગતું નથી; એનું એને જરા ય દુઃખ નથી.

આવા મનોભાવવાળો માણસ કર્માણુના જે જથ્થા લે તે દુઃખ આપવાના સ્વભાવવાળા હોય એ તો તદ્દન સહજ છે,

---

૩૯ એક સ્થાનક, બે સ્થાનક, ત્રણ સ્થાનક અને ચાર સ્થાનક-રસ

અને દુઃખ પણ બે પાંચ વર્ષનું નહિ પણ સો–બસો કે પાંચસો વર્ષના લગાતાર ગરીબીના જ દુઃખ આપે એ પણ નિઃશંક હકીકત છે. એની સાથે સાથે ખૂબ જ ઉગ્ર લાગણીનો દુષ્ટ મનોભાવ હોવાથી એ કર્માણુમાં ચાર નંબરનું જ બળ તૈયાર થાય. એટલે જ્યારે એને ગરીબીનું દુઃખ મળશે ત્યારે એ ગરીબી સામાન્ય નહિ હોય પરન્તુ ભયાનક ભૂખમરાની જ ગરીબી હશે.

જે વસ્તુ જેને મળી તે વસ્તુનો તે વ્યક્તિ સદુપયોગ ન કરે તો તે વસ્તુ ઘણાં સમય સુધી છિનવાઈ જાય છે. આંખ મળી પણ એનો ઉપયોગ સ્ત્રીઓના સૌન્દર્ય જોવામાં જ વિશેષ કર્યો તો તે જીવાત્માને કીડી, માંકડ વગેરેનાં ખોળિયાં લેવાં પડે કે જેને આંખ જ નથી. કાન મળ્યા પણ તેનો ઉપયોગ અશ્લીલ ગીતો સાંભળવામાં જ કર્યો તો જેને કાન જ નથી તે મંકોડા, વીંછી કે તીડના જન્મારા જ લેવા પડે. સુન્દર રૂપ મળ્યું પણ એનો ભારે સટ્ટો ખેલી નાખ્યો તો જેને રૂપ જ નથી, જેના અઢારે વાંકાં છે તેવા ઊંટના ખોળિયે જ ધકેલાવું પડે. સત્તા મળી તેનો અહંકાર જાગ્યો અને સદા અક્કડ થઈને જ રહ્યો, કોઈને ય કદી નમ્યો નહિ એને તાડનું ઝાડ જ બનવું પડે જે સદા અક્કડ જ રહે છે. નમવા ધારે તો ય પછી નમી ન શકે.

મિત્રો ! આ બધું ય દુઃખ આપણે જ ઊભું કરીએ છીએ. આપણી જ ભૂલો આપણી ઉપર કર્માણુને ચોંટાડે છે અને એ ભૂલોની પાછળના મનોભાવો મુજબ એ કર્માણુના કાળ અને બળનો નિર્ણય થાય છે. કોઈ બીજાને દોષ દેશો નહિ; ગમે તેવા

દુઃખમાં; અને કદી ગર્વ કરશો નહીં ગમે તેવા વૈભવોમાં.

સદા દુઃખમાં અદીન બનો અને સુખમાં અલીન બનો તો જ તમે તમારી જાતને સ્વસ્થ રાખી શકો અને જગતના દુઃખિયારા જીવોને જોવાની આંખ મેળવી શકો.

હવે આપણે મૂળ વાત ઉપર આવીએ. જેમ મનના અતિ દુષ્ટ ભાવો કર્માણુમાં ચાર નંબરનું બળ તૈયાર કરે છે તેમ મનના અતિ શુભ ભાવો પણ કર્માણુમાં ચાર નંબરના બળનું સર્જન કરે છે. પછી જ્યારે એ શુભ કર્માણુનો ટાઈમબોમ્બ ફૂટે છે ત્યારે ભૌતિકસુખોની અઢળક સામગ્રીઓના ખડકલા ઉપર બેસવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. ચોમેરથી માન સન્માન મળતાં રહે છે. શારીરિક આરોગ્ય વગેરે પણ ખૂબ જ સારાં મળે છે.

આ અતિ ઉગ્ર શુભ કે અશુભ ભાવોમાં જેટલી મંદી આવે તેટલું કર્માણુમાં બળ ઓછું આવે પછી તે ત્રણ નંબરનું કે બે નંબરનું પણ બળ આવે.

કેટલીક વાર માણસની સદ્‌બુદ્ધિ એને કેટલાંક દુષ્ટ કાર્યો કરવાની સાફ મના કરે છે તો પણ સંયોગો તેને તેમ કરવાની ફરજ પાડતા હોય છે. એવું કાર્ય કરતાં એ માણસનું અંતર ખૂબ રડતું હોય છે. આવા વખતે એ માણસ દુષ્ટ કાર્ય કરે છે એટલે દુઃખ દેવાના સ્વભાવવાળા જ કર્માણુ તૈયાર થવાના; પરન્તુ એ કર્માણુનો કાળ અતિ અલ્પ નક્કી થાય અને બળ તો સાવ

ઓછું-માત્ર એક નંબરનું જ-નિશ્ચિત થાય. એટલે જ્યારે આ કર્માણુનો ટાઈમબોમ્બ ફૂટે ત્યારે તેને સો ડીગ્રી જેટલો સાધારણ તાવ આવે અને એક કલાકમાં જતો પણ રહે.

મિત્રો ! કર્માણુનો સ્વભાવ તો ગમે તે નક્કી થાય, દુઃખ દેવાનો કે સુખ દેવાનો; મૂર્ખ રાખવાનો કે જ્ઞાની બનાવવાનો; અંધ બનાવવાનો કે દેખતો બનાવવાનો; સુખમાં પાગલ બનાવવાનો કે સ્વસ્થ રાખવાનો...એ બહુ મોટી વાત નથી. ખૂબ મહત્ત્વની વાત તો એ કર્માણુના કાળનિર્ણયની અને બળ-નિર્ણયની જ છે દુઃખ આવે પણ અલ્પ કાળમાં જ જતું રહે અને વળી સાવ દૂબળું દુઃખ હોય તો દુઃખ ભલેને આવ્યું; તેટલા માત્રથી ગભરાઈ જવાની જરૂર નથી. તેમ સુખ આવ્યું પણ અલ્પ કાળમાં જ જતું રહે અને તે સુખમાં ય કાંઈ દમ ન હોય તો સુખ માત્રથી રાજી થઈ જવાની પણ જરૂર નથી.

દુઃખ ભલેને એક મિનિટનું હોય પણ ચીસો પડાવી દે તેવું બળવાન હોય તો ? ત્રાસ થઈ જાય ને ?

સુખ ભલેને મધ્યમ કક્ષાનું હોય પણ આખું જીવન અખંડિત ચાલ્યું જતું હોય તો વાહવાહ થઈ જાય ને ?

માટે જેટલું મહત્ત્વ કર્માણુના કાળ અને બળના નિર્ણયનું છે, તેટલું મહત્ત્વ સ્વભાવના નિર્ણયનું નથી. કાળ અને બળનો નિર્ણય જીવાત્માની ઉગ્ર, મંદ વગેરે માનસિક લાગણીઓ ઉપર જ અવલંબે છે. એ લાગણીઓ જ એના નિયામક છે. માટે

દુષ્ટ લાગણીઓ ઉગ્ર ન બની જાય અને શુભ લાગણીઓ દૂબળી ન રહી જાય એની ખૂબ જ કાળજી કરવી ઘટે.

તમને મેં હમણાં જ કહ્યું કે કર્માણુનો શાન્તિકાળ એ એવો ભવ્ય આશાસ્પદ કાળ છે કે તે કાળ દરમિયાન આપણે આપણા કાળાં ભાવીની શકયતાને તદ્દન ભૂંસી શકીએ અને શકવર્તી જીવનની ભવ્યતાનું સર્જન પણ કરી શકીએ.

પરંતુ એ માટે આપણે ભૂતકાળની ભૂલે ચોંટેલા દુઃખદ સ્વભાવવાળા કર્માણુનો સ્વભાવ સુખદ બનાવી દેવો જોઈએ. કદાચ તે ન બને તો ય તે કર્માણુનો ખૂબ જ લાંબો કાળ નિર્ણય અને બે ત્રણ કે ચાર નંબરનો બળ નિર્ણય તો તોડી જ નાખવો જોઈએ. રે ! જો મનના શુભ ભાવોના સીમાડેથી દોટ મૂકીને આપણે એના પર્વત શિખરની ટોચે પહોંચી જઇએ તો એ દુઃખદ કર્માણુનું ચાર નંબરનું બળ બે કે ત્રણ નંબરનું થઇને ય ન અટકે, એક નંબર સુધી નીચે ઊતરીને ય ન જંપે. અરે ! એક નંબરનું બળ પણ કદાચ તૂટી જાય. સાવ જ દૂબળાં કર્માણુ બિચારા જીવાત્માને વળગી રહે. આવા કર્માણુના ટાઈમબોમ્બનો શાન્તિકાળ પૂરો થાય ત્યારે તે બિચારા જીવાત્માને શું દુઃખ બતાડી શકે ! દુઃખ બતાડવાનું બળ સાવ જ મરી પરવારી ગયું છે ત્યાં ! ભયંકર અજગરને મહિનાઓ સુધી ભૂખ્યો રાખવામાં આવે તો તેનું બધું જ વિકરાળ બળ તૂટી જ જાય ને ? પછી કદાચ એને છૂટો પણ મૂકવામાં આવે તો ય તે શું કરી શકે ! દેખાવનો જ અજગર ! બાકી તો માખીને ય ઉડાડી ન શકે તેટલો નિર્બળ !

એટલે આવા સાવ જ બળહીન થઈ ગએલા કર્માણુના ટાઈમ-બોમ્બ જ્યારે ફુટે ત્યારે શું થાય? કશું જ નહિ. રે! તો પછી એ ટાઈમબોમ્બને 'ફુટયો' જ કેમ કહેવાય? એ તો 'ફુસ' થઈ ગયો જ કહેવાય.[40]

આ વાતને જરા વધુ સ્પષ્ટતાથી સમજાવું. એક માણસે પોતાના ભૂતકાળમાં એવી ભૂલ કરી કે જેથી તે વખતે તેને ચોંટેલા કર્માણુનો સ્વભાવ તેને 'કુતરો' બનાવવાનો નક્કી થયો. પછી તે માણસને કોઈ ધર્મગુરુના સંગથી સન્મતિ જાગી અને તે પોતે વૈભવ-વિલાસને ત્યાગીને સંત બન્યો. એ જીવનમાં એણે અનેક જીવાત્માઓને બોધ આપ્યા; એની ભાવનાઓ આસમાનને આંબવા લાગી. આથી એવું બન્યું કે વિવિધ દુઃખો દેવાના સ્વભાવવાળા ઘણા કર્માણુનો તો તેણે આખોને આખો સ્વભાવ જ ફેરવી નાખ્યો; અચૂક સુખ આપવાના સ્વભાવવાળા બનાવી દીધા! પણ કોણ જાણે કેમ, પેલું કૂતરો બનાવવાના સ્વભાવવાળું કર્મ તેના સીધા ઝપાટામાં ન આવતાં માત્ર જોરથી અથડાયું. આથી તેનો સ્વભાવ તો ન ફર્યો પણ તેનામાં જે બળ હતું તે બધું જ નીકળી ગયું.

આ માણસ મૃત્યુ પામીને ફરી માણસ થયો. એમાં પેલાં બળહીન કર્માણુનો ટાઈમબોમ્બ ફુટયો.... એટલે કે ફુસ થયો! એ માણસ ફરી માણસ તરીકે જ જન્મ્યો. પેલો ટાઈમબોમ્બ

૪૦ પ્રદેશોદય

એને કૂતરો ન બનાવી શકયો. કેમકે એ ફુટયો ન હતો પણ ફુસ થઈ ગયો હતો. જો એ માણસે એ ટાઇમબોમ્બનું બળ પૂર્વે તોડી નાખ્યું ન હોત તો એ ટાઇમબોમ્બ જ્યારે પણ ફુટત ત્યારે તે જે જીવનમાં હોત તે જીવનમાં મૃત્યુ પામીને તરત કૂતરીના પેટમાં તે જીવાત્મા ચાલ્યો જાત અને કૂતરાનું ખોળિયું પોતાની આસપાસ તૈયાર કરવા લાગી જાત.

આમ આપણા સુખદુઃખના અનુભવકાળમાં દુઃખદ સ્વભાવવાળા ઘણા ઘણા ટાઇમબોમ્બ ફુસ થતા જ રહે છે. કેમકે પૂર્વે તેમનું બળ આપણે શુભ લાગણીઓના જોરથી સાવ તોડી નાખ્યું હતું. એ જ રીતે આપણા સુખદુઃખના અનુભવકાળમાં સુખદ સ્વભાવવાળા ઘણા ટાઇમબોમ્બ પણ ફુસ થતા જ રહે છે. કહેવાય સુખને દેનારા કર્માણુ; પરન્તુ સુખનો તો પડછાયો ય જોવા ન મળે, સુખનું સ્વપ્નું ય ન આવે. કેમકે તેમનું બળ પૂર્વે આપણે અશુભ લાગણીઓના જોરથી સાવ તોડી પાડયું હતું. સુખ કે દુઃખ વગેરેના જે અનુભવો થાય તે તો જેના બળ તૂટયા નથી તેવા જ કર્માણુઓ દ્વારા થાય કેમકે તે કર્માણુઓ એવા ટાઇમબોમ્બ છે કે જે એમનો ટાઇમ ( શાન્તિકાળ ) પૂર્ણ થતાં જ ફુટે છે, માત્ર ફુસ થતા નથી.

એક દૃષ્ટાન્ત આપીને આ વાત વધુ સ્પષ્ટ કરું. એક માણસે કેરીનો રસ પેટ ભરીને ખાધો. પછી તેનો શાન્તિકાળ પૂરો થતાં જ વાયુના અજીર્ણનો ધડાકો થયો ! અને તે પેટ પકડીને રોવા લાગ્યો ! આનું નામ ટાઇમબોમ્બ ફૂટયો ! હોનારત

પણ જો તે શાન્તિકાળમાં તે માણસ અગમચેતી પામી ગયો હોત અને તેણે સૂંઠનો એક મોટો ફાકો લઈ લીધો હોત તો ? કેરીના રસના લોચા તો પેટમાં રહી જ જાત પરન્તુ તેમાંથી જે અજીર્ણ થવાનું હતું તે ન જ થાત. આનું નામ ટાઈમબોઞ્બ ફુસ થયો !

બેશક, રસના લોચા તો બેય સ્થિતિમાં કાયમ છે. પરન્તુ એકમાં તે પોતાનું તોફાન પ્રગટ કરે છે, બીજામાં એ તોફાન નષ્ટ થઈ જાય છે. પણ એક વાત તો બેયમાં સમાન છે કે એ રસના લોચા મળમાં રૂપાન્તર તો પામ્યા અને એ રૂપે બહાર નીકળી પણ ગયા.

તમને ગીતાજીની પેલી પંક્તિ યાદ છે કે, "ચોંટેલું કર્મ ભોગવ્યા વિના તો નાશ પામતું જ નથી?"[41] આ વાતનો અર્થ તમે હવે બરાબર સમજી ગયા ને ? કેટલાક કર્માણુ ફુટવા દ્વારા આપણે વ્યવસ્થિત રીતે અનુભવવા પડે જ્યારે ઘણા કર્માણુ તો બળહીન બની જતાં ફુસ થવા રૂપે પસાર કરી દેવા પડે. પણ બધાયને ફુટવા રૂપે કે ફુસ થવા રૂપે અનુભવવા તો પડે જ.

આ પંક્તિનો સાચો અર્થ સર્વજ્ઞ ભગવાન જિન કરી શકયા છે. કેમકે કર્માણુના ટાઈમબોઞ્બનું ફુટવાનું અને ફુસ થવાનું તત્ત્વજ્ઞાન એમણે જ આત્મસાત્ કર્યું છે. જો દરેક કર્માણુ ફુટતો જ હોય તો તો કદી પણ કોઈ પણ જીવાત્મા વિશુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત

૪૧ નાભુકતં ક્ષીયતે કર્મ કલ્પકોટિશતૈરપિ.

કરી શકે જ નહિ; કેમકે તે કદી પણ કર્માણુના જથ્થાથી મુક્ત થઈ શકે જ નહિ. એક કર્માણુનો જથ્થો ફુટયો અને ધારો કે જીવાત્માને માણુસ બનાવવાનો તેનો સ્વભાવ હતો એટલે જીવાત્મા માણુસ બની ગયો. આમ થતાં તે કર્માણુનો જથ્થો તો ફુટીને વિનાશ પામી ગયો પણ માણુસ બનેલો જીવાત્મા એવા તો બીજા કર્માણુના અબજો ટાઈમબોમ્બ મેળવતો જ જાય છે, અને દરેકે દરેક ટાઇમબોમ્બ જો આ રીતે ફુટીને જ ખરતો હોય તો તો કોઈ અંત જ ન આવે. એક ટાઈમબોમ્બ ફુટે અને લાખો ટાઇમબોમ્બ તૈયાર થાય !

માટે ટાઇમબોમ્બને 'ફ્યુસ' કરવા દ્વારા નાશ કરવાનો સિદ્ધાન્ત સ્વીકારવો જ રહ્યો. આથી એક ફુટેલો ટાઈમબોમ્બ માનવજીવન આપે પણ તે માનવજીવનમાં તો કર્માણુના અગણિત ટાઈમબોમ્બ ફ્યુસ થઈને પણ ખરતા જ રહે એટલે સંપૂર્ણ કર્મમુક્ત અવસ્થા એક વખત અવશ્ય પ્રાપ્ત થાય.

રશિયા, અમેરિકા વગેરે મહાસત્તાઓએ અઢળક એટમબોમ્બ, હાઇડ્રોજન બોમ્બ નથી બનાવ્યા ? હવે જો ફુટયા વિના તેનો અંત જ ન હોય તો તો ગમે ત્યારે સમગ્ર વિશ્વનો સંહાર જ થઈ જાય ને ?

તો પછી નિઃશસ્ત્રીકરણના લશ્કરી કરારનો વિચાર કરવાનો અર્થ જ ન રહે. આ વિચાર તો ત્યારે જ થઈ શકે જ્યારે એ વિનાશક બોમ્બની ફૂટયા વિના જ ફ્યુસ કરી શકવાની કોઈ શકયતા હોય.

અને તેમ જ છે. નિઃશસ્ત્રીકરણના કરાર થાય કે તરત જ એ વિનાશક બોમ્બનું બળ તારના જે સંધાનમાં છે એ સંધાન છૂટાં થઈ જતાં જ વિનાશકતાનું એનું બળ તૂટી જાય એટલે એ બોમ્બ પોતાના સ્વરૂપમાં અકબંધ હોવા છતાં એની ભયાનકતા સાવ જ નષ્ટ થઈ જાય.

આમ એ બધા બોમ્બ ફુસ થાય. વિશ્વને એની વિનાશક હોનારત કદી નહિ જોવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થાય કેમકે બોમ્બનો નાશ તો થયો પણ ફુટીને નહિ; ફુસ થઇને.

આમ વર્તમાનમાં આપણે જે માનવજીવનનો અનુભવ કરીએ છીએ તે અનુભવ જીવાત્માને માનવનું ખોળિયું આપવાના સ્વભાવવાળા કર્માણુના ટાઈમબોમ્બના ફુટવાના કારણે છે. જ્યારે આપણે પશુ વગેરેના જીવનને આપવાના સ્વભાવવાળા કર્માણુના ટાઇમબોમ્બનો પણ હાલ વિનાશ કરીએ છીએ પણ તેને ફુસ કરીને.

માટે જ આપણને અત્યારે માનવના ખોળિયાની જેમ પશુ વગેરેનાં ખોળિયાં લેવાં પડતાં નથી.

બોમ્બ ફુટે તેમાં ય તેનો વિનાશ છે, ફુસ થાય તેમાં ય તેનો વિનાશ છે જ.

વિનાશ પામ્યા વિના કર્માણુના જથ્થા જીવાત્મા ઉપરથી કદી ખસતા નથી એ હકીકત છે. ગીતાજીનું એ વચન આ જ રીતે પરમસત્ય છે.

મિત્રો ! કર્માણુના શાન્તિકાળમાં એ ટાઇમબોમ્બનું બળ તોડી નાખવાની એક પ્રચણ્ડ તાકાત આપણામાં છે. આપણે એ તાકાતથી દુઃખદ કર્માણુના બળ તોડી નાખવાની તક જતી ન કરવી જોઇએ. હાલના એના શાન્તિકાળમાં જ આ તક ઝડપી શકાય.

અહીં સાથે સાથે તમને એક બીજી પણ વાત કરી દઉં. જો આ વાત ન કરું તો સંભવ છે કે તમારા મગજમાં બીજા અનેક પ્રશ્નો આવતી કાલે ઊભા થતા જ રહેશે.

કર્માણુના શાન્તિકાળમાં જેમ આપણે એમના સ્વભાવનો પલટો કરી શકીએ, જેમ એના બળમાં આપણે ભારે મોટી તેજી-મંદી લાવી શકીએ તેમ એ કર્માણુઓના ફૂટવાના નિર્ણીત થએલા ટાઈમમાં નજીકનો ફેરફાર પણ કરી શકીએ. એટલે કે કાલે ફૂટનારો ટાઈમબોમ્બ આજે અત્યારે ફૂટી જાય તેવી સ્થિતિમાં પણ તેને મૂકી શકીએ.

સામાન્યતઃ તો કર્માણુનો ટાઇમબોમ્બ એના નિર્ણીત થએલા કાળે ફુટે છે, પરન્તુ જીવાત્માથી એક એવો પણ પ્રયત્ન થતો જાય છે કે જેથી એ બોમ્બ વહેલો પણ ફુટી જાય.[૪૨] પણ આમ થવામાં સામાન્યતઃ તો કોઇને કોઇ બાહ્ય નિમિત્તની જરૂર પડે ખરી.

તમને દાખલા આપીને આ વાત સમજાવીશ. ધારો કે એક માણસ શાન્તિથી પોતાના ઘરમાં બેઠો છે. મોજથી રેડિયો

---

૪૨ ઉદીરણા કરણ

સાંભળે છે, હાથમાં ગરમાગરમ ચાની રકાબી છે. એ જ વખતે એકાએક કોઈ મિત્ર આવે છે અને તેને કહે છે કે, "જલદી મારી સાથે ચાલ." પેલો તરત તૈયાર થઈને મિત્રની લાવેલી મોટરમાં બેસી જાય છે. મોટરને એકસીડન્ટ થાય છે. પેલા માણસની ખોપરીનો છુંદો થઈ જાય છે. તે મરી જાય છે. અહીં બે વાત વિચારવાની છે. એક તો એમ જ કહી શકાય કે તે માણસનું આયુષ્ય પૂરું થવા દેનાર કર્માણુના ટાઈમબોમ્બનો નાશ થવાનો સમય થઈ ગયો હતો માટે જ તેને મિત્ર લેવા આવ્યો. તે ગયો અને તેનું મૃત્યુ થયું.

પરન્તુ મિત્રો ! ભગવાન જિન કહે છે કે હમેશ એવું બનતું નથી કે અમુક થવાનું હતું જ માટે જ એણે આમ કર્યું કે તેમ કર્યું ! હા, કયારેક જ આવી ચોક્કસ સ્થિતિ સહજ રીતે ગોઠવાએલી હોય છે અને જીવાત્મા તે મુજબ આગળ વધતો હોય છે.

સામાન્યતઃ તો જૂદું જ બનતું હોય છે. એટલે કે જે વસ્તુ જે કાળે સહજ રીતે બનવાની શકયતા નથી એવી વસ્તુ કૃત્રિમ રીતે તે કાળે જ બની જાય છે.

એટલે કે જો આ માણસ મોટરમાં ગયો જ ન હોત તો તે ઘરમાં બેઠો બેઠો જીવતો જ હોત. કેમકે એના જીવનકાળના કર્માણુ તો હજી પાંચ વર્ષ ચાલે એટલા પડયા જ હતા. પણ આવું નિમિત્ત ઊભું થઈ ગયું એટલે ધીમે ધીમે ખરીને પાંચ

વર્ષે પૂરા થનારા જીવનકાળના કર્માણુ એક સાથે આંખના પલકારા જેટલા કાળમાં જ ખરી ગયા ! કેમકે એ કર્માણુને જોરદાર ધક્કો લાગ્યો !

ચોવીસ કલાક સુધી ઘડિયાળ ચાલ્યા જ કરે એટલી ચાવી એક જ ધડાકે પૂરી થઇ ગઈ ! આંચકો લાગવાથી.

એક કલાક સુધી ધીમી ધીમી બળીને ખલાસ થાય તેવી લાંબી મૂકેલી કાથીની દોરી એક જ મિનિટમાં બળી ગઈ ! ગૂંચળું વાળીને સળગાવવાથી.

દસ મિનિટે જ કોઠી ખાલી થાય તે રીતે ખુલ્લા મુકેલા અડધા નળે બે જ મિનિટમાં કોઠી ખાલી કરી નાખી ! આખો નળ ખુલ્લો કરી દેવાથી.

બીજ[illegible] લઈએ. એક માણસ રોગથી ખૂબ પીડાય છે. પેટમાં સખત [illegible]ાવો થાય છે. ઘણા ડૉકટરોની દવા કરી. કેમે ય સારું થતું જ નથી. પછી કોઈ સલાહ આપે છે કે, “ રમેશભાઈની દવા કરો એની જશરેખા બહુ સારી છે. ” પેલો માણસ રમેશભાઈની પડીકી લે છે. મહિનાઓની વેદના એક જ કલાકમાં તદ્દન શાન્ત થઈ જાય છે !

શાથી આમ બન્યું ? કદાચ અહીં પણ એમ કહી શકાય કે એ જ વખતે સુખ શાન્તિ દેવાના સ્વભાવવાળા કર્માણુ છુટવાના હતા અને એ જ વખતે રમેશભાઈની દવા થઈ માટે આમ બન્યું.

હા જરૂર આમ કહી શકાય. પરન્તુ આવું તો કવચિત જ બને છે. આટલું બધું ચોકકસ ગણિત દરેક વાર હોય જ તેવો નિયમ તો નથી પણ તેવું તો ભાગ્યે જ બને છે.

સામાન્યતઃ તો એમ જ બને કે ડૉકટર રમેશભાઈને યશ દેવાના સ્વભાવવાળા કર્માણુનો બોમ્બ ફૂટી જઈને રમેશભાઈને સતત યશ અપાવતો હતો એ વખતે જો આ માણસની વેદના શાન્ત ન થાય તો રમેશભાઈના યશનું શું થાય? એને તો યશ ત્યારે જ મળે જ્યારે એની વેદના શાન્ત થાય. એટલે રમેશ-ભાઈના યશ દેનારા ટાઈમ બોમ્બે પેલા માણસના સુખ દેનારા ટાઈમ બોમ્બને વહેલો ફોડી નાખ્યો. જે હકીકતમાં બે માસ પછી જ કદાચ ફૂટવાનો હતો.

આમ દૂરના કાળમાં ફૂટનારા સુખ કે દુઃખ દેવાના સ્વભાવવાળા કર્માણુનો બોમ્બ વહેલા કાળમાં ઘણી વાર ફૂટી જાય છે; જો તેને કોઈ નિમિત્ત મળી જાય તો.

શ્રીમંતનો દીકરો રાષ્ટ્રીય ચળવળના ભારે તોફાનો વચ્ચે ઊતરી પડીને દુઃખના વાવંટોળમાં નથી ઝીંકાતો? હજી કલાક પહેલાં તો એ ઘણો આનંદમાં હતો અને હવે એકદમ જેલમાં! પગમાં લોખંડી બેડી! સીમેન્ટ મિશ્રિત રોટલાનું ભોજન!

શાથી બન્યું? જેલના દુઃખ આપવાના કર્માણુનો ટાઈમ બોમ્બ ફૂટી ગયો તેથીસ્તો! પણ અહીં એમ નહીં કહેવું કે એ ટાઈમબોમ્બ ફૂટવાનો કાળ આવી ગયો એટલે જ એ

બંગલામાંથી દોડી ગયો! ના. નહિ જ. કહેવું તો એ જોઈએ કે એ બંગલામાંથી દોડી ગયો માટે જ જે ટાઈમબોમ્બ નજીકના કાળમાં ફૂટવાનો ન હતો તેને તેણે ફોડી નાખ્યો.

પંડિત જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રના વડા પ્રધાન હતા ત્યારે કોંગ્રેસ કેટલી સદ્ધર હતી! અને પછી! કોંગ્રેસમાં એ જ બધા સભ્યો હોવા છતાં એનું નાવડું ડૂબતું કેમ ચાલ્યું? આનો ઉત્તર એક જ છે કે નહેરૂજીનો યશ આપવાના સ્વભાવવાળો ટાઈમબોમ્બ ફૂટી ચૂકેલો હતો, તે તો જ સાર્થક થાય જો કોંગ્રેસ સદ્ધર રહે.

આજે ઈન્દિરા ગાંધીનો એવો ટાઈમબોમ્બ નથી માટે કોંગ્રેસ કે આખું રાષ્ટ્ર—એના અપયશના ટાઈમબોમ્બના ફૂટવાના કારણે—અવમૂલ્યન વગેરે દુઃખોની ગર્તામાં ઝીંકાતું જ ગયું છે!

આમ એક જીવાત્માના સારાં કે નરસાં ફળ આપતાં ટાઈમ બોમ્બના ફૂટવાથી એના સંબંધના અનેક જીવાત્માઓના દૂરના કાળમાં ફૂટવાની શકયતાવાળા ટાઈમબોમ્બો વહેલા ફૂટી જાય અને સારું કે માઠું ફળ બતાડી દે.

એકના પાપે અનેક નિર્દોષ ડૂબે. એકના ધર્મે અનેક પાપીઓ પણ તરે.

મિત્રો! તમને એક સત્યઘટના કહું. ગંગાનદીમાં એક

હોડીમાં પચાસ સહેલાણીઓ બેઠા હતા. ઊંડા પાણીમાં હોડી આવતાં જ વમળમાં ફસાઈ અને ચક્કર ચક્કર ઘૂમવા લાગી. કેમે ય કરીને વમળમાંથી બહાર ન નીકળે. અંતે એક ધર્માત્મા-એ વિચાર્યું કે નક્કી કોઈ દુષ્ટ માણસ આ હોડીમાં હોવો જોઈએ જેના પાપે બધા ફસાયા છે માટે એને દૂર કરવામાં આવે તો હોડી વમળમાંથી બહાર નીકળી જાય. આ માટે તેણે બીજી હોડી બોલાવી. બે હોડી વચ્ચે પાટિયું ગોઠવ્યું. વારાફરતી દરેકને પેલી હોડીમાં મોકલવામાં આવ્યો. એમાં જ્યાં એક માણસ પેલી હોડીમાં ગયો કે તરત બાકીના ઓગણપચાસ માણસને લઈને હોડી ઊંધી વળી ગઈ. બધા ડૂબી ગયા.

શું થયું ? એકના પાપે નહિ પરન્તુ એકના આયુષ્યના બહુ બળવાન કર્માણુના કારણે જ બાકીના બધાયનાં આયુષ્યના કર્માણુ ધીમે ધીમે નાશ પામતા હતા. પણ જ્યાં પેલાને દૂર કર્યો કે તરત જ બાકીના બધાયના આયુષ્યના કર્માણુઓ એક પળમાં ખરી પડયા. અને બધા ય મૃત્યુ પામી ગયા ! કેવી અદ્‌ભુત ઘટના ! આમાંથી આપણને સ્પષ્ટ દેખાય છે કે એક જીવાત્માના કર્માણુની અસર બીજા જીવાત્માઓ ઉપર પણ પડે છે.

એ જ રીતે બહારના જડ નિમિત્તોની અસર પણ જીવાત્માના કર્માણુ ઉપર પડે છે તે પણ આપણે એકસીડન્ટના પ્રસંગથી અને ડૉકટર રમેશભાઈની દવાના પ્રસંગથી જોયું.

શું બ્રાહ્મી ખાવાથી માણસની બુદ્ધિ વધતી નથી? શી રીતે તે બનતું હશે! આ રીતેસ્તો કે બ્રાહ્મીના તત્વોએ જીવાત્મા ઉપર રહેલા તે કર્માણુ ઉપર અસર કરી કે જે જ્ઞાન આપવાના સ્વભાવવાળા હતા. તેમનો ટાઈમબોમ્બ વહેલો ફૂટવાનો ન હતો તે હવે વહેલો ફૂટી ગયો!

મિત્રો! આ બધી વાતો ઉપરથી આપણે એટલું જ નક્કી કરવાનું છે કે કર્માણુનો શાન્તિકાળ એટલે પ્રચણ્ડ પુરુષાર્થ જંગનો કાળ. અને બાહ્ય નિમિત્તો એટલે મોડા ફૂટનારા ટાઈમબોમ્બને વહેલો ફોડી નાખવાની તાકાત ધરાવતાં બળવાન તત્ત્વો!

જો આ બે વાત આપણને બરોબર સમજાઈ જશે તો જૈન દર્શનનું નિગૂઢ તત્ત્વજ્ઞાન આપણા હાથમાં આવી જશે. જગતમાં અને આપણા જીવનમાં બનતી ઘટનાઓ પાછળ કામ કરતું કર્મનું ગણિત બરોબર સમજાશે. આ સૂઝ જો પ્રાપ્ત થઈ જશે તો જીવન જબ્બર પલટો ખાશે–સદાચાર, સદ્વિચાર અને સદુચ્ચાર પ્રત્યે વિશિષ્ટ પ્રેમ જાગીને જીવન આખું ય સત્ બની જશે; સંતનું બની જશે.

## સંખ્યા નિર્ણય[૪૩]

અત્યાર સુધીમાં આપણે ચોંટતા કર્માણુનો સ્વભાવ કયો? કાળ કેટલો? અને બળ કેટલું? એ ત્રણ વાત વિચારી. હવે ચોંટતા કર્માણુના જથ્થાની સંખ્યા કેટલી? તે વાત વિચારીએ.

---

૪૩. પ્રદેશબંધ

સર્વત્ર ઠાંસીને ભરેલા પરમાણુના અને તેના જથ્થાના ૧૬ ગ્રુપની શરૂઆતમાં આપણે વિચારણા કરી ગયા. તેમાં આપણે એ જોયું કે સોળમા ગ્રુપનો કોઈ પણ જથ્થો અનંત પરમાણુનો જ બનેલો હોય છે. એટલે ચોંટતા પરમાણુનો સંખ્યા–નિર્ણય તો તરત થઈ શકે છે કે ચોંટતા કર્માણુના કોઈ પણ જથ્થામાં અનંત પરમાણુઓ જ હોય છે.

અહીં જીવાત્માને ચોંટતા કર્માણુ અંગેની ચારે ય વાતો પૂરી થાય છે.

સૂંઠના લાડુનું દૃષ્ટાન્ત લઈને આ ચારે ય વાતો આપણે વિચારીએ.

સૂંઠના લાડુનો સ્વભાવ શું ? તેનો કાળ કેટલો ? તેનું બળ એટલે કે તેનો રસ કેવો ? તેનું વજન કેટલું ?

આ ચાર પ્રશ્ન પૂછીએ તો એના જવાબો આ રીતે આપી શકાય કે સૂંઠના લાડુનો સ્વભાવ પેટના ગેસને દૂર કરવાનો છે; આ સૂંઠનો લાડુ પંદર દિવસ સુધી (કે એક માસ સુધી) સારો રહી શકે; એનો રસ એકદમ તીખો છે; અને એનું વજન સો ગ્રામ (કે દોઢસો ગ્રામ) છે.

આ સૂંઠના લાડુમાં જેમ ચાર વાત વિચારી તેમ કર્માણુના જથ્થા માટે આપણે ચારે ય વાત વિચારી ગયા.

[૬]

## જડશક્તિ

મિત્રો ! કર્મના અણુઓનું કેવું પ્રચંડ સામર્થ્ય છે એ તો હવે બરોબર જાણ્યું ને ?

સઘળા ય જીવાત્મા ઉપર કર્માણુઓના થરના થર જામેલા છે. જે આ બાહ્ય જગત દેખાય છે તે બધા ય સાથે સીધો કે દૂરનો પણ કર્માણુનો સંબંધ તો ખરો જ.

આકાશમાં સૂર્ય અને ચંદ્ર ખૂબ જ સમયસર પોતાનું કામ કર્યે જ જાય છે અને ભૂલોક ઉપર તૂટી પડતા નથી તેમાં ય આપણા કર્માણુનો પ્રભાવ તો ખરો જ.

સાગર માઝા મૂકતો નથી તે ય જીવાત્માના કર્માણુના કારણે.

વનની આગ વિશ્વમાં વ્યાપતી નથી; આખી દુનિયાને ડુબાડી દે તેવો વરસાદ વરસતો નથી; આખા વિશ્વને પોતાના પેટમાં સમાવી દે એ રીતે ધરતીકંપો થતા નથી; ચોમાસામાં બધી વીજળીઓ તૂટી પડતી નથી....આ બધી ઘટનાઓની

પાછળ સઘળા ય જીવાત્માના કર્માણુઓ ભાગ ભજવે છે. જીવાત્માઓના જીવનને ટકાવી રાખવાના જોરદાર સ્વભાવવાળા કર્માણુના ટાઈમબોમ્બ ફુટયા હોય ત્યારે બધા ય શી રીતે મૃત્યુની હોનારતમાં ધકેલાઈ જાય ! હા. કયારેક સાગર પણ મર્યાદા મૂકે છે, કયારેક ધરતી પણ કંપી ઊઠે છે, કયારેક વીજળી પણ કયાંક કડાકા કરતી તૂટી પડે છે....એ બધું અમુક ઠેકાણે અને અમુક સમયે જ થાય છે. એનું કારણ પણ એ જ છે કે એ સ્થાનના અને એ સમયના જીવાત્માઓનાં જીવન ઝડપથી પરવારી જવાનું નિર્માણ થયું હોય છે.

ટૂંકમાં, સમગ્ર વિશ્વનું સંચાલન કરવામાં કર્માણુઓનો ભારે મોટો હિસ્સો છે.

તમને કદાચ પ્રશ્ન થશે કે જે ઈશ્વરનું કાર્ય છે તે તમે કર્માણુને સોંપી દીધું ? કર્માણુ તો જડ છે ! જડમાં તે આટલી બધી શક્તિ હોઇ શકે ?

મિત્રો ! સ્પુટનિકયુગના માનવો આવો પ્રશ્ન કરે છે એ તો મારે મન ખૂબ જ આશ્ચર્યની બીના છે !

તમે મળશુદ્ધિ માટે પરગેટીવ ગોળી કયારેક લો છો ? પેટમાં ભેગા થએલા મળને ઊંચકીને બહાર ફેંકી દેવાની તેની તાકાત કેવી જોઈ છે ? તમે જાતે બે હાથેથી જે કામ કરી ન શકો તે કામ આ ગોળી કરી નાખે છે. ગોળી તો જડ જ છે ને ?

બીજી વાત કરું. ચપ્પુ જડ છે ને? અડાડો જોઉં તમારા શરીરે જરા જોરથી. જીવાત્મા ‘ એ ’ કરી મૂકે છે ને? બોલો, ચપ્પુ જડ નથી? છતાં એણે જીવાત્મા ઉપર કેવી જબ્બર અસર કરી!

મરચાની વાત કરો. એ પણ જડ જ છે ને? પણ જો એનો ભુકો તમે જીભ ઉપર મૂકો કે તરત આંખમાંથી પાણી નીકળવા લાગે. કેવું જાદુ!

તમે જે શબ્દ બોલો છો તે પણ જડ છે. માટેસ્તો યન્ત્રોમાં એને પકડી શકાય છે. આ જડ શબ્દની પણ કેટલી તાકાત છે? કોઈ તમને, ‘ કૂતરા ’ કહે તો? કોણ લાલ-પીળો થઈ જાય છે? કોણ હાથ ઉગામે છે? કોણ સામી ચાર સુણાવી દે છે? જીવાત્મા જ ને?

અને જો કોઈ, ‘ સજ્જન ’ કહીને સંબોધે તો? તમે કેવો માયાળુ દેખાવ કરો, કેટલા નમ્ર બનો, કેટલું સૌજન્ય દાખવો? આ બધું કોણ કરે છે? જીવાત્મા જ ને? કોના કારણે? જડ શબ્દના જ કારણે ને?

અરે! જુઓ આ પ્રદીપ ચશ્મા ઉતારી નાખે તો? કાંઈ જ ન વંચાયને? અરે! વાંચવાનુ વાંચીને જ્ઞાન કરવાનું કામ તો આત્માનું જ છે. જ્યાં આત્મા નથી ત્યાં આંખ અને ચશ્મા બધું ય હોય તો ય તે આંખ અને ચશ્મા ભેગા મળીને ય વાંચી શકતા નથી. પહેરાવોને કોઈ મડદાની સારી આંખે ચશ્મા!

તો પછી ચશ્મા કાઢી નાખવાની સાથે જ પ્રદીપ કેમ વાંચી શકતો નથી? અને પછી ફરી ચશ્મા આંખે લગાવી દેતાં પ્રદીપ કેમ વાંચવા લાગી જાય છે! ચશ્મા તો જડ છે ને! છતાં જીવાત્મા ઉપર કેટલી જોરદાર અસર છે કે એ આંખ ઉપર ચઢે કે તરત કર્માણુને ધક્કો લાગે અને આંખ ઉપરથી ઊતરી જાય કે તરત અંધારું થઈ જાય!

બીજી વાત લો. આ અજયનું શરીર તમને દેખાય છે ને? તે શરીરની અંદર આત્મા છે ને? શરીર પોતે તો આત્મા નથી જ ને? સારું. હવે અજયને આ થાંભલા સાથે દોરડાથી બાંધી દેવામાં આવે અને પછી એને કહેવામાં આવે કે, "અજય! તું દોડ જોઉં." એ વખતે અજય આપણને કહેશે કે "મને દોરડાથી બાંધ્યો છે તે શી રીતે દોડું?" તે વખતે હું અજયને કહીશ કે, "ભાઈ તું એટલે જીવાત્મા, તને એટલે કે જીવાત્માને ક્યાં દોરડે બાંધ્યો છે? દોરડું તો જડ છે એનાથી કાંઈ જીવાત્મા બંધાતો હશે? તું જ કહે છે ને કે જડની શી તાકાત છે કે એ જીવ જેવા જીવને કાંઈ કરી શકે?

તને નહિ પણ તારા શરીરને જ મેં બાંધ્યું છે ને? તો જે 'તું' છે તે ભલે દોડી જાય. દોરડું ય જડ છે, શરીર પણ જડ છે. એ બે ય ભેગા મળીને તને જીવને બાંધી શકે ખરા?"

મિત્રો! અજય બિચારો શું બોલશે? એને કબુલ કરવું જ પડશે કે દોરડું અને શરીર જડ છતાં તેનાથી જીવ બંધાઈ શકે

છે. તો આ રીતે શરીરની પણ અંદર રહેલા, જીવ સાથે એકમેક થઈ ગએલા કર્માણુ પણ જડ છે છતાં તેનાથી જીવ બંધાઈ શકે છે, એમાં હવે કોઇ આશ્ચર્ય થવું ન જોઈએ.

સ્પુટનિક યુગમાં જડની શક્તિ વિષે શંકા કરવી એટલે તમારે વિજ્ઞાનમાં શંકા કરવી, તમે મારું લખેલું, 'વિજ્ઞાન અને ધર્મ' પુસ્તક જોશો તો તેમાં તમને જડની શક્તિ અંગેના વૈજ્ઞાનિક મન્તવ્યો જાણવા મળશે. તમને તરત જ થશે કે શી અચિન્ત્ય તાકાત છે આ જડમાં ! વિજ્ઞાન જગતે પણ જડના અચિન્ત્ય સામર્થ્યના ચમકારા આપણને બતાડયા છે ને ? જગતના બે તત્ત્વો છે; જડ અને ચેતન. તેમાંના જડ જગતમાં વિજ્ઞાને કેટલોક વિકાસ સાધ્યો છે. જૈન દાર્શનિકો તો જડની અનંત શક્તિઓને ખુલ્લંખુલ્લા જણાવે છે. એટલું જ કે તે શક્તિઓના તેમણે ઉપયોગ કે પ્રયોગ નથી કર્યા કેમકે તેની પાછળ તેમણે ઘોર હિંસાનાં તાંડવ ખેલાતાં જોયાં છે. જૈનદર્શન આત્માના વિકાસને જ મહત્વ આપે છે. જડના સંયોગોથી પણ લોકો જે આનંદ પ્રાપ્ત કરે છે તે આનંદ તો જીવમાં જ પડેલો છે. કેરીમાં આનંદ નથી ભર્યો; પણ કેરી ખાનાર જીવમાં આનંદ પડયો છે. આ સ્વયંભૂ આનંદ જડના કોઇ પણ નિમિત્ત વિના ય અનુભવી શકાય છે. તેથી જ તે સહજ–નિરપેક્ષ સિદ્ધિ મેળવવા માટે જીવાત્મા ઉપર લાગેલા કર્માણુના જથ્થાઓને નેસ્તનાબૂદ કરી દેવાની પ્રક્રિયાને જ તેમણે બતાડી અને જડ જગતના ચમકારા તરફ ઉપેક્ષા કરી. પરન્તુ જડની અસાધારણ શક્તિની વાતો તો તેમણે કરી જ છે.

હવે કોમ્પ્યુટરની વાત કરું. ટાટા ઈન્સ્ટીટયુટમાં છન્નુ લાખ રૂપિયાનું એક કોમ્પ્યુટર યંત્ર આવ્યું છે. તે ફક્ત પંદર સેકંડમાં હજારો ગુણાકાર, ભાગાકારના જવાબ આપી દે છે ! સરવાળા બાદબાકી કરવાની એની ગતિ તો આથી પણ ઘણી વધુ છે. મિત્રો ! જેમાં જીવનો અંશ પણ નથી તે જડ યંત્રની શક્તિ તો જુઓ.

અરે ! એક કોમ્પ્યુટરને પૂછેલા પ્રશ્નની તમને વાત કરું. પછી તમને સ્વપ્નમાં પણ એ વિચાર નહિ આવે કે કમીણુ તો જડ છે એ શી રીતે જીવાત્માના જગતનું સર્જન કે વિસર્જન કરી શકે ?

એક સજ્જને કોમ્પ્યુટરની સલાહ લેવા પૂછયું કે, "મારી પાસે બે ઘડિયાળ છે. એક તો સાવ જ બંધ પડી ગયેલું છે, જ્યારે બીજું રોજ દસ સેકંડ પાછળ જાય છે; ફક્ત દસ સેકંડ. તો મારે કયું ઘડિયાળ મારા કાંડે બાંધવું ?"

મિત્રો ! કેવો પ્રશ્ન લાગે છે ? તમને તો સાવ મૂર્ખતાભર્યો જ લાગતો હશે. કેમકે એક ઘડિયાળ જ્યારે સાવ જ બંધ પડી ગયું છે અને બીજું ચાલતું ઘડિયાળ ફક્ત દસ સેકંડ પાછળ જાય છે ત્યારે તદ્દન સ્વાભાવિક વાત છે કે બીજું ઘડિયાળ જ પાસે રાખવું જોઇએ. કેમ ? તમે આમ જ કહો ને ? પણ મિત્રો ! જે યંત્રમાં જીવાત્મા નથી એ યંત્રે આ પ્રશ્નનો એવો જવાબ આપ્યો કે માનવનું ભેજું પણ તેવો જવાબ ઝટ તો ન જ આપી શકે.

તે કોમ્પ્યુટરે પેલા સજ્જનને કહ્યું કે, "એમાં શું પૂછવાનું હતું ? જે ઘડિયાળ બંધ પડી ગયું છે તે જ તમારે કાંડે બાંધવું જોઈએ કેમકે બંધ ઘડિયાળ દર બાર કલાકે એક વાર સાચો સમય બતાડશે જ્યારે દસ સેકંડ પાછળ જતું ઘડિયાળ તો બાર વર્ષે (બાર કલાક પાછું જઈને) એક જ વાર સાચો સમય બતાડશે !!!"

કેવો ગજબ જવાબ ! જડની જ શક્તિ છે ને આ બધી ? આમાં તો જીવાત્માનું કોઈ સીધું ચાલક બળ નથી. જ્યારે જડ કર્માણુની શક્તિ પાછળ તો જીવાત્માનું બળ કામ કરે છે. કેમકે એકલા કર્માણુ કાંઈ જ કરી શકતા નથી.

રશિયામાં જડ-યંત્રો આખાને આખા પુસ્તકના વિવિધ ભાષામાં ભાષાંતરો કરે છે, પંદર આંકડાને પંદર આંકડાથી ગુણતાં તેનો જે જવાબ આવે તે એક મિનિટમાં કોમ્પ્યુટરો આપી દે છે. આપણને તે ગણિત કરતાં ખાસ્સો એક કલાક તો લાગે જ. તો ય કદાચ જવાબ ખોટો પડી જાય.

અમેરિકા અને રશિયાના વૈજ્ઞાનિકો સ્વયંસંચાલિત રોકેટો અવકાશમાં છોડે છે. પ્રયોગ શાળામાં બેઠા બેઠા તેઓ જડ કિરણોને તે રોકેટ તરફ છોડે છે. તે કિરણો ત્યાં જઈને રોકેટના કાર્યોનું સંચાલન કરે છે. રોકેટના કૂતરાને ખાવાનું પણ તે આપે, ખાવાનું બંધ પણ તે કરે; ઉંઘાડી પણ તે દે અને જગાડે પણ તે જડ કિરણો જ.

જે કરોડો સોયોનું અમેરિકાનું લશ્કર રશિયાના રોકેટોને ખતમ કરવા ખડે પગે આકાશમાં ઊભું છે તે ય જડનું જ લશ્કર છે ને ?

બોલો હવે જડની શક્તિ માટે આનાથી વધુ માહિતી કે સાબિતિ તમારે જોઇએ છે ?

તો હવે તમને એવો કોઈ સંદેહ રહ્યો નથી ને કે કર્માણુ તો જડ છે તેનામાં જીવાત્માને પુરુષ મટાડીને સ્ત્રી બનાવવાની, જીવાડવાની, મારવાની, રાષ્ટ્રનો પ્રમુખ બનાવવાની, પ્રમુખ-પદેથી એકાએક ઉતારી પાડવાની, અંધ બનાવી દેવાની વગેરે વગેરે પ્રચણ્ડ શક્તિઓ શી રીતે સંભવે ? એટલે જડની પાછળ ઈશ્વરનું પ્રેરક-કર્તૃત્વ તો હવે માનવાનું ન જ રહ્યું ને ? નહિ જ ને ? બહુ સુંદર.

[૭]

# આધુનિક વિજ્ઞાન અને કર્મવાદ

મિત્રો ! લોકોને આધુનિક વિદ્યા ઉપર અંધ વિશ્વાસ છે માટે જ આ પ્રકરણ ખોલું છું. આજનો કોઈ પ્રયોગવીર જો કર્મના સિદ્ધાન્તને મંજૂરી આપે તો અર્વાચીન માનવને એ વાત ઝટ ગળે ઊતરી જાય છે. તેમાં ય વળી એ પ્રયોગવીર પરદેશનો હોય તો તો પછી વાર જ ન લાગે. પાણીનો ઘૂંટડો જે ઝડપથી ગળે ઊતરતો હોય છે ! એનાથી ય વધુ વેગથી પરદેશી પ્રયોગ-વીરની વાતો એને સમજાઈ જાય.

તમે પણ એ જ આધુનિકતાના ઉપાસક અર્વાચીન માનવો છો ને ? ચાલો ત્યારે, આપણે હવે પરદેશના પ્રયોગવીર એલેકઝાંડર કેનોનને સાંભળીએ. આ સજ્જન વશીકરણવિદ્યાના અઠંગ ઉપાસક હતા. એમણે વશીકરણના ઘણા પ્રયોગો કર્યાં છે. એ પ્રયોગોથી એમને જે કાંઇ જાણવા સમજવા મળ્યું તે બધું તેમણે 'ધ પાવર વીધીન' નામના પુસ્તકમાં લખ્યું છે. એ પુસ્તકના સોળમાં પ્રકરણમાં વશીકરણવિદ્યાથી જીવાત્માના પૂર્વજન્મની અને પુનર્જન્મની એમણે સિદ્ધિ કરી છે.

એ પ્રકરણ ઉઘાડતાં જ તેમણે કહ્યું છે કે, "એક સમય એવો હતો કે જ્યારે ઘણા વર્ષો સુધી પુનર્જન્મનો સિદ્ધાન્ત મારા માટે એક ભયાનક સ્વાનસમો બની રહ્યો હતો. તે વખતે હું આ સિદ્ધાન્તને તોડી પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેતો. હું તો વશીકરણવિદ્યાનો નિષ્ણાત હતો એટલે ઘણી વાર અનેક વ્યક્તિઓ ઉપર વશીકરણવિદ્યાના પ્રયોગ કરતો રહેતો અને તેમને ઘણી ઘણી વાતો પૂછતો પણ હતો. પરન્તુ જ્યારે પણ કોઈ વ્યક્તિ મને તેના પૂર્વજન્મની વાત કરતી ત્યારે હું તેમની વાતોને સખ્ત રીતે વખોડી નાખતો. પણ અફસોસ ! જ્યારે મારાઘણા બધા પ્રયોગોમાં એ જ વાત પુનઃ પુનઃ આવવા લાગી ત્યારે તો મારે પણ માનવું જ પડયું કે જરૂર પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવે છે."[૪૪]

આગળ વધતાં એ જ સોળમા પ્રકરણમાં શ્રી એલેકઝાંડર કેનોને બહુ સ્પષ્ટ શબ્દોમાં એ વાત કહી છે કે વર્તમાન

44. For years the theory of reincarnation was a nightmare to me and I did my best to disprove it and even argued with my trance subjects to the effect that they were talking nonsense. and yet the years went by, one subject after another told me the same story inspite of different and varied conscious beliefs. in effect until now, well over a thousand cases have been so investigated and I have to admit that there is such a thing as reincarnation. Power Within – Page 170

કાળનું જીવન જીવતો કોઈ પણ માણસ પોતાના વર્તમાન જીવનમાં જે કાંઈ સુખ કે દુઃખની લાગણીઓ અનુભવે છે તેનાં કારણો હકીકતમાં તો પૂર્વજન્મોમાં જ પડેલાં હોય છે. એ કારણો અને તે માણસના વર્તમાન જીવનમાં જોવા મળતાં આઘાતો અને પ્રત્યાઘાતોના કાર્યો વચ્ચે કોઈ સેતુ જરૂર છે જેને પૂર્વના દેશના લોકો 'કર્મ' ના નામે ઓળખાવે છે.

ઘણા માણસો પોતાના વર્તમાન જીવનમાં વારંવાર ત્રાટકતી આપત્તિઓનાં કારણોને સમજી શકતા નથી પરન્તુ પૂર્વજન્મનો સિદ્ધાન્ત એ કારણો શોધી આપે છે. શું સુખ કે શું દુઃખ-બે ય કાર્યોનાં કારણો તો અવશ્ય છે પછી તે કારણો જીવાત્માના વર્તમાન જીવનમાં જોવા ન મળે તો જન્માન્તરમાં તો હોય જ.[૪૫]

બાઈબલમાં વૈરના વિષયમાં સિંહ અંગેની જે વાત આવે છે, કે "હવે તે સિંહ વૈર લેવા માટે શાન્ત પડયો રહીને તેમની

45. This study explains the scales of justice in a very broad way showing how a person appears to suffer in this life as a result of something he has done in a past life through this law of action and reaction known iu the East as 'Karma' as to which a certain newspaper gives very interesting delineation day by day at the time of writing. Many a person cannot see why he suffers one disaster after another in this life, yet reincarnation may reveal atrocities commited by him in lives gone by.

રાહ જોતો બેસી રહેશે. " આ વાતને કર્મના જ તત્વજ્ઞાન સ્વરૂપે સરખાવી શકાય. વળી શું આ વાત બાઈબલના તે વિચાર ઉપર પ્રકાશ નથી પાથરતી કે, " જેવું માણુસ વાવે તેવું લણે. " આ જીવનમાં પણ પામે અને પૂર્વજીવનમાં વાવેલાં કર્મોનાં ફળ પણ આ જીવનમાં પામે.

બાઈબલની એ રજૂઆતમાં જે પણ ( also ) શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે જન્માન્તરનાં કર્મને જ સિદ્ધ કરે છે.[૪૬]

આ વિદ્યાના નિષ્ણાતો સેંકડો પ્રયોગોના અનુભવ પછી એવું સચોટ રીતે માને છે કે છઠ્ઠા નંબરના અત્યન્ત ઊંડા વશીકરણ પ્રયોગથી પૂર્વજન્મની વાત સિદ્ધ થઈ જાય છે અને તેથી તો વર્તમાનકાળના ગૂંચવણભર્યા અનેક પ્રશ્નોનો ઉકેલ લાવી શકાય છે. એવા અનેક માનવો છે જેઓ જાતજાતના ભયોથી સદા પીડાતા હોય છે. આવા માણુસો એ ભય વગેરેની ગ્રન્થિની પીડાનાં કારણો ઉકેલી શકતા નથી કેમકે તેમના વર્તમાન

46. The biblical version of Vengence as a lion shall lie in wait for them ( Eccl. 27, 28 ) can be interpreted as Karma. Does it not throw light on the Biblical passage " As a man sows so shall he also reap ' ( Gal, 6, 7 ) where the secret lies in the word ' also ' Probably implying that he not only reaps what he sows in this life but that which he has sown in former lives.–Power Within. P. 171

જીવનમાં તેનાં કારણો તેમને મળતાં જ નથી: અહીં જો વશીકરણ વિદ્યાનો આશ્રય લેવામાં આવે અને છઠ્ઠા નંબરનું વશીકરણ તેમની ઉપર સફળ થાય તો તેમના પૂર્વજન્મોની સ્મૃતિઓ ખડી થઈ જાય અને તેમાંથી વર્તમાનકાળની ભય ગ્રન્થિઓનાં કારણો પકડી શકાય.

આજનો બુદ્ધિવાદી માનવ માને કે ન માને પણ આ સિદ્ધાન્ત ઉપર તો આ લોકોએ અનેક માનવોની માનસિક યાતનાઓ સાવ મટાડી દીધી છે.

એલેકઝાંડર કેનોને પોતાના પુસ્તકમાં આ અંગેના પ્રયોગો રજૂ કર્યા છે. આપણે અહીં માત્ર બે જ પ્રયોગો જોઈશું.

એક માણસ હતો. તે કોઈ દિવસ લિફ્ટમાં ઊતરતો નહિ કેમકે તેને લિફ્ટ પડી જવાનો ખૂબ જ ભય હતો. એક વખત તે એક હિપ્નોટિસ્ટની પાસે ગયો. પોતાની સઘળી વાત કરી હિપ્નોટિસ્ટે બધી પૂછપરછ કરી; પરન્તુ તેના વર્તમાન જીવનમાં તો તે ભયનું કોઈ કારણ જોવા ન મળ્યું. પછી તેને સુવડાવી દેવામાં આવ્યો, અને ઊંડું વશીકરણ કરવામાં આવ્યું. પૂર્વ-જન્મની સ્મૃતિઓ જાગતી ગઈ. તેમાં એક વાર તેણે પોતાને ચાઇનીઝ જનરલ તરીકેનું જીવન જીવતો કહ્યો. એણે કહ્યું કે, “ હું ખુબ ઊંચા મકાન ઉપરથી અકસ્માત્ પડી ગયો અને મારી ખોપરી ફાટી ગઈ. તત્કાળ મારું મૃત્યુ થઈ ગયું. ”

આટલું સાંભળીને તે હિપ્નોટિસ્ટે તેને ઉઠાડી મૂકયો. અને તેને કહ્યું કે, “ચાઈનીઝ જનરલ તરીકેના તમારા જીવનમાં

ઉપરથી નીચે પડી જવાની જે ઘટના બની છે એના દઢ સંસ્કારો તમારામાં પડી ગયા એ જ સંસ્કારો તમને આજે લિફ્ટ સાથે નીચે પડી જવાની બીક જાગ્રત કર્યા કરે છે.

બીજો એક બાઈનો કિસ્સો છે. તે બાઈ પાણીથી ખુબ ગભરાતી હતી કોઈ નદી, સમુદ્ર, તળાવ કે કૂવા પાસે જતી ન હતી. તે પણ એ હિપ્નોટિસ્ટને મળી. તેને પણ તેણે સુવડાવીને પૂર્વજન્મની સ્મૃતિઓ ખડી કરવાનું ચાલુ કર્યું. એમાં એનો એક એવો પૂર્વજન્મ પકડાયો જેમાં તે સ્ત્રીનો જીવાત્મા રોમ દેશમાં પુરુષ ગુલામ તરીકેનું જીવન જીવતો હતો. ત્યાં કોઈ અપરાધને કારણે તેના પગે સાંકળો નાંખીને તેને ઊંડા પાણીમાં ઉતારવામાં આવ્યો. તે માણસ પાણીમાં ગૂંગળાઈને મરી ગયો. આ ઘટના ઉપરથી હિપ્નોટિસ્ટે તે બાઈને નક્કી કરી આપ્યું કે પાણી પાસે જતાં જે ભય લાગે છે તે ભયના સંસ્કાર તેના પૂર્વજન્મમાં બદ્ધમૂલ થઈ ગયા હતા. આ સિવાય ગભરાટનું બીજું કોઇ કારણ નથી.

મિત્રો ! જૈનદાર્શનિકો આત્મા, પૂર્વજન્મ, પુનર્જન્મ અને કર્મની જે વાતોને નિઃશક રીતે માને છે તે વાતોને આજ સુધી તો યુરોપીય ધર્મોમાં કોઈ સ્થાન જ ન હતું. પણ હવે તો આ અંગેનો ઉહાપોહ બુદ્ધિમાન જગતમાં થવા લાગ્યો છે. હવે એ લોકો વિચાર કરે છે કે, “ આત્મા છે કે નહિ ? આ જીવન પછી કોઈ જીવન છે કે નહિ ? કે પછી અહીં જ આપણો સર્વથા

વિનાશ થઈ જાય છે ? જો તેમ ન થતું હોય તો મૃત્યુ પછી આપણું શું થાય છે ? ”[૪૭]

જેમની ઉપર ઊંડા વશીકરણના પ્રયોગ કરવામાં આવ્યા છે એમાનાં ઘણાને આત્માની સત્યતા અને નિત્યતા માટે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ત્યારે તે બધાએ બહુ સાફ શબ્દોમાં એ વાત કરી છે કે, “અમે જીવાત્મા મરતા જ નથી, અમે તો શાશ્વતકાળ સુધી રહીએ છીએ. તમારી મોટી દુનિયાને આ શબ્દોથી અમે ઘણી મહાન સત્ય વાત કહેવા માગીએ છીએ કે આત્મા અમર છે.”[૪૮]

પૂર્વજન્મની વાતો કરતી વ્યક્તિઓ કહે છે કે, “ તમે અમને કદાચ પૂછશો કે, “આત્માનું અમરત્વ એ શું વસ્તુ છે ?

---

47. To turn for the moment to a wider aspect of reincarnation, where we die ? are we extinct ? what happens after death ? There are great questions, and to-day they are engaging the attention of men as never before in the history of world.

Power Within – Page 173

48. We do not die ! We live on through the ages into eternity. The voice is the instrument whereby, we, the Greater world, can make known unto you the great truths of Eternity in language form.

Power Within – P. 174

તો અમે તમને કહી શું કે મર્યાદાનું મૃત્યુ એ જ એનું અમરત્વ છે."[૪૯]

આ વિષયમાં તો ઘણું ઘણું તમારે જાણવું જોઇશે. એ માટે તમે મારું લખેલું 'વિજ્ઞાન અને ધર્મ' નામનું પુસ્તક જોઈ લેશો તો તમને ખુબ જ સંતોષ થશે.

અહીં તો મારે તમને એટલું જ જણાવવાનું છે કે ભગવાન જિને જીવાત્મા, કર્મ અને પૂર્વજન્મ, પુનર્જન્મની જે વાતો કરી છે તેને આજના વૈજ્ઞાનિક પ્રયોગવીરો માનવા લાગ્યા છે. તેમણે હવે આત્માનું અસ્તિત્વ સ્વીકાર્યું છે, એને નિત્ય પણ કબૂલ્યો છે. એની ઉપર કર્મની અસરોને પણ નિઃશંક રીતે કબુલી છે. અહીં તો આપણે એટલું જ કબુલવાનું છે કે ભગવાન જિનનો કર્મવાદ આજે ગંભીરતા સાથે વિચારાઈ રહ્યો છે.

49. What is eternity? Immediately the answer comes, "Eternity means the cessation of limitation."

Power Within – P. 174

[૯]

## જીવાત્માનાં બે સ્વરૂપ : અસલી અને નકલી

કર્મવાદનો વિચાર શરૂ કરતાં જ આપણે જોઈ ગયા કે જીવાત્મા એ હકીકતમાં તો પરમાત્મા જ છે. એનું પોતાનું અસલ સ્વરૂપ તો તદ્દન શુદ્ધ છે. પરન્તુ એની ઉપર સોળમા ગ્રુપની કાર્મિક રજકણોના થરના થર જામવાને લીધે તેનું અસલ સ્વરૂપ દબાઈ ગયું છે; અને નકલી સ્વરૂપ દેખાવા લાગ્યું છે.

જીવાત્મા સ્વયં પરમાત્મા છે. તેના અસલી સ્વરૂપમાં તેને કોઈ નામ નથી, ગામ નથી, કશું જ નથી છતાં તેના નકલી સ્વરૂપમાં તે યોગેશ કહેવાય છે, મુંબઈનો વતની કહેવાય છે.

અનંત સુખસ્વરૂપ દુઃખી કહેવાય છે.

સર્વથા નિરોગી રોગી કહેવાય છે.

પોતે પુરુષ ન છતાં પુરુષ કહેવાય છે, પોતે સ્ત્રી ન છતાં સ્ત્રી કહેવાય છે, ભિખારી ન હોવા છતાં ભિખારી કહેવાય છે.

આ રીતે જીવાત્માના બે સ્વરૂપ જુદા પાડનાર પેલી કાર્મિક રજકણો જ છે. જ્યારે એ બધી જ રજકણો આત્મા ઉપરથી દૂર થઈ જાય છે, ખરી પડીને ફરી આકાશમાં વેરાઈ જાય છે ત્યારે જ જીવાત્માનું પરમાત્મભાવનું અસલી સ્વરૂપ પ્રગટ થાય છે.

આપણે પૂર્વે જોઈ ગયા કે સોળમા ગ્રુપના કર્માણુ જ્યારે ચોંટે છે ત્યારે જ તેનો સ્વભાવ નિર્ણય છે. સામાન્યતઃ તેના આઠ સ્વભાવો હોય છે. જીવાત્માને (૧) અજ્ઞાની બનાવવાનો (૨) અંધો બનાવવાનો કે પ્રમાદી વગેરે બનાવવાનો (૩) સંસારના સુખમાં સાવ પાગલ બનાવીને સ્વાર્થાન્ધ બનાવવાનો, મોજશોખી બનાવવાનો, કામી-ક્રોધી બનાવવાનો કે રાગીદ્વેષી બનાવવાનો (૪) કૃપણ, દરિદ્ર, પરાધીન કે દુર્બળ વગેરે બનાવવાનો (૫) શરીર-સુખી કે દુઃખી બનાવવાનો (૬) જન્મ-જીવન કે મૃત્યુવાળો બનાવવાનો, (૭) શરીર, ઇન્દ્રિયો, યશ-અપયશ, સૌભાગ્ય વગેરેથી યુક્ત બનાવવાનો (૮) ઊંચ કે નીચકુળવાળો બનાવવાનો.

પણ જ્યારે આ આઠે ય સ્વભાવવાળા બધા જ ક્રમાણુઓની જીવાત્મા ઉપરથી જડ ઊખડી જાય છે ત્યારે જીવાત્મા પોતે પરમાત્મા બને છે અને પછી તેના પોતાનામાં જ કર્માણુથી દબાઈ ગએલા આઠ મહાન ગુણો પ્રગટ થાય છે. (૧) તે પૂર્ણજ્ઞાની બને છે (૨) પૂર્ણદર્શની બને છે (૩) સર્વથા રાગ-દ્વેષાદિ વિનાનો બને છે (૪) પૂર્ણ પરાક્રમી વગેરે બને છે (૫) પૂર્ણ સુખી બને છે (૬) અવિનાશી બને છે (૭) અરૂપી બને છે (૮) અને વિલક્ષણ પ્રકારની સિદ્ધિ[૫૦] પ્રાપ્ત કરે છે.

આમ કર્માણુનો નાશ થતાં પરમાત્મા બનનાર જીવાત્મા પોતાની અતિભવ્ય સહજદશાને પ્રાપ્ત કરે છે.

---

૫૦ અગુરુલઘુ સ્થિતિ

[૯]

## કર્મમુક્તિનો ઉપાય

મિત્રો ! કર્મવાદ ઉપર આપણે ઠીક ઠીક વિચારણા કરી. સઘળા ય જીવાત્મા ઉપર કર્માણુનું પ્રભુત્વ છે તે પણ જોયું. સમગ્ર વિશ્વનું સંચાલન કર્માણુ કરે છે તે ય વિચાર્યું.

આ એક મોટી આફત છે કે અનંત સુખસ્વરૂપ જીવાત્માને આ રીતે કર્મરાજની સત્તામાં રહેવું પડે અને જન્મ મરણના રોગ શોકના દુઃખોમાં ઝીંકાવું પડે. આ ખુબ જ આઘાતજનક બાબત તો ખરી જ. વળી એ કર્મરાજ ખુશ થઇને જાણે આપણને રાષ્ટ્રપતિનું સિંહાસન આપે કે એડ્રુન્ઝ કાર્નેગીનો પુત્ર બનાવે તો ય શું ? એની નજર કેદ તો ખરી જ ને ? એવા નજર-કેદના લાખ સુખ પણ ડાહ્યા માણસને મન તો રાખ સમાન જ ને ?

આ કર્માણુની ચુંગાલમાંથી છૂટવું શી રીતે ?

છે કોઈ કર્મને મહાત કરે તેવી ચીજ જગતમાં ?

છે કોઈ માડીજાયો કે જે કર્મરાજની છાતીને પોતાના વાઘનખથી ચીરી નાખે ! એને મડદું કરીને ધરા ઉપર ઢાળી દે !

આનો ઉત્તર એક જ છે કે કર્મની સામે વિજયવંતી લડત આપી શકનાર તત્ત્વ તો એક માત્ર ધર્મ છે. માત્ર એ ધર્મરાજ કર્મરાજનો ખાત્મો બોલાવી શકે.

શું છે એ ધર્મ ?

મિત્રો ! સારો આચાર, સારો વિચાર અને સારો ઉચ્ચાર એ ધર્મ છે. સર્વથા સારા આચાર–વિચારને રાખનારા સંતો કહેવાય છે જેઓ આજે પણ ભારતની ભૂમિને પાવન કરતા એક ગામથી બીજે ગામ ફરે છે. એમને કોઈ ઘરબાર નથી, કોઈ પરિવાર નથી, કંચન કામિનીના એ ત્યાગી હોય છે, ઈન્દ્રિયોના એ વિજેતાઓ હોય છે, સારી કે માઠી કોઈ પણ પરિસ્થિતિમાં તેઓ પોતાના ચિત્તની સમતુલાને જરા પણ ગુમાવતા નથી.

કોઈ પણ જીવની મનથી પણ તેઓ હિંસા કરતા નથી, કદી જૂઠ બોલતા નથી, ચોરી તો સ્વપ્નમાં ય ન કરે, મૈથુનનો તો વિચાર પણ ન કરે અને કોઈ પણ વસ્તુ ઉપર તેમને મમત્વ ન હોય. આવું ખુબ જ કષ્ટી જીવન જીવતા સંતો કર્મરાજના સૈન્યનો ભયંકર ખુડદો બોલાવતા જ રહે છે.

પરન્તુ જેઓ આટલી બધી–પૂર્ણતાને પામેલી–અહિંસા વગેરે પાળી શકતા નથી તેઓ પણ અંશતઃ અહિંસા વગેરે પાળે છે અને ઘરબારી તરીકેનું ગૃહસ્થ જીવન જીવતા જીવતા પણ કર્માણુના ભુક્કા બોલાવતા રહે છે.

પરન્તુ કેટલાક તો વળી અંશતઃ અહિંસા વગેરે પણ પાળી ન શકે એવા જીવાત્માઓ હોય છે. આ લોકો સંતો અને સદાચારી ગૃહસ્થોના જીવનની ખૂબ ખૂબ પ્રશંસા કરે છે, એમની ખૂબ સેવા કરે છે અને પોતે એવું ભવ્ય જીવન પામવા માટે કાયર છે એ બાબતને સ્વીકારીને અંતરથી રડ્યા કરે છે.

આ ત્રણે ય કક્ષાના આત્માઓ કર્મરાજના કટ્ટર શત્રુઓ છે. અહિંસા વગેરે ધર્મોનું સેવન કરનારા અને એ ધર્મોનું એવી પરિસ્થિતિને કારણે સેવન ન કરવા છતાં એ ધર્મોના કટ્ટર પક્ષપાતીઓ કર્માણુના ઢેરના ઢેરને આગ લગાડતા રહે છે.

મિત્રો ! સદાચારના ધર્મ પ્રત્યેનો કટ્ટર પક્ષપાત એ જ કર્માણુની છાતીને ઊભીને ઊભી ચીરી નાખવા માટેનું પ્રથમ અને પ્રબળ શસ્ત્ર છે.

એ પછી જેમ ઉપર ઉપરની સાધનાઓ પ્રાપ્ત થતી જાય તેમ બળ વધતું જાય. પણ જેને એ સાધનાઓ શકય જ નથી તે આત્મા પણ ઘરમાં રહેવા છતાં ય જો સંતો અને સદાચારી ગૃહસ્થોના જીવનને અંતરથી અંજલિ અર્પતો રહે તો તે પણ કર્માણુની ચુંગાલમાંથી વહેલામાં વહેલી તકે મુક્ત થાય.

એટલે બધા શ્રેષ્ઠ કક્ષાના ગણાતા ધર્મોને મેળવી આપનારો અને બધા શ્રેષ્ઠ ધર્મોની સાધનાને સફળ બનાવનારો જો કોઈ ધર્મ હોય તો તે સદાચારીઓને 'નમસ્કાર' કરવાનો ધર્મ છે. જેને બધા પ્રકારના સદાચારીઓ તરફ આદરભાવ જાગે છે તે આત્મા જ પોતાના જીવનની કામવૃત્તિઓ અને

અશુભ પ્રવૃત્તિઓથી મુક્ત થવાનું વિરાટ બળ પ્રાપ્ત કરે છે અને એક વખત તે જીવાત્મા પણ પોતાની સુંદર વિનમ્રતાના કારણે સદાચારીની ઉત્તમ કક્ષામા આવી જાય છે.

મિત્રો ! તમે પણ કર્માણુની ભીંસમાંથી મુક્ત થવા ઇચ્છતા હો તો તમારે પણ શુદ્ધ આચાર, વિચાર અને ઉચ્ચારની જીવન સ્થિતિને પામેલાઓને અંતરથી નમસ્કાર અર્પવો જોઈએ.

કર્માણુના ભરડામાંથી મુક્ત થવા માટે આજ કે આવતી કાલ સંત બનવું જ પડશે. પરન્તુ સંત બનવા માટે આજે જ અને અત્યારે જ કોઈ સંતના સાચા સેવક બની જવું પડશે.

કર્મ એ કેવી જડ શક્તિ છે તે હવે તમે સારી રીતે સમજ્યા છો એનું સામ્રાજ્ય જીવાત્મા ઉપર સદા કેવું ફેલાએલું છે અને એ કેટલું ભયંકર છે તે તમે જાણી શક્યા છો. તો હવે તમે માનવ જીવનનું મૂલ્ય સમજી શકશો ? મિત્રો ! હવે તમને એમ તો સતત લાગ્યા કરશે ને કે ગમે તે પળે, ગમે ત્યાં, ગમે તે સ્થિતિમાં આપણને ઝીંકી દેવાની પ્રચણ્ડ તાકાત આપણને ચોંટેલાં કર્માણુમાં જ રહેલી છે ? ( ૧ ) માટે કોઈ પણ દુઃખદ સ્થિતિ આવી પડે ત્યારે હવે પછી કોઈ પણ બીજી વ્યક્તિને દોષ ન દેતાં જાતની ભૂલોને જ દોષ દેજો કે જેણે દુઃખ દેવાના સ્વભાવવાળા કર્માણુને જીવાત્મા ઉપર ચોંટાડી દીધા !

જો તમે આ રીતે તમારી જાતને જ ગુન્હેગાર ઠરાવવાની સાચી કળા શીખી લેશો તો ગમે તેવા દુઃખદ પ્રસંગોમાં તમારું

ચિત્ત ચકરાવે નહિ ચડે, સંયોગોને ગાળો નહિ દે, કોઈ પણ વ્યક્તિ ઉપર હુમલો નહિ કરે. (૨) અને જ્યારે સુખ દેનારા કર્માણુના ટાઈમબોમ્બ ફુટયા હોય ત્યારે તમારે એ વિચાર કરવો કે આ કર્માણુ પણ તેમનો કાળ પૂરો થતાં જ સુખ આપવાનું બંધ કરશે માટે એક દી આ સુખો પણ ચાલ્યાં જવાનાં છે માટે તેને શાશ્વત માનીને તેમાં પાગલ બની જવાની કશી જરૂર નથી. આમ આજે જગતના શ્રીમંતો, સત્તાધીશો વગેરે શ્રીમંતાઈના કે સત્તાના સુખમાં જે રીતે છકી જાય છે તે રીતે તમે છકી જશો નહિ. શું સુખ કે શું દુઃખ–એ ય માં તમારી ચિત્ત સ્થિતિ એક સરખી જ રહેશે.

જ્યારે આ રીતે તમે સ્વસ્થ બનશો ત્યારે તમને જગતનું દર્શન કરવા માટે આંખો મળશે. કર્મથી પીડાતા લોકોની ભયંકર દશા જોવા મળશે. કર્મના ગુન્હામાં સપડાએલા દુઃખિતોની ચીચીઆરીઓ તમારા કાને અથડાશે; એમની કરુણ કથનીઓ તમને સાંભળવા મળશે....અને એ વખતે તમારાં અંતર રડી ઊઠશે; તમે એ દુઃખિતોના સુખ ખાતર તમારી સંપત્તિ ન્યોચ્છાવર કરી દેવા ઊભા થઈ જશો. એમની ઝૂંપડીએ દોડી જવા તમારા પગ ઉતાવળા થઈ જશે.

જેને કર્મનું તત્ત્વજ્ઞાન સમજાય છે અને જે પુરુષાર્થવાદને જીવનમાં આત્મસાત્ કરે છે તે જ સ્વસ્થ રહીને અનેકોના સુખની કાળજી કરી શકે છે.

મિત્રો ! ભગવાન જિને બતાવેલો કર્મવાદ આખા જગતમાં ફેલાય અને જો સહુ એને સમજે તો જે નિષ્ક્રિય હોય તે સક્રિય બની જાય, જે દુઃખમાં પોક મૂકીને રડતો હોય તે શાન્ત થઈ જાય; સુખના કાળમાં જે 'કીસીકી પરવા નહિ' નું જીવન જીવતો હોય તે ચેતી જાય અને જાતની પરવાહ કરવાની માંડવાળ કરી સહુની ચિંતા કરવા લાગી જાય.

સહુ એક બીજાને ચાહવા લાગે, સહુ એક બીજાને સમજવા લાગે. સહુ સક્રિય બની જાય, સહુ સદાચારના સંત-પંથે પ્રયાણ આદરવાની ભાવનાવાળા બની જાય.

જગત આખું સદાચારીનું બને. દુરાચાર કે દુષ્ટ વિચાર ક્યાં ય જોવા ન મળે.

જગતની એ મંગળમયી અવસ્થા જોવા માટે ચાલો આજથી જ, અત્યારથી જ, આપણી જાતને મંગળમયી બનાવીએ. કેમકે જગતનો જ એક અવિભાજ્ય અંશ આપણી જાત છે. જાતથી જ સત્‌ના જીવનનો આરંભ થાય. અને એ જ સત્ વ્યાપતું વ્યાપતું જગતમાં વ્યાપી જાય.

સર્વ જીવો સુખી થાઓ.
સર્વ જીવો કર્મવાદને જાણો.
સર્વ જીવો પુરુષાર્થમૂર્તિ બનો.
સર્વ જીવો સંતના સાચા સેવક બનો.

**હવે પછી :**

**લે મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી**

**૧. અનન્તનાં પાત્રો :** મૂલ્ય ૨–૦૦

ભગવાન મહાવીરદેવ અને તેમના સમકાલીન ઓગણીસ આત્માઓને અનુલક્ષીને આ પુસ્તક લખાયું છે. અજય અને સંજય નામના બે કાલ્પનિક પાત્રો મગધના માર્ગો ઉપર ફરતા રહે છે અને ત્યાં કોઈ ને કોઈ પાત્રનો સમ્પર્ક થાય છે. પછી એ પાત્ર જૈનધર્મના કોઈ વિશિષ્ટ તત્ત્વજ્ઞાનની છણાવટ કરે છે. આ પુસ્તકના કેટલાંક પાનાં તો એટલી બધી કરુણતાથી છાઈ ગયાં છે કે આપ કયાંયને કયાંય આંખો અશ્રુભીની કર્યા વિના રહી જ ન શકો.

**૨. વિજ્ઞાન અને ધર્મ :** મૂલ્ય : ૫–૦૦

વૈજ્ઞાનિકોએ હજી આજે જે સિદ્ધાન્તોને કે જે વિચારોને અપનાવ્યા તે બધા ય ભગવાન મહાવીરદેવ તો અઢી હજાર વર્ષ પૂર્વે જ કહી ચૂકયા હતા. આવી ચાલીસ બાબતો ઉપર અહીં પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

ગમે તેવો ધર્મદ્વેષી પણ આ ગ્રન્થની યુક્તિ-પ્રયુક્તિઓથી અને અંગ્રેજી પુસ્તકોના સાક્ષીભૂત સચોટ અવતરણોથી ઠંડો પડી જશે. ભગવાન મહાવીરદેવને ભાવભરી વંદના અર્પી દેશે.

**૩. મહાભિનિષ્ક્રમણ :** મૂલ્ય : ૨–૦૦

પૂજ્યોના જીવનને ખૂબ જ ઉપયોગી નીવડે તેવું ચિંતન મંથન આ પુસ્તકમાં ઠાંસીને ભરવામાં આવ્યું છે.

## લેખકશ્રીનાં પ્રકાશનો

૧ સાધનાની પગદંડીએ
૨ શરણાગતિ
૩ વિરાગની મસ્તી
૪ ઊંડા અંધારેથી...
૫ અધ્યાત્મસાર—ભાવાનુવાદ
૬ ગુરુમાતા
૭ વિરાટ જાગે છે ત્યારે
૮ વંદના
૯ મહાપંથનાં અજવાળાં
૧૦ જૈનદર્શનમાં કર્મવાદ

## હવે પછી :

૧૧ મહાભિનિષ્ક્રમણ
૧૨ અનન્તનાં પાત્રો
૧૩ વિજ્ઞાન અને ધર્મ
૧૪ વૃત્તિ સંઘર્ષ
૧૫ જાગતા રે'જો
૧૬ નમસ્કારભાવ
૧૭ અધ્યાત્મસાર—વિવેચના
૧૮ ન્યાય સિદ્ધાન્ત મુક્તાવલિ—વિવેચના

મૂલ્ય : ૧-૫૦